☞ સુધરેલી રીત મુજબ ☜

વર્નાક્યુલર ટેકસ્ટ બુકસ રીવિઝન કમિટિએ તૈયાર કરેલી

પાંચમી ચોપડીના અર્થ.

(જેની અંદર અર્થ; કવિતાની પ્રસ્તુતી; વ્યુત્પત્તિ; પાઠના સવાલ તથા સાર; અપૂર્ણાંકના નિયમ; બ્રિટિશ હિંદના રાજકીય ભાગ.)

રચનાર—મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કું.

રચનારનું ઠેકાણું-શાહપોર-સુરત

પ્રસિદ્ધ કર્તા—C. M. Shah.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું-શાહપોર-સુરત

આ પુસ્તક સને ૧૮૬૭ના ૨૫મા એક્ટ મુજબ રજીસ્ટર કરાવ્યું છે.

છાપનાર—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.

છાપવાનું ઠેકાણું-શ્રી "શંકર" પ્રીન્ટીંગ પ્રેસ.

ચકલાના પુલ ઉપર [illegible] પાસે-સુરત.

સંવત ૧૯૮૬] કિંમત રૂ। ૦-૮-૦ [સને ૧૯૩૦

પાંચમી ચોપડીના અર્થ

પાઠ ૧.

મરદાઈ=બહાદુરી

કેવળ=એકલા

દૃઢ=અચળ; મજબુત

સ્નાયુ=માંસના તંતુ; જે તંતુ વડે હાડકાને માંસના લોચા વળગેલા રહે છે તે

દાબ=કબજો; અંકુશ

કેળવણી=શિક્ષણ

ભેદ=જુદું કારણ; તફાવત

પ્રયત્ન=(પ્ર+યત્ન)=પરિશ્રમ; ઘણી મહેનત

મલખમ=કસરત માટે દાટેલું ઉભું ગોળ લાકડું

આટાપાટા એક જાતની રમત

ક્રિકેટ=બોલબેટની રમત

ચરબી=ચામડીની નીચે ઠરેલો ચીકણો પદાર્થ

બ્રહ્મચર્ય=સ્ત્રી સંગથી દૂર રહેવું તે; જનોઇ દે ત્યારથી પરણતાં સુધીનો વિદ્યાભ્યાસનો વખત

અંકુશમાં=તાબામાં; કબજામાં; દાબમાં

રોદણાં=રડણાં

બડબડાટ=નારાજ થઈ મનમાં બબડવું તે

ખંતીલા કાળજીવાળા

દ્વેષ-કીનો; અદેખાઈ

છળકપટ દગોફટકો

આચકો ખાશે=અટકશે

અણઘટતો-અયોગ્ય

બલ્કે=એટલું નહિ પણ વધારે

ખસુસ=ખાસ

નકલ=કોપી; ઉતારો; બીજાનું જોઈ ચાલવું તે

અનીતિ ખરાબ ચાલ

આયુષ્ય=આવરદા

સવાલ—કેળવણી કેટલા પ્રકારની છે? શરીરની કેળવણી કેવા પ્રકારે થાય છે અને તેથી શા ફાયદા થાય છે? મનની કેળવણીમાં નીતિ કેળવવા પર શા માટે વધારે લક્ષ આપવું? સારી રીતે મન કેળવવાથી શા શા લાભ થાય છે? અનીતિએ ચાલનારની શી દશા થાય છે? માણસમાં કયા ગુણ હોય તો મરદાઈ કહેવાય?

પાઠ ૨.

સમયસૂચકતા=અટનો ઉપાય જલદી સૂઝે એવી બુદ્ધિ;
અકસ્માત=એકાએક અણધાર્યો બનાવ
અણધાર્યું=ઓચિંતું
સાવધાન=સાવચેત
ઘુમટ=અર્ધગોળ શિખરવાળું ઢાંકણ
ભાત=તરેહ; ચિત્રામણ
ગરક=ગરકાવ; લીન
ફરસબંધી=પત્થર જડેલી જમીન
આંખ=નજર; નીચા
રદ=ખરાબ
જાતિ સ્વભાવ=મૂળ ખાસીયત
આતુરતા=ઇંતેજારી
મુંગે મોઢે=જાણવા છતાં; બોલ્યા વગર
દાનવ=રાક્ષસ
પ્રસન્ન=ખુશ
સ્વસ્થ=હતો [illegible] ને તેમ; ગભરાયા વગર; શાંત

સવાલ—કોઈ પણ ઉપાય મનની કેવી સ્થિતિમાં સૂઝે છે? સંકટ વખતે સમયસૂચકતા વાપરવા માટે શું કરવું?

પાઠ ૩.

અસ્વચ્છ હવા=કાર્બોનિક એસિડગ્યાસ કે દુર્ગંધવાળી ખરાબ હવા
વાટે=રસ્તે
ઓરવાડ=ઓરડું
વાતાવરણ=વાનું આવરણ; પૃથ્વીની આસપાસ વીંટળાયલો વાયુ
પ્રયોગ=અજમાયસ
સિદ્ધ=સાબિત; પુરવાર
પ્રાણવાયુ=ઓક્સિજન; પ્રાણને આધાર આપનાર વાયુ
શુદ્ધ=ચોકખો
કુદરતે=ઇશ્વર શક્તિએ
પરિણામ=ફળ; છેવટ
તંદુરસ્તી=આરોગ્યતા
જળવાય=સચવાય
સોઈ=જોગવાઈ; સગવડ
ચમકાર=ચીનગી
મુંઝાઈએ=ગુંગળાઈએ
ધુંધવાતું=ધોમાતું [એવો ધુમાતો ધુમાડો નીકળે
બદબો=ખરાબ વાસ; દુર્ગંધ
સંભવ=આશા
શ્વાસ=દમ

સવાલ—બંધિઆર ઘર કે ભોંયરામાં જતાં પહેલાં શું કરવું? અંધારી ઓરડીમાં ૧૪૬માંથી ઘણા અંગ્રેજો શાથી મરી ગયા? હવા શાથી સુધરે છે?

પાઠ ૪.

જવાંમર્દ=બહાદુર; જુવાન પુરુષ
જવલ્લેજ=ભાગ્યેજ
આયર્લાંડ=ગ્રેટબ્રિટનની પશ્ચિમમાં બેટ છે તે

સુકાની=સુકાન ફેરવનાર
ભડકો=બળતું
ફરજ=કર્તવ્ય; ધર્મ
પાળણ પોષણ=ગુજરાન
તૂતક=વહાણમાં ઉતારૂ-ઓ માટેની બેઠક
સહીસલામત=જેવો ને તેવો; સુખરૂપ
ઓથું=પડદો; આડું પડ
ધૈર્ય=ધીરજ; શાંતિ
દુવા=આશિર્વાદ
નિશાની=ઇશારત
સુખરૂપ=સહીસલામત
ખડક=પાણીમાંનો ડુંગર
આંચ=હરકત; નુકસાન
દરકાર=પરવા
પહેલવાન=કુસ્તીબાજ; જવાંમર્દ
ભરદરીએ=દરીઆની અધવચ્ચે
નોંધ=લખાણની યાદી
શુરવીરપણું=બહાદુરી
શ્રદ્ધા=ભરોસો; વિશ્વાસ
દૃઢતાથી=મજબુતપણે

સવાલ—લડાઇ સિવાય બીજી કઇ કઇ બાબતોમાં શુરવીરપણું ગણાય છે ? જોન ક્રેકેનના વૃત્તાંતમાંથી આપણને શી શિખામણ મળે છે ?

પાઠ ૫.

~~ગુરુભક્તિ~~=ગુરુને માટે માન અને પ્રેમ
ધર્મ=ફરજ; કર્તવ્ય
ભાગવત=હિંદુધર્મનું પુસ્તક; શ્રીકૃષ્ણનું જન્મ ચરિત્ર
ગુરૂપત્ની=ગુરૂની સ્ત્રી
બક્ષી=કરી
સરત=હોડ; હારજીત
કાટકા=મોટા અવાજ; કડાકા
મુસળધાર=સાંબેલાના જેવી જાડી ધારમાં પડયા કરતો એવો
અંધકાર છવાઇ ગયો=અંધારૂં થઇ ગયું
ગળગળા=પાણીપાણી જેવા; છાતી ભરાઇ આવેથી રડવા સરખા
સરસા=સાથે
એકનિષ્ઠા=ખરો ભાવ; ખરી શ્રદ્ધા
પ્રસંગ=વખત; જોગ
અમૂલ્ય=ઘણી કીમતી
આચાર્ય=ઉપદેશ આપનાર; ગુરુ

સવાલ—શ્રી કૃષ્ણ અને સુદામાના દૃષ્ટાંતથી શો બોધ મળે છે ? ગુરુ સેવાથી શા લાભ થાય છે ? ગુરુ શિષ્ય કને સેવા શા માટે કરાવે છે ?

પાઠ ૬.

સાધારણ=વ્યવહારમાં દરરોજ આવતો
સ્વચ્છંદી=સ્વતંત્ર; ફાવે તેમ જતી
સંયમ=મનને તાબામાં રાખી એક વિચારમાં જોડવું તે
ઢબ=રિવાજ; રીતભાત

ભાન કરાવ્યું=ચેતાવ્યો
ઓછું આવશે=ખરાબ લાગશે
સ્મરણ=યાદ; ફોમ
નાસ્તો=સવારે થોડું ખાવું તે; શિરામણ
ઉધ્ધણસી=બહુ ઉંઘનાર
ખાટું દીલગીર
કવખતે=અયોગ્ય વખતે
જરૂરિઆત=અગત્ય

પાઠ ૭.

કવિતાના અર્થ.

ઋષિ=મુનિ
નરપતિ=(નર+પતિ) પુરુષોનો ધણી; રાજા
સુદામા=શ્રીકૃષ્ણના ભક્ત
દ્વારામતી=દ્વારકા નગરી
કનક=સોનું; હેમ
મણિમય મણિવાળા
કાંગરે=અણીવાળી ટોચે
દુર્ગે કિલ્લાપર
ધજા=નિશાન
દુંદુભી=નોબત
સંગમ (સં+ગમ)=મેળાપ
વર્ણ=જાત
ચારે વર્ણ=બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર
પુર=શહેર
ભગવાન (સં) (ભગ=નસીબ+વાન=વાળો) નસીબવાળો; પવિત્ર મહાપુરુષોને ભગવાન કહેવાનો રિવાજ છે.
રૂપ=દેખાવ
પળે જાય; દોડે
જાદવ સ્ત્રી=યાદવોની બાયડી
ધન્ય=શાબાશ
વ્રત=નિયમ
તપ=તપશ્ચર્યા
અપાર=(અ=નહિ+પાર =છેડો)=ઘણુંજ
ભરથાર=ધણી; વર
હાડે=બિહામણો માણસ
વિકરાળ=ભયંકર
ચેટા=મશ્કરી; મજાક
પુંઠળ=પાછળ; વાંસે
વજાડે=બજાવે
ગાલ બજાડે=ગાલમાં તમાચા મારે
પુંઠે=પાછળ
ઋખી=મુનિ; ઋષિ
સુણી=સાંભળી
સાધુ=સતપુરુષ; પવિત્ર માણસ
દૃષ્ટિ=નજર
સમાચાર=ખબર અંતર
કૃપાનાથ=(સં) (કૃપા=મહેરબાની+નાથ=ધણી) =મહેરબાનીવાળા;દયાળુ
મયા=માયા; મહેર
પ્રતિ=સામો
પ્રતિઉત્તર=સામો જવાબ
દર્શન=ભાવથી જોવું તે
મન=ઇચ્છા; મરજી
હાટ=દુકાનો
ચૌટા=બજાર
ચોક=ખુલ્લા મેદાનમાં ભરાતો બજાર; ગુજરી
છજા=બારીઓ આગળ રવેશથી બહાર પડતાં જે પાટીઆં જડેલાં હોય છે તે

ગોખ=ઘરના આગલા માળની રવેશ ઉપરથી બહાર નીકળતી કઠેરાવાળી જગ્યા

ઝરૂખા=બારી આગળનો ગોખ

અટારી=ઉંચી મેડી; ઉંચો માળ

જડિત્ર=જડેલાં

કઠેડા=કઠેરા

ઝાકઝમાળ=ઝગઝગતા; ચમકતા

મિનાકારી=(મિનો = કાચના જેવો પણ રાતા લીલા વગેરે રંગવાળો એક પદાર્થ+કાર=કામ+ઈ=વાળો)= મિનાની કારીગરીવાળું

અમરાપુરી=દેવની નગરી; ઇંદ્રપુરી

ઓવારી=માથાપરથી ઉતારી; ભુલાવી

સ્ફાટિકમણિ=એક જાતનો ચળકતો પત્થર

થંભ=થાંભલો

નાટરંભ=ખેલ; નાટકનો આરંભ; તમાસો

રમકઝમક=રૂમઝુમ થતો અવાજ

હેમ=સોનું; કનક

અક્રોડા=રાસ

મૃદંગ=પખાજ

ઉપંગ=એક જાતનું વાજું

ડોલે=હાલે

મદગળના=ખુમારીવાળા; મસ્તીના જોરમાં આવેલા

મદ=હાથીના માથામાંથી પરસેવાના જે ઝરણ છુટે છે તે

માતંગ=હાથી

ગજશાળા=(ગજ=હાથી +શાળા=ઠેકાણું)= હાથીખાનું

નવલો=નવીન; નવી જાતનો

રંગ=શોભા

યોદ્ધા=લડવૈયા

પ્રતિહાર=પોળીઆ; ચોકીદાર

શામળીઆ=શ્રીકૃષ્ણ

દ્વાર=બારણું

સંકલ્પવિકલ્પ=તરંગ; મનના બુટ્ટા

ગહન=અથાગ; છુપી; કળી ન શકાય એવી

દીસે=દેખાવ

કરમની ગતિ=નસીબનું જોર

પૃથ્વીપતિ=(સ) પૃથ્વી =દુનિયા+પતિ=ધણી) =દુનિયાનો ધણી; રાજા

રજ=જરા; રજકણ

ગોકુળ=જમના નદીપર પવિત્ર ધામ છે

માંકડાં=રાતાં મોંનાં વાંદરાં

સિંહાસન=(સં)=સિંહ +આસન=બેઠક)=સિંહના આકારની બેઠક; રાજગાદી

તુંબડી=તુંબડીના વેલાનું ફળ

કવિતાની સમજુતી.

મુનિ (શુકદેવ) કહે છે હે રાજા (પરિક્ષિત) તું સાંભળ. સુદામાએ દ્વારકા નગરી જોઈ તેનો સોનાનો કોટ ચમકારા કરી રહ્યો હતો અને તેના કાંગરા ઉપર ઉંચી જાતના રત્નો જડેલાં હતા. (૧) કિલ્લાપર ઘણું નિશાનો ઊડતાં હતાં; અને ત્યાં નોબત નગારાં વાગી રહ્યાં હતાં. જ્યાં ગોમતી સમુદ્રને મળે છે, ત્યાં ચારે જાતના (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈસ્ય, અને શૂદ્ર) લોકો આવીને નહાય છે. (૨) તે ગોમતીમાં સુદામા ઋષિ નાહ્યા ને પછી પોતે શહેરમાં ગયા, તેમનો દેખાવ જોઇને બધા લોકો જોવાને એકઠા થયા; તેમાં નાનાં છોકરાંઓ તેમની પાછળ દોડે અને તેને ખીજવે. (૩) યાદવોની બાયડીઓ માંહો માંહે તાળી આપીને હસતી હતી અને કહેતી હતી કે જ્યાં આવો પુરુષ રહે છે તે શહેરને પણ ધન્ય છે! જે બાઈએ ઘણુંજ નિયમ અને તપશ્ચર્યા કીધી હશે તેજ સ્ત્રી આ. ધણીને પામી હશે! (૪) કોઈ કહે છે કે ભયંકર બિહામણો માણસ આવ્યો બાળકને દેખાડો કે તેઓ રડતા રહી જશે; એમ પાછળથી તેમની ઘણી મજાક થતી હતી. તે સાંભળીને સુદામા હસતા જતા હતા. (૫) તેમની પાછળ છોકરાઓ કાંકરા નાંખતાં, (પણ) સુદામા તો મોઢેથી હરિ હરિજ બોલતા હતા, નાનાં છોકરાંઓ તેમની પાછળ ફરી વળીને તાળીઓ પાડતા હતા અને હાસ્ય કરતાં હતાં. (૬) કોઈ ઘરડા યાદવે ઋષિને જોયા, અને તેમણે એ પવિત્ર માણસની નજર પારખી; (મતલબ કે સંતપુરૂષ છે એમ જાણ્યું) તેથી તેણે છોકરાઓને કાઢી મૂકયા એને સુદામાને ઉભા રાખીને તેમની ખબર અંતર પૂછી. (૭) (પછી જાદવે કહ્યું કે) હે મહેરબાનીના ભંડાર! તમે ક્યાંથી પધાર્યા છો અને આ શહેર ઉપર તમે કેમ મહેરબાની કીધી છે? પછી ઋષિજીએ સામો જવાબ આપ્યો કે મને શ્રી કૃષ્ણના દર્શન કરવાની ઇચ્છા છે. (૮) તે જાદવે રાજમહેલનો દરવાજો દેખાડીને ઉપકાર

કાપીો. તેથી કરીને સુદામાજી શ્રી કૃષ્ણના મહેલ આગળ આવ્યા; તે રસ્તે એટલી તો ભીડ કે શીધા ચાલ્યા જવાયું નહિ. (૯) શહેરનાં હાટ, ચૌટાં અને ચોક તેમજ ઘરોનાં છજાં, ઝરૂખા, બારી અને ગોખ, અટારી, જાળીઓને જડેલાં કડેરાઓ ઝગઝગતા શોભી રહેલાં હતાં તે જોયાં. (૧૦) ત્યાં દેવલોકોની નગરીને પણ ભુલાવે એવું મિનાકારી કામ ચળકી રહ્યું છે, સભામાં સ્ફાટિકમણિના થાંભલાઓ છે અને ત્યાં ખેલ થઇ રહ્યો છે. (૧૧) પખાજને ઉપંગમાંથી મધુરા તાલ નીકળે છે. તેમજ પગે બાંધેલી ઘુઘરીઓ રૂમઝુમ થાય છે, તે સુદામાજી જોતા જાય છે; ગુણીજન રસ પડે એવાં ગીત ગાય છે. (૧૨) ત્યાં ઘોડા સોનેરી અછોડાથી બાંધેલા ફરતા હતા; તેમજ હાથીખાનાની નવીન શોભા હતી અને તેમાં ખુમારી-વાળા હાથીઓ ડોલતા હતા. (૧૩) ચોકીદાર તરીકે અનેક લડવૈયા ઉભા હતા, ને શ્રી કૃષ્ણનો દરવાજો સાચવતા હતા. ત્યાં સુદામાજી ફેરા ફરતા મનમાં વિચાર કરવા લાગ્યા, (૧૪) કે અમે એક ગુરુના નિશાળીઆ છીએ. પણ નસીબનું જોર કળી ન શકાય એવું છે તે (શ્રી કૃષ્ણ) રાજા થઇ બેઠા છે અને મારા ઘરમાં ખાવાને એક દાણો પણ નથી, જે ગોકુળમાં વાંદરાં રમાડતો હતો અને ગુરુને ઘેર લાકડાં લાવતો હતો, તે આજે રાજગાદી પર ચઢી બેઠો છે અને મારી પાસે ફકત તુંબડી (જળપાત્ર) ને લાકડી છે. (૧૫)

પાઠ ૮.	પુષ્ટિકારક=બળ આપનાર	રૂચી=ભાવ
નિભાવ=ટકાવ	દેખરેખ=તપાસ	ખીલવટ=ખીલવણી
વૃદ્ધિ=વધારો	સામર્થ્ય=જોર	ખાતર=માટે
પુષ્ટિ=બળ	ભવિષ્ય=આવતો વખત	જાગૃતિ=હોશિયારી
તંદુરસ્તી=આરોગ્યતા	અતિશય=ઘણું	કડક=કડવી; સ્ટ્રોંગ

મધાર્ક (મધ+અર્ક) દારૂનું સત્વ; દારૂનો કસ
અભિપ્રાય=મત
ચ૨સ-માંસનું ઘી
સંભવ-આશા
ક્રોકેન=કિનાર્મનિ જેનો ધોળો ભૂરો

પાઠ ૯.

કોમ જાત
આર્ય=સૌથી પહેલાં હિંદુસ્તાનમાં આવી વસેલા
દ્રાવિડ-દક્ષિણ હિંદના લોક
શક=સિથિઅન
વેદ=ઇશ્વરી જ્ઞાન; (વેદ ચાર છે, ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ
રામાયણ-રામચંદ્રની કથાનું પુસ્તક
મહાભારત=કૌરવ પાંડવના મોટા યુદ્ધનું વીરરસ કાવ્ય
પુરાણ=ઇશ્વરી લીલાનો ગ્રંથ
અનેક=(અન+એક) ઘણા

શિવ=મહાદેવ; સંહાર કરનાર દેવ
વિષ્ણુ-વ્યાપક ઇશ્વર; પાલન કરનાર દેવ
માતા-દેવી; ઇશ્વરી શક્તિ
ઉપાસના=ભક્તિ
ઇષ્ટદેવ=જેના ઉપર આસ્થા હોય તે દેવ; પોતે પસંદ કરેલો દેવ
અવતાર માણસના રૂપમાં પરમેશ્વરનું પ્રગટ થવું તે
કબીરપંથી-કબીરનો મત માનનાર
વ્રત=શાસ્ત્રમાં કહેલા નિયમો
મોક્ષ=મુક્તિ; ઉદ્ધાર
ગૌતમબુદ્ધ=બૌદ્ધધર્મનો સ્થાપનાર
શ્વેતાંબર=(શ્વેત+અંબર) સફેદ લુગડાંવાળા
દિગંબર=(દિક્+અંબર) =નાગા (એ લોકો

પોતાના દેવને કપડાં પહેરાવતા નથી) એ પંથના સાધુઓ પીળાં વસ્ત્ર પહેરે છે.
પંથ=ધર્મનો માર્ગ
તીર્થંકર=જૈન મતમાં મનાતા મોટા અવતારી પુરુષ
અહિંસા=હિંસા ન કરવી તે; કોઇપણ જીવને દુઃખ ન દેવું તે
વૈરાગ્ય સંસારની મોજમજામાંથી મનનું ઊઠી જવું તે
સિદ્ધાંત-(સિદ્ધ+અંત) =વાદવિવાદથી નક્કી થયેલું તે; નક્કી સાર
અરબસ્તાન=એશિઆખંડની પશ્ચિમમાં દેશ છે
તુર્કસ્તાન-અરબસ્તાનની ઉત્તરમાં દેશ છે. [એને એશિઆઈ તુર્કસ્તાન કહે છે]
પ્રદેશ=મોટા દેશો

પેગંબર=ઉપદેશ કરવા મોકલેલા પુરુષ (પેગામ=સંદેશો+બર=લાવનાર) ઇશ્વરને ત્યાંનો સંદેશો લાવનાર

કુરાન=મુસલમાનનું ધર્મ-પુસ્તક

ઉપવાસ=ભૂખ્યા રહેવું તે

સીઆ=મુસલમાની ધર્મનો એક પંથ

ઇરાન=અરબસ્તાનની પૂર્વે એક દેશ છે.

સંજાણ=સુરત જિલ્લાની દક્ષિણમાં ગામ છે

ઉદવાડા=પારડી તાલુકામાં પારસીનું જાત્રાનું ઠેકાણું છે.

ઝગડો=વઢવાડ; લડાઈ

શુદ્ધવાણી=સાચુ બોલવું તે

અવસ્તા=પારસીનું ધર્મ પુસ્તક

જરથોસ્ત=જરથોસ્તી ધર્મ સ્થાપનાર

મલબારકાંઠો=મદ્રાસ ઇલાકાનો પશ્ચિમ કાંઠો

બાઈબલ=ખ્રિસ્તીઓનું ધર્મ પુસ્તક

ઇસુખ્રિસ્ત=ખ્રિસ્તી ધર્મ સ્થાપનાર

પાઠ ૧૦.

વસંતઋતુ=ફાગણ ને ચૈત્ર મહીનો;(એ મહીનામાં ઝાડને નવાં પાંદડાં આવે છે)

(વર્ષની ઋતુ છ છે. વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર)

સંક્ષિપ્ત=ટુંકો

ઇતિહાસ=આગળ થઈ ગએલા રાજાઓના ગુણ દોષ તથા તેમની રાજ્યનીતિનું વર્ણન જેમાં કરેલું હોય તે

શિલાલેખ=જેના પર લેખ કોતરેલો હોય તે પત્થર

તામ્રપટ=જેનાપર લેખ કોતરેલો હોય તે તાંબાની તક્તી

એલચી=એક રાજ્ય બીજા રાજ્યમાં પોતાના તરફથી માણસ મોકલે છે તે; પ્રતિનિધિ

ગ્રીક ગ્રીક દેશના રહેવાસી

ઉતારા=નકલ

કરકસર=જરૂરનો ખરચ કરવો તે

ગરબડાટ=ઘોંઘાટ

ભીડ=લોકોનો જમાવ

થાપણ-મુડી; ભંડોળ

સહી-મતુ; કબુલાત

સિક્કા=છાપ

સાક્ષી=સાહેદી

કાંડું-પોંચો; હાથના પંજા આગળનો ભાગ

ન્યાયાસન=(ન્યાય+આસન)=ઇન્સાફ કરતી વખતે બેસવાની જગા.

નહેનાત=હજુર

સલાહ=અભિપ્રાય

શ્રમણ=બૌદ્ધ ધર્મના સાધુ

દર્ભ=એક જાતનું ઘાસ

એકમન=એક ચિત્ત

ફરી=પરહેજી

ભરગચ્છી=ભરતકામ

મનાઈ=ના

પાઠ ૧૧.

પ્રાચીન=જુનાં; પહેલાંના

સાંગરેલી=સોનાની બિલાડી નાખી ધોળાવેલી

પુરાવો=સાબીતી

ઋગ્વેદસંહિતા=ઋગ્વેદના મંત્રોનો સંગ્રહ

વરુણદેવ=જળનો દેવ

નાવ=હોડી; નૌકા

અશ્વિનીકુમાર=દેવોના વૈદ; અશ્વિની અને કુમાર એ બે ભાઈ છે અને તે બે એક દેવ ગણાય છે.

સમુદ્રયાન=સમુદ્રની મુસાફરી કરવાનો રિવાજ

ભરૂકચ્છ=ભૃગુપુર

ભૂશિર=જમીનની અણી લાંબી થઈને સમુદ્રમાં ગએલી હોય તે

ખલાસી=વહાણ કે આગબોટ ચલાવનાર

લંકા=સિંહલદ્વીપ

ના'વે=આવે નહિ

મંદિર=ઘેર

સુમાત્રા=એશિઆમાં બેટ છે

જાવા=સુમાત્રાના અગ્નિ કોણમાં બેટ છે.

પરીઆનાં પરીઆ=છોકરાના છોકરાં

પરીઆ=પેઢી; ઓલાદ

પાઠ ૧૨.

કેરૂં=નું

વિખુટું=જુદું; છૂટું

ઉચ=ઉંચા

ગિરિ=પર્વત

શૃંગ=શિખર

સંગ=સાથે

સમ=બરાબર; જેવું

સોહાય=શોભે; સારૂં દેખાય

શિલા=પત્થર

શ્યામ=કાળુ

કરૂણ=દયા ઉપજે એવો

રવ=સાદ; અવાજ

મંદ=ધીમો

સહજ=પોતાની મેળે; કુદરતી

પડઘા=સામા અવાજ

ભમાય=છેતરાય

મોરી=મારી

માય=મા

અધિક=વધારે

ગભ્રાય=ગભરાય

ઉંચા=મોટા; ભારે

નાદ=અવાજ

ધરવું=રાખવું

યાદ=સ્મરણ; ફામ

ધવળ=ધોળા

સોહાય=શોભે

ગાઢ=ખિચોખિચ; ગીચ

ઘોર=ભયંકર; બિહામણી

સાવજ=વાઘ

શોર=અવાજ

શું=કેવું

સોડ=પાસું

લપાય=છુપાય

ધર=રાખ	ગોદ=ખોળો; સોડ	શાવ=બચ્ચું
વા'લા=પ્યારા	અજ=બકરી	તૃપ્ત=તરપત; ધરાયલું
તત્કાળ=તરતજ	ચુંબન=બચ્ચી; બોકી	શિશુ=બચ્ચું
વેળ=વેળા; વખત	કઠણ=અઘરી; મુશ્કેલ	ઉછરંગ=ઉમંગ
સે'લ=સહેલાઈથી	મીઠું=વહાલું	નાચ્યું=ઉછળ્યું

કવિતાની સમજુતી.

પેલું બકરીનું બચ્ચું આ વખતે તેની માથી છુટું પડેલું છે. તે ઉંચા પર્વતની ટોચે ઉભેલું છે. અને તેની પાસે કોઇ નથી. (૧) બરફના જેવું સફેદ રંગનું (તેથી) સારૂં દેખાય છે, અને તેની પાછળ કાળા રંગનો પત્થર જણાય છે. તે પોતાની કુદરતી મજા ભૂલી જઇને દયા ઉપજાવે એવો ધીમો અવાજ કરતું. (૨) તેના પર્વતની અંદર સામા અવાજ થાય, તે સાંભળીને તે ભૂલથી છેતરાય છે, કે જાણે મારી મા બોલી, પણ તેને નહિ દેખવાથી તે વધારે ગભરાય છે. (૩) તેથી વધારે મોટો અવાજ કરતું અને માનું સ્મરણ કરતું; તે બચ્ચું ચારે તરફ જોતું જાય તે વખતે તેની ધોળી વાંકી ડોક શોભે છે. (૪) નીચે ઘણી ગીચ અને ભયંકર ઝાડીમાં વાઘનો અવાજ થતો, તે સાંભળી બચ્ચું કેવું ગભરાય ' અને જાણે કે કયાંથી માની સોડમાં છુપાઈ જવાય ! (૫) હે ! વહાલા બચ્ચા તું ધીરજ રાખ, આ હું હમણાં આવું છું. એમ બોલી મેં તે વખતે ટેકરીની ટોચપર સહેલાઇથી જઈ કહ્યું. (૬) ને બકરીના બચ્ચાને સોડમાં લીધું. અને દસવાર બચ્ચીઓ કીધી; પછી પર્વતનો અઘરો રસ્તો ઉતરીને જ્યાં તેની મા હતી ત્યાં બચ્ચાને મૂકયું. (૭) મારૂં વહાલું બકરીનું બચ્ચું તરતજ ધાવવા લાગ્યું. અરે જો ! નદીમાં બકરીનું બચ્ચું માને હેતથી ધાવે

છે. (૮) ખાતાં ખાતાંને ખવાયું એટલે એ ફૂટું પડયું, અને તેનું ઉજળુ શરીર વધારે દીપી રહ્યું; પછી તે બચ્ચું ઉમંગથી નાચ્યું અને તેની સાથે મારૂં અંતઃકરણ પણ ઉમંગથી ઉછળ્યું. (૯)

પાઠ ૧૩.

ઉગરતા બચતા
વાડ-કાંટાની આડ
છીંડું બાકું
નિર્મળ વાદળા વગરની
વહોરો છો માથે લો છો
સ્વર=અવાજ
શંખ-મોટો શંખલો
ખોખરા કરશે મારશે
શાસ્ત્ર-સામાન્ય નિયમ સંગ્રહ
ગ્રામ=સૂર સબંધી એક માપ
મૂર્છના=સૂરને એકવાર ચઢાવવા ને પાછા ઉતારવા તે
તાલ-ગાવામાં માત્રા પ્રમાણે જે માપ તે
રાગ=ગાયનની રાહ
દાઝ=રીસ; ગુસ્સો
ખાણીઓ=મોટી ખાંડણી
કળ વળી દુઃખ નરમ પડયું

પાઠ ૧૪.

મુલતવી=મોકૂફ, વાયદાપર
ઢીલ આળસાઈ
અનુભવ જાત માહેતી
ઉંચે ઉપલે નંબરે
નિબંધ-અમુક બાબત પર ધારી ઇબારત-વાળું લખાણ
નોટ રૂપીઆને બદલે વપરાતો ચલણી કાગળ
ચેપ અડકવાથી એકનો રોગ બીજામાં આવવો તે
હેવાલ=વૃત્તાંત; હકીકત
પ્રસિદ્ધ કર્યું=જાહેરમાં મૂકયું
અસરકારક=અસર કરે એવું
જડ=મૂળ
વીમો-અમુક રકમ વરસે વરસ લઇ નુકસાન થયેથી નુકસાની ભરી આપવી તે

પાઠ ૧૫.

બુઢ્ઢો ઘરડો
યમન અરબસ્તાનમાં એક પ્રાંત છે.
શેખ અરબ લોકોની મોટી ટોળીનો સરદાર
અખૂટ (અ+ખૂટ)=ઘણોજ
ખોટ તંગી; તંગાશ
ઈશ્વરને માર્ગે દાનમાં
સખત શબ્દ-કઠોર વચન
મગ્ન=ખુશ
દાદ=ઇન્સાફની માગણી; ફરિયાદ
ફરિયાદ=દાવો

અદ્ભુત=નવાઇ જેવી
એકલપંથી=સાથી વિનાનો મુસાફર
ડોળ=ખોટો દેખાવ
સ્તબ્ધ=હાલે ચાલે નહિ તેવા; સ્થિર
ફાંસીઓ=ફાંસો દઈ મારી નાખનાર (એવા ફાંસીઆનો હિંદમાંથી ઇ. સ. ૧૮૫૩માં લોર્ડ વિલ્યમ બેન્ટિકે નાશ કર્યો હતો)

પાઠ ૧૬.

ઉડાઉપણું=ગજા ઉપરાંત ખરચવું તે
જહાંપનાહ=દુનિયાનું રક્ષણ કરનાર; પાદશાહ
વિચિત્ર=નવાઈ જેવો; તરેહવાર
ખુલાસો=સમાધાન
જમા ઉધાર=આવક જાવક; ઉપજ ખરચ
અડસટો=આશરો; શુમાર
પગરણુ=અવસર; સારું ટાણું
અચાનક=ઓચિંતો; એકાએક
જોગવાઇ=તજવીજ; ગોઠવણ
નિંદવા=વખોડવા
દોષ=ખોડ; ખામી
ગૃહસ્થાઇ=ગૃહસ્થનાં લક્ષણ
લેણદાર=માગનાર
ઉઘરાણી=માગતા પૈસા લેવા આવવા તે
ચિઢીઆં કરે=ખીજવાય; ગુસ્સે થયા
કોરટ=ઇનસાફ કરવાની કચેરી
ચેનબાજી=મોજ શોખ
મિથ્યાભિમાન=ખોટો ડોળ; ખોટી મગરૂરી
ખરચાળ=ઉડાઉ
પરતંત્ર=પારકાને તાબે
વાહવાહ=વખાણ
વળતો=બીજો
જપ્ત=કબજ; સરકાર હરાજ કરી લઈ જાય તે
દયામણી=દયા ઉપજે એવી
ગુલામ=વેચાણ લીધેલો ચાકર
હાથ પહોંચતો હોય=પૈસાની સીલક હોય
પ્રસંગે=અવસરે
પેટે પાટા બાંધી=ગરિબાઇથી ગુજરાન ચલાવી; ભૂખ તરસ વેઠી

પાઠ ૧૭.

મમતા=માયા; હેત
વેઠ=મફત મજુરી
વૈતરૂ=સખત મજુરી
ધડો=દાખલો
ધર્મિષ્ઠ=ધર્મ પ્રમાણે ચાલનાર
ગરાસણી=ગરાસીઆની બાયડી; રજપુતાણી
આવડ=આવડત
ત્રેવડ=ગોઠવણ; વેતરણ
વર્ગ=જાત

થાણાદાર=થાણાનો અમલદાર; ફોજદાર
વહીવટદાર=વહીવટ કરનાર; મામલતદાર
સૂચના=અગમચેતી, ચેતવણી
સહવાસ=મેળાપ;સમાગમ
પાઠશાળા=કૉલેજ
કુટુંબ પ્રીતિ=કુટુંબના માણસપર જેવો ભાવ હોય તેવો ભાવ
રસભેર=મજા સહિત
પાદર=ગામના ઝાંપા બહારની જગો
ગોરજ=ગાયના પગથી ઊડેલી ધૂળ
બંદર માર્ગે=જળ માર્ગે
જમીન માર્ગે=સ્થળ માર્ગે; સડકને રસ્તે
વેતરણ=તોડ, નિકાલ, ગોઠવણ
જૂજ=થોડા
દેવાદાર=દેણદાર
ચેપ=અસર; લાગણી

પાઠ ૧૮.

બડવો=જનોઈને લગતી ક્રિયાનો એક ચાલ; બટુક, (એમાં છોકરો દોડે છે અને મામો તેને પકડીને પાછો ઘેર લાવે છે)
વિધિ=ક્રિયા
દેવસાખે=દેવની સાક્ષીએ
પહેરામણી=કન્યાને, બાપ વરને તથા તેના સગાંઓને જે રકમ આપે છે તે
પલ્લું=છોકરીને દરદાગીના માટે આપવાની રકમ
વિભાગ=ભાગના ભાગ
શસ્ત્ર=હથિયાર
ધર્મોપદેશ=(ધર્મ+ઉપદેશ)=ધર્મનો બોધ
મંડળ=ટોળું
પૂર્વે=પહેલાં
કાળિદાસ=ભોજ રાજાના વખતમાં પ્રખ્યાત કવિ થઇ ગયા તે

પાઠ ૧૯.

કવિતાના અર્થ.

કશ્યપ=મરિચી પ્રજાપતિના પુત્ર
કુમાર=બાળ
હરણ્યાક્ષ હિરણ્યકશ્યપ=પૂર્વ જન્મે એઓ વિષ્ણુ પરમાત્માના જય અને વિજય નામના બે પોળીઆ હતા. ઋષિ સનકાદિકના શ્રાપથી એઓ રાક્ષસ થઇને કશ્યપની સ્ત્રી દિતીને પેટે જનમ્યા હતા.
બળવંત=જોરાવર
નીરધાર=નક્કી; ખચીત
પીડે=દુઃખ દે
આંગણે=બારણે
અનુમાન=આસરે; શુમારે
સાહી=પકડી; ઝાલી
સહિત=સાથે
વિમાન=દેવની પાલખી
આભ=આકાશ
ત્રાસ=બીક

ત્રાસ પમાડે=બીવડાવે
નીરખતા=જોતાં
દિગપાળ=દિશાનું રક્ષણ કરનાર દસ દેવો.
ડોલે=હાલે; ધ્રૂજે
ભોમ=પૃથ્વી
ખળભળે ટળવળે; ઉથલ પાથલ થાય
ખંડ=પૃથ્વી
મહી=પૃથ્વી
મેલે=મૂકે; છોડે
માન=મોટાઇ; ગુમાન
દાનવ=રાક્ષસ
પ્રૌઢા=મોટા
થરથરે=કંપે
પાતાળ=પૃથ્વી નીચેનો ભાગ (એ સાત છે. અતલ, વિતલ, સુતલ, મહાતલ, રસાતલ, તલાતલ, પાતાલ)
પરવરે=જાય
દ્વેષ=કીનો; અદેખાઇ; વેર
પૂછ=પુછડું.
પન્નગ=શેષનાગ; સાપ

વરૂણ=પાણીનો દેવ
અઘોર=ઉંચે
નીર=પાણી
ફેર=ના
નાથ=ધણી
અસુર=રાક્ષસ
ભોગ=બલિદાન
અમર = દેવતા; મરે નહિ તે
આથડે=લડે; વઢે
સબળો=જોરાવર
ક્રોધ=ગુસ્સો; રીસ
જગન=યજ્ઞ; હોમ
પ્રબોધ=જ્ઞાન
ઇંદ્ર સ્વર્ગનો રાજા
સુર=દેવ
શું=સાથે
ભુવન=પૃથ્વી
ગદા=આંકડાના ફૂલના ઘાટનું ભારે પત્થરનું હથિયાર
ગ્રહી=પકડી; ઝાલી
ચૌદભુવન=સાત પાતાળ ને સાત સ્વર્ગ

કોપવાન=ગુસ્સાવાળો; ક્રોધી
કુબેર=ભંડારના દેવ
ત્રાહે ત્રાહે=તોબા તોબાકરે
ત્રિલોક=ત્રણ લોક (સ્વર્ગ; મૃત્યુ; પાતાળ)
વિશ્વ=બ્રહ્માંડ
બાધું=અધું; આખું
દંત=દાંત; દંતુશળ
સહાય=પકડે; ઝાલે
વારી=અટકાવી; રોકી
ક્રીડા=વિલાસ; મોજ
લાતોલાત=લાતબાજી
ભેળાવે=મેળવે; કરે
ભેળાં=એકઠાં
ઉલટે=ચઢે
ઉત્પાત=તોફાન
દુર્મતિ=નઠારી બુદ્ધિ
વાધીયા=વધ્યા
પુષ્ટ=જોરાવર
અચલ=પર્વત; ખસે નહિ તે
ચોખુંટ=ચારે દિશા

જીભથું-જીભ વડે	અલવે-પુષ્કળ; ઘણું	પઠે=પોતે
વિષે=વિષે; માં	પરહરીને=છોડી દઈને	આચરે=કરે; ચાલે

કવિતાની સમજુતી.

કશ્યપઋષિને ઘેર જય વિજય દુસ્ટ છોકરા રૂપી થઈને જન્મ્યા, તેઓ બહુ જોરાવર હતા. (૧) આશરે એક વર્ષના થયા એટલામાં તો બારણે આવી (લોકને) દુઃખ દે (ટેક) અને આકાશમાંથી દેવોની પાળખીને સુરજ સાથે પકડી લાવે. (ટેક) તેઓ વાદળાંને વળગે અને તારાઓને બીવડાવે. (ટેક) ચંદ્રમાને હાથમાં રાખે અને આકાશમાં ફરે. (ટેક) (૩) તેમને જોતાં દિશાના દેવો કંપે અને તેઓ પર્વતનાં શિખરો પણ પાડે. (ટેક) પૃથ્વી ઉપર તેઓનો ભાર લાગતો તેથી નવે ખંડ કંપી ઉઠતા. (ટેક) (૪) નાનપણમાં તેમનું જોર એવું હતુ કે પૃથ્વી પણ પોતાની મોટાઈ મૂકી દેતી; (ટેક) તે રાક્ષસ હવે મોટા થયા ત્યારે આખી સૃષ્ટિ ધ્રુજવા લાગી. (૫) રાક્ષસો પાતાળમાં જાય અને દ્વેષ વધારે. (ટેક) સાપનું પુછડું તાણે અને સુતેલા શેષ નાગને જગાડે; (ટેક (૬) પાણી ઉંચું ઉડાડીને પાણીના દેવ સાથે લડવાનું કરે; (ટેક) (એવી રીતે) વરૂણ પાસે ને રાક્ષસો બળિદાન માગે; (ટેક) (૭) દેવોની સાથે લડે અને તેમના પર ઘણો ગુસ્સો કરે; (ટેક) યજ્ઞમાં (દેવોની પેઠે) હિસ્સો માગે અને બીજાને એમ કરવાનો બોધ કરે. (ટેક) (૮) દેવોની સાથે વેર રાખે, અને ઇંદ્રની સાથે પણ દુશ્મનાવટ કરે; (ટેક) ગદા પકડીને આખા બ્રહ્માંડમાં ચારે તરફ વેરવે; (ટેક) (૯) કુબેરની સાથે ગુસ્સે થઈને તેમની પાસે રોકડા રત્નો માગે; (એવી રીતે) આખી દુનિયાને હેરાન કીધી. તેથી ત્રણે ભુવન (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ)ના લોક તોબા તોબા પોકારે (ટેક) (૧૦) દિશાના દેવોના

હાથીઓના દંતુશળ પકડી તાણે, (ટેક) ને તેમની સૂંઢ પકડીને ફેરવે પણ તેમને કોઇ અટકાવી શકે નહિ. (ટેક) (૧૧) દરીઆમાં જઇને વિલાસ કરે અને લાતાલાતી રમે. (ટેક) (૧૨) એ નઠારી બુદ્ધિવાળા અને ઘણા પાપી રાક્ષસો ઋષિઓ સાથે દુશ્મનાઇ કરે. (ટેક) જ્યારે તેઓ મોટા ને જબરા થયા ત્યારે બ્રહ્માંડ (આકાશ) સુધી ઉંચા વધ્યા. (ટેક) (૧૩) મોટા પર્વત ઉંચા કરીને ચારે દિશાએ ફેરવે. (ટેક) અને જેમ ઝાડને ઉંટ વળગે તેમ આકાશને જીભથી ચાટે. (ટેક) (૧૪) તેઓ મનમાં જરા બીક રાખે નહિ અને પોતે પોતાના ઘણાં વખાણ (અપવડાઇ) કરે. (ટેક) આમ ધર્મનાં રસ્તાં છોડી દઇને તેઓ પોતે પાપને રસ્તે ચાલે. (ટેક) (૧૫)

પાઠ ૨૦.

ઘાટ=પશ્ચિમ ઘાટ; સહ્યાદ્રિ
ગુફા=પહાડની પોલાણ; પહાડની બખોલ
દેવાલય=(દેવ+આલય) =દેવને રહેવાનું ઠેકાણું; દહેરૂં.
ચિતા=ચેહ
શિલ્પકામ=કોતરકામ
પાઘડીપટે=પાઘડીની પેઠે લાંબો ને સાંકડો
ચૈત્ય=પર્વતમાં કોરેલું બૌદ્ધધર્મનું દહેરૂં
પટ=પહોળાઇ
દાગબ=ધાતુગર્ભ; પૂજાનું ઠેકાણું
સ્તંભ=થાંભલો
વિહાર=મઠ; બૌદ્ધ સાધુને રહેવાની જગા
ભિક્ષુક=ભીખ માગી ખાનાર
ક્ષણભંગુર=પલકમાં નાશ થાય એવું
વૃત્તિ=વલણ; ઇચ્છા
નિર્વાણ=શાંતિ; મુક્તિ; મોક્ષ
કલ્પનામાં=આંખ મીંચી ને મનની નજર આગળ
દિનચર્યા=સાધુએ રોજ કેમ ચાલવું, શું કરવું તે
સૂર્યોદય=સૂર્ય+ઉદય= સુરજનું ઊગવું તે
દોષ=અવગુણ
ભિક્ષાપાત્ર=ભિક્ષાનું વાસણ
શંકા=શક પડતી વાત; નહિ સમજાએલી બાબત

પાઠ ૨૧.

નહેર=નદીમાંથી દૂર પાણી લઇ જવા માટે ખોદેલી ખાઇ
મોલ=મૂલ

હિંદુશાસ્ત્ર=આર્ય ધર્મ પુસ્તક
સગવડો=જોગવાઇ; સવડ
ઝુકી=લચી; નમી
બળદેવ=શ્રી કૃષ્ણના મોટા ભાઈ
રસાળ=(રસ+આળ)=ફળદ્રુપ
કંપની=વિલાયતનું એક વેપારી મંડળ (એના હાથમાં આ દેશની સત્તા સને ૧૮૫૮ સુધી હતી)
શાખા=ફાંટો
સદી=સો વરસનો કાળ; સૈકો
આબાદ=સુખી

પાઠ ૨૨.

સંપ્રદાય=પંથ
સરાણ=ધાર કાઢવાનું હથિયાર
કાવ્યકળા=કવિતાની ખૂબી અને યુક્તિઓ
સમાગમ=મેળાપ
કુશળ=હોશિયાર

ભાટ=એક જાતના બ્રાહ્મણ; ખરા ખોટા વખાણ કરનાર; બારોટ
ચારણ=રાજાના આશ્રિત વર્ગમાંની એક જાત (એનો ધંધો રાજાના વખાણ કરવાં; રાજાની આગળ નાચવું, ગાવું વગેરે ખેલ કરવાનો છે.)
દંતકથા=મોઢેથી ચાલતી ખરી ખોટી વાત
કદર=બુજ; જાણ
પરમ=મોટા
હિતેચ્છુ=(હિત+ઇચ્છુ)=ભલું ઇચ્છનાર
સોસાયટિ=મંડળી
હેતુ=મતલબ; ધારણા
સંબંધ=પરિચય
ઠરેલ=ડાહ્યો
વેનચરિત્ર=વેન રાજાની હકીકતનું પુસ્તક
વર્નાક્યુલર સોસાયટિ=ગુજરાતી ભાષા ખીલવવા માટે સ્થપાએલી મંડળી

પદ્ધતિ=ધોરણ; રી
પ્રમુખપણું=સભાન ઉપરીની જગા
ઋતુવર્ણન= એ મા કાવ્ય
કાવ્ય=કવિતાનું પુ
માનવંતો=આબરૂવા
ખિતાબ=ઇલ્કાબ;
સી. આઈ. ઇ.=હિ રાજ્યનો દોસ્ત
વર્ષાસન=વરસનો પ
દોર્યું=ખેંચ્યું
શોખ=ચાહના; પ્રે
જમાનો=જુગ; કાળ

પાઠ ૨૩.

ધાર્મિક=ધર્મપર અ વાળો
નિરાધાર=આધાર રનો; વસીલા વગ
મરકી=ઘણા માણ મરી જાય એવો રો કોલેરા; પ્લેગ વ
પંજો=સપાટો

ગુમાસ્તાગીરી=ઉઘરાણી ને નામાનું કામ
વાકેફ=માહીતગાર; જાણીતો
ફુરસદ=નવરાશ
વિશ્વાસઘાતી=ભરોસો તોડનાર
સંપૂર્ણ=(સં+પૂર્ણ)=પુરેપુરો
અત્યંત=(અતિ+અંત) ઘણુંજ
ઉચાપત કરવું=ઓળવવું તે; ઉપાડી જવું
ખોટ=ખાધ
સીલક=રોકડ નાણું
આંક=પાર; હદ
વ્યસની=વ્યસનવાળો; ગંજેરી; અફીણી; દારૂડીઓ વગેરે
આળ=તહોમત; બટ્ટો;
પાપનો ઘડો ફુટવો=છુપું રહેલું પાપ જાહેર થવું.
દગો કોઇનો સગો નહિ=કપટથી કોઇ પાર પડતું નથી
ઝાડો=જડતી; તપાસ
અન્નદાતા=પોષણ કરનાર

પાઠ ૨૪.

ભાવ્યો=ગમ્યો; પસંદ પડયો
મેહ=વરસાદ
દેવતા=અગ્નિ
વીજ=વીજળી
આબુ=ગુજરાતની ઉત્તરમાં પર્વત છે તે
ગિરિરાજ=પર્વતનો રાજા; મોટો પર્વત
તિથિ=દહાડો; દિવસ
ટાણે=વખતે
ઘંટ=કાંસાની વગાડવાની ઘડિઆળ
દીપે=શોભે
આંખ ઠાડી=ધ્યાન દઇ
ઝૂકી=નમી; લચી
ઝુંડ=જથો; ટોળું
સ્વાદુ=સ્વાદવાળો; મીઠો
મિષ્ટ=મીઠો
વસે=રહે
ઝરે=વહે: નીકળે
ઝરણાં=ઝરણ; વહેળા
શીળો=ઠંડો; ટાઢો
સુગંધી=સારી વાસવાળો ખુશબોદાર
વહે=જાય: ચાલે
ફૂલી=ખીલી
ફૂલવાડી=જે વાડીમાં ફૂલ થાય તે વાડી
વાવ=પીવાના પાણીને માટે ખોદેલા કુવામાં ઉતરવાના પગથીઆં મૂકયા હોય તેવો કુવો
ઓપે=શોભે; સારો દેખાય
વડા=મોટાં
દેવળ=દહેરૂં
દેવ=પરમેશ્વરના અંશની મૂર્તિ
બંગલા=વાડી વચ્ચે બાંધેલું ઘર
પ્રસેવો=પરસેવો; પસીનો
પરાં=આઘેનાં; દૂરનાં
પાસ=પાસે

વેંત-વાર	સ્થાન=ઠેકાણું; જગા	અર્બુદા=અંબાજી
જુક્તિ=તદબીર	ખ્યાત=પ્રખ્યાત; જાણીતી; નામીચી	કથા=વાત; હકીકત; બીના.
ધુણી=તાપણી		જોગ=લાયક
ટેવો=અનુભવો; માનો	દેવી-માતા	છંદ=કવિતાની કડીઓ

કવિતાની સમજુતી.

જેમ આકાશમાં વરસાદ ચઢી આવ્યો હોય તેમ (આબુ પર્વત) આઘેથી જોતાં મનને ઘણો સારો લાગ્યો, તે પરનાં કુંડમાંનો અગ્નિ વીજળી જેવો દેખાય છે. (કુંડમાંનો અગ્નિ જાણે ચઢેલા વરસાદમાં વીજળીનો ચમકારો થાય તેવો દેખાવ છે) એવો પર્વતનો રાજા (પર્વતોમાં શ્રેષ્ઠ) આબુ આજે જોયો. (૧) શોભિતી પુનમની સાંજને વખતે જાણે સૂર્ય અને ચંદ્ર બે ઘંટ બન્યા હોયની! કોણ કહે કેવો દેવના હાથી જેવો (આબુ પર્વત) શોભી રહ્યા છે! (ટેક) કદાચ તમે ઉપર જઇને નિહાળીને (ધારીને) જુઓ. તો જણાશે કે ઝાડના જથાની ઘણી ઝાડીઓ નમી રહી છે, અને ત્યાં સ્વાદિષ્ટ મીઠો મેવો જોઇએ તેટલો મળે છે, (ટેક) ત્યાં વાઘ, વાંદરા, સિંહ અને હરણો રહે છે, અને ચોકખા પાણીનાં ઝરણો હંમેશ વહે છે; ને ઠંડો અને સુગંધીદાર પવન વાય છે. (ટેક) ત્યાં સારાં (ખુશબોદાર) ફૂલોની ફૂલવાડી ખીલી રહી છે, તેમજ ત્યાં આગળ કુવા, વાવ ને કુંડ ઘણાં શોભે છે; મોટાં દહેરાંઓમાં દેવોનો વાસ છે. (ટેક) ત્યાં બંગલા બંધાયા છે ને બજારો થયાં છે. વેપારીઓ સારો (ઘણો) વેપાર કરે છે. તેથી માલ લેનારને જેવો માલ લેવો હોય તેવો ત્યાં મળે છે. (ટેક) ત્યાં તેર ગાઉના ઘેરાવાના તળાવમાં ફરતા અગિઆર ગામના લોકો પીવાને પાણી લેવા આવે છે; મતલબ કે અગિઆર ગામના લોક એનું પાણી વાપરે છે. જ્યાં જેઠ મહીનામાં

પણ પરસેવો દેખાતો-થતો નથી. (ટક) અષાડ મહીનામાં છેટેનાં વાદળ પાસે આવે છે. અને જતાં વારજ જોવાની ખુબી બતાવે છે; તે વખ તમે વાદળાંને ધુણીનો ધુમાડોજ ધારો-સમજો. (ટક) જેમાં જૈનનાં અ હિંદુનાં જુનાં દેવસ્થાનો છે, અને તેમાં પ્રખ્યાત આર્બુદા માતા છે; આ બધી વાત જાણવા લાયક અને કામની હોવાથી કહી છે. આ સા છંદ દલપતરામ કવિએ બનાવ્યા છે.

પાઠ ૨૫.

અડવો=એવકુફ; માણસનું નામ છે.
સુખડું=ગોળપાપડી
વળાવવા=વિદાય કરવા
વાસો રહેજે=મુકામ કરજે
ઓડીબારું=ખેતરની વાડમાંથી જવા આવવા માટે છીંડું પાડી વચમાં બે પાંખીઆવાળું દાંટેલું લાકડું
કુપ્પાં=કુલાં,ચામડાનું ઠામ
સાવકાર=શાહુકાર
ઘેરું=છોડથી ખુબ ઢંકાઈ રહેલી જગા
હારે=સાથે
ભુકાની=માથેથી દાઢી
લુગડાનો કકડો
તીર=બાણ
કામઠું=ધનુષ
સે રે=છે રે
હોંકારા=ગુમાટા
સે=છે
ધોલ=થપ્પડ
ઝપાટ=ઝૂટ
પતીજ=ભરોસો;વિશ્વાસ
પરખાવો=તપાસાવો; પરીક્ષા કરાવો

પાઠ ૨૬.

સર્વદમન=રાજા દુષ્યંત અને શકુન્તલાનો પુત્ર; ભરત; સઘળાને દબાવે એવો
બાળચેષ્ટા=બાળકની રમત
તાપસી=તપોવનમાં રે અને તપ આચરતી
તપોવન=તપ કરવા જંગલ; ઋષિ આશ્ર
કાળજું=અંતર; મન
અંહ=ઉંહુ
ચક્રવર્તી=જેની આણ નાનાં મોટાં ઘણાં રા પર વર્તાવી હોય એ
લક્ષણ=ગુણ
સતાવતો=પજવતો
દીસંતી=દેખાતી
દંતકળી=ઊગતા દાંત
વણ=વગર; વિના
નિમિત્ત=સબબ; કારણ
કાલીકાલી=મીઠી
બોલી=ભાષા; બોલ

પુત્ર=છોકરો
મલિન=મેલું
લેખીએ=ગણીએ
આશ્રમ=મઠ; તપોવન
આકૃતિ=આકાર; ચહેરો
ચેષ્ટા=રમતગમત; ચાળા
આશ્રમસ્થાન=તપસ્વીઓનું રહેઠાણ
મુનિકુમાર=ઋષિ પુત્ર
ધર્મદારા=ધર્મ પ્રમાણે પરણેલી સ્ત્રી; લગ્નના સંબંધથી જોડાએલી સ્ત્રી
દારા=સ્ત્રી [સ્ત્રી
પુછપરછ=તપાસ
શકુંત=પક્ષી; મોર
શકુંતલાવી=(શકુંતલા+આવી) શકુંતલા આવી અથવા શકુંત એટલે મોર આવી
માઘેલો=(મા+ઘેલો) મા ઉપરના વહાલથી ગાંડો થએલો હોય એવો
તરજુમો=એક ભાષામાંથી બીજી ભાષામાં સમજણ પાડવી તે.

વગર કારણે હસવાથી જરા જરા દાંતની કળીઓ દેખાય છે; અને સમજાય નહિ એવી બોબડી અને કાલી કાલી બોલી બોલે છે.

ખોળે ચઢીને (ખોળામાં બેસવાને આતુર એવા છોકરાને જે માણસ ખોળામાં લે અને તે છોકરાના શરીરે વળગેલી ધૂળથી જેનું શરીર મેલું થાય તેને નસીબવાન સમજવો. મતલબ કે જેને છોકરાં હોય તેને નસીબવાન જાણવો.

પાઠ ૨૭.

શિક્ષણ=કેળવણી
વહાણવટી=વહાણ ચલાવનાર
મથી=મહેનત કરી
ઇરાદો=વિચાર; મનસુબો
ખંડ=જેમાં ઘણા દેશો આવેલા હોય તે (જેમકે એશિઆ ખંડ)
સ્પેન=યુરોપ ખંડની પશ્ચિમમાં એક દેશ છે
ટાપુ=બેટ
શુદ્ધ=બરોબર; ખરેખરી
પવન પડેલો હતો=પવન બંધ હતો
આભ=આકાશ; ગગન
અધીરા=ધીરજ વગરના
ફોસલાવી=પટાવી
ધમકાવી=ધમકી આપી
કંટાળ્યા=કાયર થયા
અશક્ય=(અ+શક્ય)=થઈ શકે નહિ એવું
સ્પષ્ટ=ખુલ્લાં
જમીનનાં પક્ષી=જમીન પર રહેનારાં પક્ષી
આશ=ભરોસો; વિશ્વાસ
આંખ ન મીંચતાં=ઊંઘી ન જતાં
આનંદભર્યા શબ્દો=ખુશાલીનો પોકાર

પહો ફાટવો=સૂરજ ઉગ-
તાં પહેલાં અજવાળું
પડવું તે
કનડગત=હેરાનગતિ
ચુંબન=બોકી; બચ્ચી
સ્વાર્થ=(સ્વ=પોતાનો+
અર્થ=લાભ) પોતાનો
ખાતર=માટે [લાભ

પાઠ ૨૮.

સત્યવાદી (સત્ય+વાદ+
ઇ) સાચું બોલવાવાળો
યજ્ઞ-હોમ
દક્ષિણા=ગુરુ કે બ્રાહ્મણને
જમણે હાથે દાનમાં
અપાતી રકમ
કસોટી=પરીક્ષા; તપાસ
તેજ ક્ષણે=તરતજ
માર્ગ=રસ્તો; ઘાટ
સર્વસ્વ=બધું; સઘળું
મુહુર્ત=મહેતલ; વખત
વેરેલ=વેરેલે
સ્થાનક=ઠેકાણું; જગા
અયોગ્ય=(અ+યોગ્ય)=
લાયક નહિ
કંટકવન=કાંટાવાળું જંગલ
સુંવાળી=દુઃખ સહન ન
કરી શકે એવી
ક્ષત્રિયાણિ=(ક્ષત્રિય+
આણી) ક્ષત્રિયની બૈરી
બોલ=વચન; કોલ
આગ્રહ=મમત
નિંદી=વગોવી
અર્ધકાયા=અર્ધાંગના;
મૂલ=કિંમત [સ્ત્રી
સ્તબ્ધ થવું=ઠરી જવું
પાલવ=છેડો
ચંડાળ=નીચ કામ કરનાર
આચકો ખાય=ખંચકાય
મુડદું=લાસ; મરેલું પ્રાણી
જાળામાંથી=દરમાંથી
અનાથ=(અ+નાથ)=
ધણીવગરની; નિરાધાર
મસાણ=મુડદાં દાટવા
બાળવાની જગા
દેવું=દેણું; કરજ
ફૂલ પાથરેલી જગાએ
ચાલવાને બીલકુલ લા-
યક નહિ એવી જે
કોમળ અને રૂપાળી
સ્ત્રી તે એવી અંદર
ઘણાજ કાંટા છે એવા
વનમાં ધણીની પછવાડે
ચાલવા લાગી

પાઠ ૨૯.

સરપાણનો ધોધ=માંક-
ડીઘાટ; મોખડીઘાટ
જળધોધ=જોસથી પા-
ણીનો પડતો મોટો
પહોળો ધોધવો
ચાણોદ=ડભોઈ પાસે
નર્મદા કાંઠે જાત્રાનું
ઠેકાણું છે તે
સામે વહેણે=વહેતા
પાણીની સામે; ઉપલાણે
પનાઈ=ચપટા તળીઆની
નાની હોડી
બાહુ=ભુજ; ખભાથી
કોણી સુધીનો હાથ
ફુંફસાં=શ્વાસની ધમણો
આદિત્યેશ્વર=સૂર્યે સ્થા-
પેલા મહાદેવ
છાકરા=થોડા ઉંડા

રાજપીપળા=એ રેવાકાંઠા એજન્સીમાં છે.
કાળભૈરવ=શિવનું ભયંકર રૂપ
હરણ ફાળ=હરણના કુદકા જેટલું પહોળું
મેરૂ=મધુરૂ
વારિ=જળ; પાણી
ઢાળ ઉતાર=ઢાળ પડતી
પાત્ર=નદીને વહેવાનો માર્ગ; બે કાંઠા વચ્ચેનું તળીઉં
ફીણ=ધોળા પરપોટા
ભાસ=દેખાવ
અનંત=(અન+અંત)=પાર વગરની
પરકંમાવાસી=પ્રદક્ષિણા કરનાર
સદાવ્રત=(સદા+વ્રત)=ગરીબ મુસાફરોને ધર્માદા સીધું આપવું તે

પાઠ ૩૦.

સપુત=(સ+પુત) સારો છોકરો
તેહ=તે
સીધો મારગ=પ્રમાણિકપણે
અધર્મ=(અ+ધર્મ)=પાપ
ટાળે=દૂર કરે; મટાડે
સ્વજન=(સ્વ+જન) પોતાનાં માણસ; સગાં વહાલાં, નોકર, ચાકર વગેરે
દીન=ગરીબ
દુઃખડાં=દુઃખ; આફત
અરચીઆ=ભજ્યા
દામ=પૈસા
પરમારથ=(પરમ+અરથ) =પારકાનું ભલું
જોડે=મેળવે
ગર્થ=પૈસા
હરિ=પરમેશ્વર
અર્થ=માટે; વાસ્તે
ચાડી=ચુગલી
નવ=નહિ
અપયશ=(અપ+યશ)=અપકીર્તિ; ગેરઆબરૂ
અવનિ=પૃથ્વી
અવતાર=જિંદગી
સમસ્યા=ઉખાણા; કોયડા; ઉત્તર મેળવવાને સંકેતવાળી ભાષામાં કહેવું તે
ગોરી=સ્ત્રી
ગોખ=ઝરૂખો; માળનો આગળનો વધારેલો ભાગ
તળે=નીચે
નદીકેરે=નદીના
નીરે=પાણી ઉપર
નદી કેરે નીરે=નદીના પાણી ઉપર; નદીનું પાણી તેની ઉપર
તીરે=કાંઠે
ચોથ સવાયો=ચોથા ભાગનું સવાગણું; રૂ
કચરે=કાદવમાં
અડીઆં=પહોંચ્યાં;
સેવાલ=લીલ
કામની=સ્ત્રી
છત=સીલક
ચંપકવન=ચંપાના ઝાડ ઘણા હોય એવું જંગલ

તમમાંથી=તમારામાંથી	સંદેહ=વહેમ; શક	દે=આવે
એય=એઉ	સાંખ્ય=ગણિત શાસ્ત્ર	સાચ=સાચી
ગણુ=ગણતરી કર	સાક્ષી=સાબિતી.	

કવિતાની સમજુતી.

જે પ્રમાણિકપણે ચાલે, તે સારો છોકરો કહેવાય, જે પાપને દૂર કરે તે સારો છોકરો કહેવાય. જે પોતાનાં સગાંવહાલાંને સુખ આપે તે સારો છોકરો કહેવાય, જે ગરીબોના દુ:ખો મટાડે તે સારો છોકરો કહેવાય, વળી જેણે પરમેશ્વરને હેતથી ભજ્યા તેનું નામજ સારો છોકરો છે. શામળ કવિ કહે છે કે જેણે પારકાનાં ભલાંને માટે પૈસા વાપર્યા હોય તેજ સારો માણસ કહેવાય. (૧) જે વેપારથી પૈસા મેળવે તેજ સારો છોકરો કહેવાય; જે પ્રભુને નામે દાન કરતો હોય તેજ સારો છોકરો કહેવાય, જે ગેરઆબરૂથી બીતો હોય તેજ સારો છોકરો કહેવાય; જોતાં જેનામાં ઘણાજ સારા ગુણો માલમ પડે તેજ સારા છોકરાને સ્વર્ગમાં સુખ છે. શામળ કવિ કહે છે કે આ દુનિયામાં તે માણસની જેને સપુત છોકરો હોય તેની અથવા સપુતની જિંદગીને ધન્ય છે; મતલબ કે તેજ ખરેખરો જીવતો છે.

ગણિત શામસ્યા છપ્પા.

નીચે નદીનું પાણી તેની ઉપર આવેલા ઝરૂખામાં એક સ્ત્રી બેઠી હતી; તેનો મોતીનો હાર તૂટી ગયો અને તે નદીના કાંઠાપર જઈ પડયો. જરા વારમાં અર્ધાં મોતી પાણીમાં જઈને પડયાં. બધાં મોતીનો ત્રીજો ભાગ અર્ધો કાદવ ને અર્ધો કચરો એવામાં જઈને પડયાં; વળી છઠ્ઠા ભાગના મોતી સીલમાં ગબડી ગબડીને ગયાં, અને તે સ્ત્રીના હાથમાં બે મોતી રહ્યાં. ત્યારે કહો કે મોતી કેટલાં હતાં? જવાબ—સીલકમાં છન્નુ મોતી

હતાં, તેના ચોથા ભાગનું સવાયું એટલે ૩૦, અને છઠ્ઠે ભાગે એટલે ૧૬, અને હાથમાંના ૨ મળી ૪૮, પ્રથમના અર્ધાં એટલે ૪૮ જળમાં ગયા તે મળી કુલ મોતી ૯૬.

પક્ષીનાં બે ટોળાં આકાશમાં ઊડતાં ઊડતાં ચંપાના વનમાં આવ્યાં તે સૌને સારાં ગમ્યાં. એ ટોળામાંથી એક ટોળું બોલ્યું કે તારામાંથી એક અમારામાં આવે, તો આપણે બંને ટોળાંના પક્ષીઓ સરખાં થઇએ. તેથી બધાંના મનને સારાં લાગે. ત્યારે બીજું ટોળું બોલ્યું કે જો તમે અમને એક પક્ષી આપો તો અમો તમારાથી બમણા થઇએ, ત્યારે અમે પૂછીએ છીએ કે એ બંને ટોળામાં પક્ષી કેટલાં હતાં તે ગણીને કહો. જવાબ—એમાં વહેમ શો છે ! (ગણિત શાસ્ત્ર) સાબિતી દે છે કે બધાં મળીને ૧૨ પક્ષી હતાં; એકમાં સાત અને બીજામાં પાંચ (પહેલું બોલ્યું તેમાં પાંચ અને બીજું બોલ્યું તેમાં સાત.)

પાઠ ૩૧.

કનકમૃગ=સોનાનો હરણ
પંચવટી—પાંચ વડનો જથો; દંડકારણ્ય; નાશકની સામે ગોદાવરી નદીને કાંઠે એ સ્થાન છે.
નેત્ર=આંખ
ઠારે છે=સંતોષ પમાડે છે
અલૌકિક=દૈવી; અદ્ભુત; આ લોકમાં નહિ એવો.
મૃગલો=હરણ
નિર્ભય=બીક વગર
મુદ્દો=તરેહ
આર્યપુત્ર=એ શબ્દ પત્નીને બોલાવવામાં વપરાતો હતો; સ્વામી; રામ.
અયોધ્યા=સરયુ (ગોગરા) નદીને કાંઠે શહેર છે
છક=દિંગ; તાજુબ
મૃગચર્મ=હરણનું ચામડું
જાનકી=સીતા
આસન=બેઠક
અસુર=દૈત્ય; રાક્ષસ
વેષે=રૂપથી
કારમી=વિકરાળ; બિહામણી; ભયંકર
ચીસ=ગભરાટમાં બૂમ પાડવી તે
પર્ણકુટી=ઝૂંપડી
ઢાળ=ધારકો
વલોવાઈ=ઉથલ પાથલ થઈ
કઠોર=વજ્ર; કડવા
હરિઆળી=લીલોતરીવાળી

અખલ=અલખ; ધ્યાનમાં નહિ આવે એવા પરમાત્મા. (એ શબ્દ જોગી વાપરે છે)
જગાવતો=બોલાવતો
ગોદાવરી=સહ્યાદ્રિ પર્વતમાંથી નીકળી ઉત્તર સરકાર પ્રાંતમાં વહી બંગાળી ઉપસાગરને મળે છે તે નદી(એને કાંઠે નાશક; ત્ર્યંબક, રાજમહેંદ્રી ને ચાનાન છે.)
અતિથિ=ભિક્ષા માગવા આવેલો માણસ
પોત પ્રકાશવું=ખરેખરું સ્વરૂપ જણાવવું
રાતાં થઇ=ગુસ્સે થઇ
ભમર ચઢાવી=ડોળા કાઢી
વિકરાળ=બિહામણું
ધારણ કર્યું=પ્રકાશ્યું
રથ=ચાર પૈંડાની ઘુમટવાળી ગાડી.

પાઠ ૩૨.

કંજુસ=કૃપણ; બખીલ
દળદર=ગરિબાઇ
વિદ્યાર્થીના આશિર્વાદ=ભીખ માગવી તે;
ઝીક મારવી=પત્થરપર પછાડી ધોવું
વારસો=વડીલો તરફથી મળેલી પુંજી
વધ્યાસધ્યા=વધારાના
સંકલ્પ=ઠરાવની નિશાની તરીકે હાથમાં પાણી લઈ જમીનપર મૂકવું તે
કૃપણ=કંજુસ

પાઠ ૩૩.

બનાવટ=રચના; ગોઠવણ
નાસ્તિક=ઇશ્વર નથી એમ માનનાર
કર્તા=બનાવનાર; રચનાર
અસાધારણ=ઘણીજ
કીમતીપણું=ઉપયોગીપણું
મદ=શરીરમાંનો એક ધાતુ. જાડા માણસમાં એ ધાતુ બહુ હોય છે
કોમળપણું=નાજુકાઇ
આરામ=વિસામો
સરળતા=સહેલાઇ
સંરક્ષણ=સારી સંભાળ
ભમર=ભવાં
છાજલી=છજું
જતન=રક્ષણ; સંભાળ
ડોળો=આંખનો ગોળો
વાટે=રસ્તે; રહે
નસકોરાં=નાકના દમ લેવાનાં બે કાણાં
બ્રહ્માંડ=વિશ્વ
અંધેર=ગેરવ્યવસ્થા
ગરજ સારે=કામ કરે
સાખ=સાહેદી; પુરાવો
પુરે છે=આપે છે
ખુબી=તાસીર; બલીહારી

પાઠ ૩૪.

અરજ=પ્રાર્થના; વિનંતી
અવિનાશી (સં) અ=નહિ+વિ+નાશ + ઈ=વાળા)=જેનો નાશ નથી તે; અમર; પરમાત્મા
દયાળ=દયાળુ
આશ=આશા; ઇચ્છા

લેશ=જરા
ઉદાસ=દીલગીર
ભેળાં=ભેગાં
નિરાશ-(સં)(નિર=નહિ +આશ = આશા)= આશા વગરનો; નાઉમેદ
શુભ=સારા
કચાશ=ખામી

મતિ=બુદ્ધિ
સમાશ=સમાવેશ; મેળાપ
નિર્મળ (સં) (નિર્=નહિ+મળ=મેલ)=મેલ વિનાનો; ચોક્ખો
નિશદિન=રાત દહાડો; હમેશાં (નિશ=રાત)
પસરે=ફેલાય

સુવાસ=સારીવાસ; આબરૂ
અંતર=મન
ઉજાસ=અજવાળું; નિર્મળપણું
આધાર=આસરો
હાસ=નિરાંત; શાંતિ
કુચાલો=ખરાબ રિવાજ; નઠારી રીતભાત

કવિતાની સમજુતી.

હે પરમેશ્વર વિનંતી સાંભળો, હે નાશ વગરના પરમેશ્વર તમે અમારી પ્રાર્થના સાંભળો. અમે બાળક તો થોડી બુદ્ધિવાળા છીએ, અને આપ તો દયાળુ છો. અમારી એક ઇચ્છા છે, હે નાશ વગરના પરમેશ્વર અમારી પ્રાર્થના સાંભળો. અમે છોકરાઓ તો ઘણાએ ગુનાઓ કરીએ પણ તેથી તમે લગાર પણ દીલગીર થશો નહિ. (ટેક) અમે બધા વિદ્યા ભણવાને ભેગા થઇએ છીએ તેમાં તમે અમને નાઉમેદ કરશો નહિજ. (ટેક) અમે બધા સમજીને સારા ગુણ લઇએ કે જેથી જરાપણ ખામી રહે નહિ; (ટેક) સારા ગુણોની સાથે અમને સારી બુદ્ધિ આપો કે જેથી કરીને અમે બધામાં મળી જઇએ. (ટેક) રાત દહાડો ચોક્ખા મનના રહીએ કે જેથી કરીને અમારી સારી આબરૂ ફેલાય; (ટેક) અમે મોઢેથી એવું માગીએ છીએ કે અમારા મનમાં જ્ઞાનનો પ્રકાશ થાય: (ટેક) આપની મદદ મળવાથી મનમાં નિરાંત રહે છે કે, (ટેક) કોઈ પણ વખત અમારામાં જરા પણ નઠારી ચાલ રહે નહિ અને સુખ કાયમ રહે (ટેક)

નિધિ=ભંડાર
દયાનિધિ=દયાનો ભંડાર; પરમેશ્વર
અશરણ=આધાર વગરના; નિરાધાર
શરણ=આધાર
અશરણ શરણ=આધાર વગરનાનો આધાર
વા'ર=મદદ
લીલા=ખૂબી; શોભા
અકળ=સમજાયનહિતેવી; જાણી ન શકાય એવી

આકાર=મૂર્તિ; ઘાટ
જર=પૈસો
સકળ=સઘળી; બધી
વિકળતા=ગભરામણ; મુંઝવણ
ટાળી=મટાડી; દૂર કરી
વીખ=ઝેર
વાર=અટકાવ; રોક
બાનું=નામ; નિમિત્ત
પત=ટેક
પતિતોદ્ધાર-(સં) (પતિત =પાપી+ઉદ્ધાર)=પાપીને તારનાર; પરમેશ્વર

અભય=બીક વગરનું
અચળ=ચળે નહિ એવું; કાયમ
યાચું=માગું; જાચું
વારવાર=વારે ઘડીએ
તારી=ઉગારી; બચાવી
પાર=કાંઠે
લહું=મેળવું
વિસ્તાર=વિશાળપણું; આત્માનું મોટાપણું
પદ=પદવી
કા'ન=કહાન કવિ.

હે દયાના ભંડાર (પરમેશ્વર) તું મારો આધાર છે મને તમારો એકલાનોજ આશરો છે. તારૂં સારૂં નામ નિરાધારનો આધાર છે. માટે તું મને મદદ કર. (ટેક) હું જ્યાં જોઉં છું ત્યાં તારી ઘણીજ ખુબી જણાય છે. અને તારી શક્તિ ને રૂપ સમજી શકાય નહિ એવાં છે. (ટેક) આ દુનિયાના માણસોનું હેત રૂપને લીધે, રંગને લીધે કે પૈસાના લોભને લીધે છે, (ટેક) તું સઘળી ગભરામણ મટાડી દઈને ઝેર રૂપી વિષયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ)થી દૂર રાખ, (ટેક) હે પાપીઓને તારનાર ધણી તું હેતથી તારા નામનો ટેક રાખ. (ટેક) તારૂં બીક વગરનું અને ચળે નહિ એવું (કાયમનું) સારૂં ઠેકાણું (પદ) હું હરઘડી માગું છું. (ટેક) જો કે તું ઇન્સાફી છે છતાં પણ અમને માફ કરી (આ દુઃખરૂપ સંસારમાંથી) ઉગારીને પાર ઉતાર

મતલબ કે જન્મ મરણના ફેરા ટાળ. (ટેક) કહાન કવિ કહે છે કે હું તને પસંદ પડતાં કામ કરીને આત્માની ભલાઈ મેળવું (ટેક)

પરેશા=પરમાત્મા; મોટા ધણી; પરમેશ્વર
વિશ્વેશા=વિશ્વના સ્વામી, પરમેશ્વર
અકળિત=સમજાય નહિ એવી
ગતિ=શક્તિ
હિતાર્થે=લાભ માટે
જગપતિ=જગતના ધણી, પરમેશ્વર
ભારી=મોટું
નિરખી=ધારીધારીને જોઈ
મથી=મહેનત કરી
મથી મથી=મહેનત કરી કરી
શો=કેવો

દીસે=દેખાય
જળનિધિ=પાણીનો ભંડાર; સમુદ્ર
નૃત્ય=નાચ
તરંગો=મોજાં
મધુર=મીઠા
સૂર=અવાજ
આલપતો=ગાતો
ઝૂકી=નમી; લચી
લહેર=સપાટો; સુરખી
નમન=નમસ્કાર
પ્રતિ=તરફ
રમણીય=ખુશકારક; શોભિતાં
દર્શાવે=દેખાડે; બતાવે
કળા=યુક્તિ; તદબીર

મણા=ખામી; ખોડ
વ્યાઘો=વાઘો
ગર્જન=ગર્જના
ઘોર=ભયંકર; બિહામણી
ભયભીત=ભયંકર; બિહામણી
અગણિત=અસંખ્ય
વિરાજીત=શોભિતા
જંતુ=જીવડાં
વૃક્ષ=ઝાડ
દીપસમ=દીવા જેવા
તરુવર=મોટાં ઝાડ
મઢી=જડી
પોકારી=બૂમો પાડી
કે=કહે
વડી=મોટી

હે મોટા ઇશ્વર, હે બ્રહ્માંડના સ્વામી ! તારા કામ કામ અને શક્તિ સમજાય નહિ એવાં છે. હે જગતના ધણી (પરમેશ્વર) તેં આ બધું માણસના સુખને માટે બનાવ્યું છે તારાં ભારે કામ જોઇને માણસો (કામ સમજવાને) મહેનત કરી કરીને આખા ખસે છે, તારા ગુણો ગાવાને માટે માણસની બુદ્ધિ જરાપણ ચાલતી નથી મતલબ કે તારા ગુણોની ગણતરી કરવાની શક્તિ માણસમાં નથી. (૧) અહો ! આ

સમુદ્ર કેવો મોટો નાચ કરતો-ગાજતો જણાય છે! મોજાંઓ ઉછાળીને જાણે મીઠા અવાજથી ગાજતો હોયની! બાગો અને વાડીઓમાં ફળ અને ફૂલથી ડાળીઓ ઘણી નમી રહેલી છે તે જાણે પવનના સપાટાથી પરમેશ્વરને નમતી હોયની! (૨) ખુશકારક પક્ષીઓ વારંવાર મધુરૂં ગાઇને ખુશ થાય છે, વળી વાઘો અને સિંહો ભયંકર અવાજ કરીને ફરતા, તેથી પાસેના પહાડ ફરીને ભયંકર શબ્દો કરતા. તેના પડઘા પડતા તે એમ બતાવી આપે છે કે પરમેશ્વરની સમજાય નહિ એવી કળામાં કાંઈ ખામી નથી. (૩) દીવાબત્તીને વખતે જોતાં શોભિતા અસંખ્ય ઝીણાં જીવડાંઓ ઝાડપર સળગતા દીવા જેવા દેખાય છે અને સુશોભિત ઘણાં પક્ષીઓ ઊડતા તે ચળકે છે તેથી જાણે મોટાં ઝાડો શું હીરાથી જડી લીધાં હોયની! માણસો બૂમ પાડી આશ્ચર્ય પામીને કહે છે કે અહા! પરમેશ્વરનું કામ કેવું મોટું છે! (૪)

પાઠ ૭૫.

વિસારે મૂક્યા વિના=ભૂલી ન જતાં
પરસ્પર=એક બીજાનો
એદીપણું=આળસાઇ
ભૂસ્તર વિદ્યા=પૃથ્વીના પડ ઓળખવાની વિદ્યા
ચિહ્નો=નિશાની
ખોળ=તપાસ
મુનીમ=કારભારી; મુખ્ય મહેતો
અગત્ય=જરૂર
ધ્યાન=લક્ષ
આધારે=ભરોસે
ખોદાણ=ખોદકામ
સ્વાશ્રય=પોતાની જાત પર આધાર રાખવો તે
કાળજી=ચેટક; ખંત
કર્મ=નસીબ
અદકો=મોટો
આપ=પોતે
પુર=પુરા
પ્રતાપ=પરાક્રમ
બધાથી મોટો પોતે ઉદ્યમ, ઉદ્યમ, ઉદ્યમ જ છે; નસીબ બિચારૂં રાંકડું-કંગાળ છે પણ ઉદ્યમનું પરાક્રમ પૂરેપૂરૂં મોટું છે.

પાઠ ૭૬.

સફર=લાંબી મુસાફરી
ધનાઢ્ય=ઘણો પૈસાદાર
દરીઆમાર્ગે=જળ માર્ગે; વહાણ વાટે
વતની=રહેવાસી

ખ્રિસ્તી-ઇસુ ખ્રિસ્તને માનનાર
વહાણવટી=ખલાસી
કેપ=ભૂશિર
ઓવ=ની
ગુડ=સારી
હોપ=આશા
લિસ્બન=પોર્ટુગલની રાજધાનીનું શહેર છે.
નાતાલ-અંગ્રેજની દિવાળી; તા. ૨૫ મી ડિસેંબરથી આઠ દિવસનો તહેવાર; ખ્રિસ્તીમસ
ભાવ-પ્રીતે
ભોમીઓ=જાણીતો
કાલીકટ=પશ્ચિમ કિનારે મલબાર કાંઠે બંદર છે
મથક-જગા; સ્થાન
સિંહલદ્વીપ-લંકા
પરવાનગી-રજા; મંજુરી
સમૃદ્ધિ-પુષ્કળ દોલત
અચંબો=ઇંગ; તાજુબ
નજરાણું-ભેટ
છુટ=પરવાનગી; રજા
ધક્કો=નુકસાન
પૂર્ણ=પુરેપુરી
માહીતી=અનુભવ
હિત=ભલું
પ્રવેશકર્યો-દાખલ થયો

પાઠ ૩૭.

ઉમરાવ=અમીર
કીટલી=ચાહાની
નાળચું=નળી
પ્રયોગ=અજમાએશ
અનુભવ=જાતમાહીતી
સ્કોટલાંડ=ગ્રેટબ્રિટનમાં દેશ છે
બુદ્ધિશાળી=અક્કલબાજ
ગ્લાસગો=સ્કોટલાંડમાં મોટામાં મોટું શહેર છે
નમુનો=ઘાટ; આકાર
ખામી=ખોડ
આરંભ=શરૂઆત
ધૂમકેતુ=પુછડીઓ તારો
કલાઇડ=સ્કોટલાંડમાં નદી છે
આટ્‌લાંટિક=એ નામનો મહાસાગર છે. (એમાં પાણી ૩૫૦ લાખ ચોરસ મૈલ છે)
ઉપરાઉપરી=એક પછી એક
ઇંજનેર=બાંધકામ ખાતાનો અમલદાર
દરજ્જે=પદ્વી; ઓદ્દો
જાતબુદ્ધિ=પોતાની અક્કલ
અપૂર્વ=આગળ નહિ થએલી એવી
રેલવે=લોઢાની સડકનો રસ્તો
ફતેહમંદી=જીત
નિર્ભય=બીક વગર
ખંત=કાળજી; ચેતક
નવાઈ=અચરતી
હવાઈ=હવામાં ઊડે એવું એક જાતનું દારૂખાનું
જાહોજલાલી=ભપકો તથા શોભા
પાઉંડ=પંદર રૂપીઆની કિંમતનો સોનાનો સિક્કો.

પાઠ ૩૮.

=આરા; શોભાયમાન
ીર=રામચંદ્રજી
ાજતા=શોભતા
ા=સાથે
નો ધર્મ=બાપદાદાથી ાલનો ધર્મ
ા=વિલાસ; ક્રીડા
.મ=નવીન
=મજા
ળ=પવિત્ર; ચોકખું
=આશ્રમ
=છવાઈ
=ધીરજવાળા; ધૈર્ય-ાન
કુટી=છાલ ડાળાંની પડી
=જથો; ટોળું
} =ફૂલના વેલા
=એક જાતનું ઝાડ
પદ=ભમરો
=બોલે
ંદ=ફૂલનો રસ; મધ

મધુ=મીઠું
ચંપક=ચંપાનું ઝાડ
કરેણી=કરેણીના ફૂલનું ઝાડ
આંબાસાખ=આંબાપરજ પાકપર આવેલી કેરી
જામફળ=જમરૂખી
કદળી=કેળ
મંડપ=માંડવો
દ્રાક્ષ=દરાખ
નાળિકેળ=નાળિએર;
જંબીર=જાંબુ
કણુસ=ચાંપાનું ઝાડ
ફોફળી=સોપારણુ
સીતાફળી=સીતાફળનું ઝાડ
શતપત્રી=સો પાંદડાંની વેલી
કુંદ=એક જાતનો છોડ
મસમસતો=મઘમઘતો
મેંક=બહેકે
અપાર=ઘણાં
તરૂ=ઝાડ
સોહામણા=શોભિતાં

બક=બગલો
પારાવત=કબુતર
મૃગ=હરણ
કારંડવ=બતક
ચાતક=બપૈયા
ચકોર=એક જાતનું પક્ષી
કોકીલા=કોયલ
કપોત=હોલો
ખંજક=એક જાતનું પક્ષી
આદે=આદિ; વગેરે
લલિત=સુંદર
વિહંગ=પક્ષી; પખી
ભૂમિ=જમીન
કળા કરવી=પીછાં ઉંચા પહોળાં કરવાં તે
જય જય=જે જે
ખગ=(ખ+ગ) પક્ષી
ભીલડી=ભીલની સ્ત્રી
જૂથ=ટોળું
વનફળ=વનમાં થતાં ફળ
પડીઆ=દડીઆ
જનકસુતા=જાનકી; જનક રાજાની પુત્રી; સીતા

૩૫-કાંતિ	લક્ષ્મણ	ગ્રાસ=કોળીઓ
ચકિત=દિંગ; તાજુબ	આરોગાવી=ખવડાવી	ગ્રાસ કરે=ખાય
સૌમિત્રિ=સુમિત્રાનો પુત્ર;	વળતાં=પછી	

કવિતાની સમજુતી.

પંચવતીમાં શોભાયમાન રામચંદ્રજી રહેતા હતા. તેમની સાથે સીતા અને લક્ષ્મણ હતાં તે સેવા કરતાં હતાં. એમ સૌ પોતપોતાના ધર્મ પ્રમાણે ચાલતાં હંમેશાં નવીન મઝા અને વિલાસ કરતાં હતાં. પંચવટીમાં શોભાયમાન રામચંદ્રજી રહેતા હતા. (૧) પંચવટીની પાસે ગોદાવરી નદીનું પવિત્ર પાણી વહે છે. અને ઠેકાણે ઠેકાણે ધૈર્યવાન ઋષિઓના આશ્રમો આવી રહ્યા છે. ઝુંપડીની પાસે સીતાજીએ વાડી બનાવી હતી, અને તેમાં તુળસીના છોડના જથ્થા વાવ્યા હતા; તેમાં જાઈ, જુઈ, મકંદ, આંબો ને મોગરો પણ હતાં ફૂલનો મીઠો રસ-મધ ભમરાઓ ચુસતા અને ગુંજરવ કરતા. (ટેક) (૨) વળી વાડીમાં ગુલાબ, ચંપો, ડમરો, ચંપેલી અને માલતી હતાં; કરેણી અને આંબા પર પાકવા આવેલી કેરી પવનથી હાલતી હતી, અને જમરૂખી, દાડમડી, નારંગી અને કેળ પણ હતી, તેમજ દરાખના માંડવાં ઉપર લુમો લચી રહી હતી; (ટેક) (૩) વળી તેમાં નાળિએરી, જાંબુડી, ફણુસ અને સોપારણુ તેમજ સીતાફળી, શતપત્રી, કુંદ, કલ્હારના ઝાડ હતાં; કેવડા ચારે તરફથી સારી વાસ આપતા હતા, એમ જાત જાતનાં ઘણાં ફૂલો ખીલ્યાં હતાં. (૪) ઝાડો પર બગલા, કબુતર, ચકવા, ચકવી, હંસ ચકોર, બપૈયા, કોયલ, હોલા, ખંજન, બતક વગેરે સુંદર પક્ષીઓ અને જમીનપર હરણુ વગેરે પશુઓ મધુર અવાજ કરતાં હતાં. (ટેક) (૫) જમીન ઉપર મોર કળા કરીને નાચતા હતા, અને મેનાં તથા પોપટ જય રામ જય

રામ બોલતાં હતાં; શોભિતા સારસ મીઠા શબ્દો બોલતાં હતાં. એવાં પક્ષી અને હરણોને જોઇને સીતાજી મનમાં ખૂશ થતાં હતાં (ટેક) (૬)

રામ પંચવટીમાં રહ્યા છે અને તેમના દિવસ મગ્નમાં જાય છે; લક્ષ્મણ અને સીતાજી રામચંદ્રજીની સેવા હોંસથી કરે છે. (૧) ભીલડીઓનાં ટોળાં મળીને સીતાજીને જોવા આવે, અને જાત જાતના વનમાં થતાં ફળના તથા મેવાના દડીઆ ભરી ભરીને લાવે. (૨) સીતાજીની વાડીમાં હરણોનાં ટોળાં ચરવા આવે, અને તે ટોળાં બધાં સીતાજીની કાંતિ જોઇને ત્યાં દિંગ થઇને જાય. (૩) હમેશાં લક્ષ્મણ ફળ લાવીને સીતાજીની પાસે મૂકે, અને સીતાજી શ્રીરામને ખવડાવીને પછી પોતે ફળ ખાય. (૪)

પાઠ ૩૯.

મતભેદ=વિચારફેર; દરેક જણનું જુદી જુદી સમજનું કહેવું તે

એકંદર=સામટો; કુલ

પુરાવો=સાબીતી

પણ=બાધા; નીયમ

નિશ્ચય=ઠરાવ

આખ્યાન=વાર્તા; કથા

ચોખ=ઇચ્છા

શામળ=નરસિંહ મહેતાનો છોકરો

ઝટ=તરત ને તરત

ફરેથી

નળાખ્યાન=નળ રાજાની વારતા

મામેરૂં=મોસાળું

કવિત્વ=કવિપણું

કવિત્વશક્તિ=કવિતા બનાવવાની આવડ

આરોગ્ય=તદુરસ્ત

ઓખા=બાણાસુરનીકન્યા; અનીરૂદ્ધની સ્ત્રી

સુભદ્રા=દેવકીની પુત્રી; કૃષ્ણની બેન; અર્જુનની સ્ત્રી; અભિમન્યુની મા

સુધન્વા=ચંપાવતીના રાજા હંસધ્વજનો પુત્ર

પાત્ર=વિષય

રસીલા=રસિક

સ્વર્ગવાસ=મરણ

પાઠ ૪૦.

અલ રસીદ=ઇન-સાફી

રહેણી=રીતભાત

ખલીફા=મહંમદ પેગંબરના વારસ

વંશપરંપરા=ઓલાદથી ઉતરી આવેલો; પેઢી દર પેઢી

દમાસ્કસ=એશિઆઇ તુર્કસ્તાનમાં શહેર છે [એ દુનિયામાં જુનામાં જુનું શહેર છે.]

પ્રપૌત્ર=(પ્ર+પૌત્ર) દીકરાના દીકરાનો દીકરો
ખિલાફત=ખલીફાની ગાદી
બગદાદ=એશિઆઈ તુર્કસ્તાનમાં શહેર છે
વૃદ્ધિ=વધારો
ધર્માધ્યક્ષ=ધર્મનો ઉપરી
મુરબ્બી=આસરો આપનાર
દીનાર=એ નામનો એક જુનો રૂપાનો અઢી રૂપીઆની કિંમતનો સિક્કો
તાજુબી=નવાઈ
ખજાનચી=ખજાનાનો ઉપરી; ત્રિજોરર
દૃષ્ટિ=નજર
જનાનખાનું=બૈરાને બેસવાની ઊઠવાની જગા; રણવાસ
દામ=નાણાં
સૂધ=ભાન; સમજ

પાઠ ૪૧.

દેશાટન=દેશે દેશ ફરવું તે; મુસાફરી કરવી તે
શ્લોક=બે લીટીની સંસ્કૃત કવિતા
મિત્રતા=દોસ્તી; સોબત
આપવડાઈ=જાતની ખોટી મોટાઈ; પતરાજી
કષ્ટો=દુ:ખો
વાંધા=હરકત; અડચણ
જાતહિંમત=પોતાની હિંમત
કૃતિ=કામ; કાર્ય
નિહાળવું=ધારીને જોવું
અપાર=પાર વગરની; ઘણીજ
મિજાશ=મઝા; આનંદ
સ્મરણ=યાદદાસ્ત
ભાવ=પ્રીતિ
પુરતી=પુરેપુરી

પાઠ ૪૨.

ખારીલાપણું=દુશ્મનાવટ
અવગુણ=દોષ
અર્થ=મતલબ; સાર

ઉદાર=મોટા મનનો
પ્રેમી=માયાળુ
નીચ=હલકા મનનો
દ્વેષી=કીનાખોર; અદેખો;
ઉજળો=ખરો
ક્રૂરપણું=ઘાતકીપણું
દ્વેષ=અદેખાઈ; વેર
પ્રગટ થતી=શરૂ થતી
ઘોળાયા કરતો=મનમાં રમ્યા કરતો
ઘુંટાયા કરતો=ગોખાયા કરતો
લુણો=ભીં, ઇંટ, માટી વગેરેમાં જે ખારનો ભાગ જામે છે તે
ખારીલા=કીનાખોર; દ્વેષી
હૃદય=અંતઃકરણ; મન
ખાર=અદાવત; વેર
કાયમ=હંમેશ
પ્રફુલ્લતા=આનંદથી ખીલવું તે
કૃત્ય=કામ; કાર્ય
સાધવામાં=પાર પાડવામાં
ફલાણો=અમુક

દ્વેષીલા=ખારીલા
ધિક્કાર=તિરસ્કાર
કોશળદેશ=હાલના બિહાર, અયોધ્યા તથા આગ્રા પ્રાંતો
ઘાતકી=ક્રુર; નિર્દય
દુશ્મનાવટ=દુશ્મનાઈ
પ્રેમ=માયા; હેત
હજુરમાં=પોતાની પાસે
વીર=બહાદુર; યોદ્ધો
ભૂષણ=શણગાર

પાઠ ૪૩.

શાંતિભરી=ધીરજવાળી
કરિયાણું=તજ, લવેંગ, એલચી, મરી વગેરે
વખાર=જથાબંધ માલ રાખવાનું ઠેકાણું
છુટકો=ઈલાજ, ઉપાય
ધારકો=એકદમ પડેલી ઉંડી ને ભારે ફીકર
મોગરો=દીવાની વાટની સળગતી ચીણગારી
જ્યોત=સળગતી વાટ
રચ્યો=બનાવ્યો

સ્થિર=શાંત
ખાસ=ઘણી; બહુ
માર્ગ સૂઝી આવ્યો=ઉપાય જડયો.

પાઠ ૪૪.

હિત-ભલું
બધિર=બહેરો
સ્વાધિન=તાબે; વશ
સમ=સરખો; જેવો
સારૂં=મીઠું; મધુર
ગુંગ=ગુંગો; મુંગો
નીત=હંમેશાં
પરઉપકારી=પરોપકારી
ધીર=ધીરજવાળો
રણે=લડાઈમાં
નિર્ભય=નીડર; બીક વગરનો
ભારી=ઘણા
મનનો સુખી=સંતોષી
સ્તુતિ=વખાણ; તારીફ
ખતા=ઠોકર
પીઠપાછળ=ગેરહાજરીમાં
અનાદર=(અન+આદર) તિરસ્કાર; તુચ્છકાર.

કાળે=વખતે; સમયે
દશા=હાલત; અવસ્થા; સ્થિતિ
સહી=નક્કી; નિશ્ચય
હિતુ=ભલું ઇચ્છનાર; હિતેચ્છુ
શીખ=શિખામણ
ભાષણ=વાકય; બોલ
તોય=તોપણ
હિતકાર=ભલું કરનાર
છાની=ગુપ્ત; છુપી
સાચ=સાચો; ખરો
સ્નેહી=પ્રીતિવાળો
આમદાની=આવક; પેદાશ
સાવધ=હોશિયાર
વહેવારે=વ્યવહારમાં; ખરી રીતે
શરમ=લાજ; સહે
હોરી લે છે=ખમે છે
વારતા=વાત; શિખામણ
પતે=પતી જાય; મટે
ઘર મેળે=માંહોમાંહે
કાજી=ન્યાયાધીશ
કો=કોઈનું

સર્વથા=સર્વ પ્રકારે; બધી રીતે
વૈરભાવ=દુશ્મનાવટ
કથા=વાત
ટોકી બાર ન કાઢવી=આગેવાન ન થવું
પુરૂં=સમાપ્ત; ખલાસ
હાથ ઘાલવો=શરૂ કરવું
વિચાર=અભિપ્રાય; મત
આલવો=આપવો

કવિતાની સમજુતી.

ભલાને માટે કહીએ તે સાંભળે નહિ—મનમાં રાખે નહિ, તેને બહેરો જેવો જાણવો; જે માણસ ગુસ્સાને તાબે થાય—ગુસ્સો કરે, તેને આંધળા જેવો સમજવો. જે માણસ મધુરૂં બોલી જાણતો નથી તેને ગુગા જેવો સમજવો. સારૂં માઠું નહિ સમજતો હોય તેને ઢોર સમજીને કાઢી મૂકવો (૧) જે હંમેશાં પારકાનું ભલું કરનારો છે તેનેજ મોટો માણસ સમજવો. જે લડાઈમાં ઘણો નીડર છે; તેનેજ ધીરજવાળો માનવો. જે માણસ પૈસા, જુવાની ને ઉમર પર ભરોસો રાખતો નથી તેનેજ ડાહ્યો ને સંતોષી સમજવો. (૨) આપણા વખાણ સાંભળીને ભોળાઈને છેતરાવું નહિ, કારણ કે મતલબને માટે લુચ્ચા લોકો ઘણું જુઠું બોલે છે. કોઈ આપણી બદબોઈ કરે તો તે સાંભળીને લડવું નહિ. કારણ કે નીચ માણસ હોય તે આપણી ગેરહાજરીમાં જુઠું બોલે છે (૩) કોઈને ગરીબ જોઈને તેનો તિરસ્કાર કરવો નહિ. કારણ કે કોઈ વખતે આપણા પણ એવા હાલ નક્કી થાય. ભલું કરનાર માણસની શિખામણનું વાક્ય કડવું હોય છે ખરૂં, તોપણ તે ભલું કરનાર છે માટે તેમની સાથે દુશ્મનાઈ શા માટે કરવી ? મતલબ કે દુશ્મનાઈ કરવી નહિ. (૪) આપણી ગુપ્ત વાત હોય તે કોઈને વિશ્વાસ રાખી કહેવી નહિ. પણ આપણો ખરો પ્રીતિવાળો હોય તો તેને ભરોસે નક્કી કહેવી. લોકો ઉપજ અને ખર્ચ લખવામાં હોશિયાર રહે છે; પણ જે વહેવારમાં—આપલેના સંબંધમાં શરમ રાખે છે તે નુકસાન ખમે છે.

(૫) બાળકો પાસેથી પણ ડહાપણની શીખી લેવી. જ્યાં સુધી કજીઓ ઘેર મેળે પતે ત્યાં સુધી ન્યાયાધીશ પાસે જવું નહિ. મુએલા માણસનું નક્કી કોઈ દિવસ પણ ભુંડું બોલો નહિ, કોઈની સાથે લડાઈ રાખવી નહિ અને કોઈની છાની વાતો ઉઘાડી પાડવી નહિ. (૬) ગળ્યું ખાવાને માટે જીભને ઘણો મહાવરા પાડવો નહિ મતલબ કે ગળ્યું ખાવાની ઘણી ટેવ રાખવી. નહિ. બીજાનો કજીઓ માથે લેવાને આગેવાન થવું નહિ. એક કામ પુરૂં થાય ત્યાર પછીજ બીજું કામ શરૂ કરવું; બે જણની વાતમાં ત્રીજા માણસે એટલે આપણે તરત અભિપ્રાય આપવો નહિ. (૭)

પાઠ ૪૫.

આશ્વિન=આસો
માવત=હાથીનો હાંકનાર
ખવાસ=હજુરીઓ ચાકર
ભાંડ=મશ્કરો
વાહન=બેસીને ફરવાનું સાધન; ગાડી, રથ, પાલખી વગેરે
અધીરા=ધીરજ વગરના
ઉમેદ=આશા
ભીડ=ગીરદી; ઠઠ
આશ્ચર્યકારક=નવાઈ જેવું
સુંદરીઓ=સ્ત્રીઓ
રમણિક=સુંદર
સ્પર્ધા=સરસાઈ; હરિફાઇ
ઉત્સવ=તહેવારનો દિવસ
ભરપુર=ભરેલા
હર્ષને બહાર જવાનો રસ્તો આપતા હતા–આનંદ દેખાતા હતા
સવારી=વરઘોડા જેવું સરઘસ
વકરો=માલ વેચતાં ઉપજેલા પૈસા
પારણા=અપવાસ મુકવો તે
અષ્ટખુણું=(અષ્ટ×ખુણું) આઠ ખુણાવાળો
બુરજો=ગઢી; નાના કિલ્લા
કીર્તિસ્તંભ=યાદગીરી રાખવા માટે ઉભો કરેલો ચણતરનો થાંભલો
રાસ=શ્રીકૃષ્ણ અને ગોપીઓની દાંડીઆ રમવાની ક્રીડા
ચોઘડીઆ=ચાર ચાર ઘડીએ દેવસ્થાન વગેરેમાં ટકોરખાનું વાગે છે તે
નોબત=મોટું નગારૂં
શંખનાદ=શંખનો અવાજ
શય્યા=પથારી
સમક્ષ=રૂબરૂ; નજર આગળ
મંત્ર=દેવની સ્તુતિ સંબંધી શ્લોક

પાઠ ૪૬. ભાગ ૧લો.

જોડું=નરમાદા
પારધી=શિકારી; વાઘરી

લાગણી=દવાની અસર
સમજ્યું=સમજ પડી
રામાયણ=રામને સીતાના સ્નેહ સંબંધી તથા સીતાને હરી જનાર રાવણની માઠી સ્થિતિ વિષેનું કાવ્ય
સુગ્રીવ=વાલી વાનરનો ભાઈ
હનુમાન=વાનર (એની ઉત્પત્તિ વિષે અંજની ની કથા જોવી)
અંગદ=વાલી વાનરનો પુત્ર. એ બૃહસ્પતિનો અવતાર હતો.
જાંબુવાન=રામને સહાય કરનાર રીંછ; એ વિષ્ણુના બગાસામાંથી ઉત્પન્ન થયો હતો.
વાનર=વાંદરા
પત્તો=ઠામ
અશોક વન=બગીચાનું નામ છે
એંધાણી=નિશાની

સમાચાર=ખબર
અનુચર=(અનુ+ચર) સેવક; દાસ
પડાવ=મુકામ
વિષ્ટિ=સલાહનું કહેણ
વિભિષણ=રાવણનો ભાઈ
સમાધાન=સલાહ
સલાહ=અભિપ્રાય
કુંભકર્ણ=રાવણનો ભાઈ
ઈંદ્રજીત=રાવણનો પુત્ર
પ્રવેશ કર્યો=દાખલ થયો
અયોધ્યા=રામનું રાજનગર
ભરત=રામનો ભાઈ; કૈકેયીનો પુત્ર
ગર્ભવંતી=દહાડાવાળી
જોડકા=સાથે જન્મેલા બે બાળક
અશ્વમેધ=બધા રાજાઓ પર જીત મેળવીને કરવામાં આવતો યજ્ઞ
પતિપત્ની=ધણી ધણિઆણી
રાજાનાધર્મ=રાજાની ફરજ

પાઠ ૪૬. ભાગ ૨ જો

ભરતકુળ=ભરત રાજાનો વંશ
હસ્તિનાપુર=દિલ્હીની ઉત્તરે ૬૦ મૈલપર પાંડવ કૌરવની રાજધાનીનું શહેર હતું તે
ધર્મનો અવતાર=ધર્માત્મા
ગદા=આંકડાના ફૂલના ઘાટનું લોઢાનું ભારે હથિયાર
બાણાવળી=તીર મારવામાં હોશિયાર
કૌરવ=કુરૂના વંશના ધૃતરાષ્ટ્રના છોકરા
નિષ્ફળ=નકામો; ફોકટ
સ્વયંવર=કન્યાએ પોતે વર પસંદ કરી પરણવું તે
મચ્છવેધ=ઉંચા ટાંગેલા માછલાને નીચે પાણીમાં તેનો પડછાયો જોઈ બાણ મારી તેની આંખ વીંધવી તે.

વરમાળ=કન્યા પોતે પ-
સંદ કરેલા વરને જે
માળા પહેરાવે તે
ઇંદ્રપ્રસ્થ=જુની દિલ્હી
(એ જમના નદીપર હતી.)
રાજસૂય=એ નામનો
રાજાએ કરવાનો યજ્ઞ
જુગટું જુગાર
શકુનિ=ગાન્ધાર—કંદહાર
નો રાજા; દુર્યોધનનો
મામો
મહાભારત=પાંડવ કૌરવ-
ના યુદ્ધનું પુસ્તક
દ્રોણાચાર્ય=અશ્વત્થામાના
પિતા; પાંડવકૌરવના ગુરુ
રૂધિર=લોહી
ભિષ્મપિતામહ=શંતનુના
ગંગાથી ઉત્પન્ન થએલા
પુત્ર
વર્ણાશ્રમ=(વર્ણ+આશ્રમ)
=ચાર વર્ણ ને ચાર
આશ્રમ
સ્ત્રીધર્મ=સ્ત્રીની ફરજ
સ્વરૂપ=ખરૂંરૂપ

પાઠ ૪૭.

અંગકસરત=શરીરને
કસવું તે
નર્યા=નિરોગી
જ્ઞાનતંતુ=મગજને ખબર
પહોંચાડનાર તાંતણા
ચલનવલન=હાલચાલ
ઉત્સાહ=ઉમંગ
ઢીલા=કમજોર
કંતાઇ તવાઈ
ગળી જાય=સુકાઇ જાય
જુઠા=અશક્ત; નકામા
સત્તા=જોર
બોજારૂપ=ભારે
ત્વરા=ઝડપ
પોષણ=પુષ્ટિ; બળ
શરીર હલકું ફૂલ થાય
=જાગૃતિ આવે
કલેજું=પેટમાંનો જમણી
તરફનો એક ભાગ
બરોળ=પેટમાં ડાબી
બાજુની ગાંઠ; તલ્લી
ગુરદા=મૂત્રપિંડો; પેડુમાં
રહેલી પિશાબની ગાંઠો
મંદ=કમતાકાત; કમજોર
પુષ્ટિ=જોર
દસ્ત=ઝાડો
ખુલાસે=સાફ
અપચો=અજીરણ
કબજીઆત=ઝાડાનુંરોકાણ
નિરર્થક=નકામા
ઘોડા=તરંગો; ખોટા ખુદા
ઘસઘસાટ=જોઇએ તેવી
નિરુદ્યમી=ઉદ્યોગ વગરના
વીતે=ખમવું પડે
ચહેરો=સીકલ
લાલી=લાલાશ; તેજ
વદન=મુખ; મોં
નિસ્તેજ=(નિસ્+તેજ)
ફીકું; તેજ વગરનું
પથારીવશ=પથારીમાંથી
ન ઉઠાય એવો માંદો
તાલીમબાજ=પહેલવાન
મગદળ=હાથ કસરતનું
એક સાધન
બનેટી=બે છેડે મઠુવાળી
કસરતમાં વપરાતી
લાંબી લાકડી

દંડ—બે હાથ ને બે પગ જમીન સાથે ટેકી શરીર ઉચું નીચું કરવાની કસરત

વિનોદ=આનંદ; રમત ગમત

નજર બેસે છે=ધ્યાન ચોટે છે

સંજોગ=વખત

આંખ મીચીને=વગર વિચારે

પાઠ ૪૮.

કાક=કાગડા

પપૈયા=ચાતક; બપૈયા

ઝંખે=જોવાને તલપે

પીયુ પીયુ=પાણી પાણી

વડશાખા=વડની ડાળીઓ; વડના ફાંટા

ટોકાર=મધુર અવાજ

ઢેલ=મોરની માદા

ચીણે=ચાટે

પલાશ=ખાખર

કોયલડી=કોયલ

ટહુકે=ટહુકાર કરે

સ્વર ઝીણે=ઝીણા રાગથી

મંદ=ધીમો

સુવાસિત=(સુ+વાસ+ઈત) સારી વાસવાળો; સુગંધીદાર

ટાણે=વખતે

અક્રૂર=શ્રીકૃષ્ણના કાકા ને ભક્ત

ભોર=મળસકું; સવાર

નરસઈયાનો સ્વામી=શ્રી કૃષ્ણ ભગવાન

વિણ=વિના; વગર

શોર=અવાજ

જહારે=જ્યારે

ખટ=છ

સાધુ=જ્ઞાની

પરહરી=છોડી

સમરવા=યાદ કરવા

શ્રી હરિ=શ્રીકૃષ્ણ

જોગીઆ=જોગી

જોગ=પરમેશ્વર સાથે મન જોડવું તે

ભોગ=વિલાસ; મોજ

સદ્ગ્રંથ બાંધવા=સારી કવિતા રચવી

પતિવ્રતા=ધણીના હુકમમાં રહેનારી

કંથ=સ્વામી

ચિત્ત ધરવું=મનમાં લાવવું

મર્મ=ભેદ; છુપું કારણ; ઉંડો અર્થ

અવતરે=જન્મે

સવાર પડી એમ સમજીને પક્ષીઓ જાગ્યાં; ત્યાં કાગડા કા કા કરે છે. બપૈયા પક્ષી તો પીયુ પીયુ (વરસાદ) જોવાને તલપે છે, વડની ડાળીઓપર સુડા કૌ કૌ કરે છે. (ટેક) મોર પીછાં ઉંચા ને પહોળાં કરીને ટીહુક ટીહુક બોલે છે, તે વખતે તેની આંખમાંથી આંસુ પડે છે. તે ઢેલ ઝીલે છે; તેથી તેને ગર્ભ રહે છે. ખાખરના ઝાડપર શોભિતા

પોપટ બોલે છે, અને કોયલ ઝીણા સ્વરથી ટૌકા કરે છે. (ટેક) વાછરડાં બાં બાં શબ્દ બોલે, તે સાંભળી ગાયો બાં બાં શબ્દ બોલે મતલબ કે બરાડે. ઠંડો સુગંધીદાર પવન ધીમો વાય છે તે લુગડાં ઉરાડીને હાલે છે. (ટેક) તે વખતે સવાર પડી ગઈ એમ સમજીને અક્રૂર જાગ્યા. પણ નરસઇયાના સ્વામી–શ્રી કૃષ્ણ ભગવાન સિવાય કોઇ જાણતું નથી કે ગોપીઓનો સાદ છે. (ટેક)

પ્રભાતીઉં

જ્યારે પાછલી છ ઘડી રાત રહે ત્યારે સાધુ પુરુષે ઉંઘને છોડી દઇને ઊઠવું અને પરમેશ્વરનું સ્મરણ કરવું, અને તું એક છે, તું એક છે એમ બોલવું. (ટેક) જોગીઓ હોય તેમણે પરમેશ્વર સાથે મન જોડવું અને સંસારીઓએ ઉપભોગ છોડી દેવો. જે વેદીઆ હોય તેમણે ઇશ્વરી જ્ઞાન વિચારવું. જે વૈષ્ણવ હોય તેમણે શ્રીકૃષ્ણનું ભજન કરવું. (ટેક) સારા કવિ હોય તેમણે સારી કવિતા બનાવવી. અને જે દાતાર હોય તેમણે પુણ્ય કરવું. સતી સ્ત્રીએ ધણીને પૂછવું અને ધણી કહે તે પ્રમાણે ચાલવું. (ટેક) આપણે આપણી ફરજો બજાવવી અને કામનો ઝીણો વિચાર કરી જોવો; નરસિંહના સ્વામીનું શ્રી કૃષ્ણ ભગવાનનું પ્રીતથી સ્મરણ કરે તો પુરુષ અથવા બૈરીને બીજો જન્મ લેવો પડે નહિ મતલબ કે મોક્ષ પામે. (ટેક)

પાઠ ૪૯.	ઇત્યાદિ=વગેરે	રૂચે=ગમે; પસંદ પડે
પરોપકાર=(પર+ઉપકાર) પારકાનું ભલું કરવું તે	અનહદ=ઘણોજ	ભલમનસાઈ=ભલાઈ
	બેહદ=હદ વગરનું; અત્યંત	લોકોપકાર=લોક+(ઉપકાર) =લોકોનું ભલું
પુણ્ય=ધર્મનું કામ		
પાપ=અધર્મનું કામ	વિદ્યાલય=ભણવાનું ઠેકાણું	વૃત્તિ=ઇચ્છા

મરણ શય્યા=મરણપથારી
ભારે=મુશ્કેલીવાળા
ગજું-શકિત
ઘસાવું=ખરચવું
સાંકડું મન=અભિલાષ'
દાખલો=દૃષ્ટાંત; ઉદાહરણ
લોક કલ્યાણનો માંડવો
શ્રેય=પરોપકાર કરે
અહિત-નુકસાન; માઠું

પાઠ ૫૦.

તાપસી=તપઆચરતીસ્ત્રી
ભગવતી=પવિત્ર સ્ત્રી
આત્રેયી=અત્રિ ઋષિની સ્ત્રી
પાવન થાઉં છું=પવિત્ર થાઉં છું.
દંડકારણ્ય=નર્મદા અને ગોદાવરી વચ્ચેના પ્રદેશમાં આવેલાં જંગલો
પ્રવાસ=મુસાફરી
વિઘ્ન=હરકત; અડચણ
કાળજાં ઠરે છે=મન સંતોષ પામે છે
સંસ્કાર=નામ પાડવું, વાળ ઉતરાવવા, જનોઇ દેવી વગેરે ધર્મ ક્રિયાઓ
ગ્રહણ કરવે=સમજવે
વિમળ-સ્વચ્છ; નિર્મળ
સુબિંબ સારૂં પ્રતિબિંબ
વજ્રપાત=વજ્રનું પડવું તે
અરૂંધતિ=વસિષ્ઠની સ્ત્રી (એ સપ્ત ઋષિની સેવામાં હંમેશ રહે છે)
ઋષ્યશૃંગ=શૃંગીમુનિ; દશરથનો જમાઇ
સુની=ખાલી
વજ્ર-ઇંદ્રનું હથિયાર
કોમળા=કોમળ
મહાત્મા=મોટા પુરુષ
વાસંતી=વનદેવીનું નામ છે
અગસ્ત્ય=ઋષિનું નામ; વરૂણ ને ઉર્વશીના પુત્ર
વાલ્મિકી=એ નામના ઋષિ; રામાયણના કર્તા
ગુરુજી તો બુદ્ધિમાન ને ઠોઠ એ બંનેને એક જ રીતે શીખવે છે. ગુણીને સમજવાની શકિત આપતા નથી. તેમજ ઠોઠની કોઇ દિવસ ઓછી પણ કરતા નથી; તોપણ પરિણામે મોટો ફેર જરૂર નજરે પડે છે. જેમ સ્વચ્છ મણિમાં જેવું સારૂ પ્રતિબિંબ પડે છે, તેવું ઠિકરામાં પડતું નથી, તેમ બુદ્ધિમાન અને જડમાં મોટો ફેર પડે છે

વજ્રથી પણ ઘણા કઠણ અને ફૂલથી પણ ઘણા કોમળ એવા મહા પુરુષના મનને અહા! કોણ જાણી શકે? મતલબ કે કોઇ જાણી શકે નહિ.

પાઠ ૫૧.

પંચાંગ=ટીપણું; જેમાંથી તિથિ, વાર, તારીખ,

નક્ષત્ર, યોગ, કરણ; વગેરે માલમ પડે છે તે
શક=વર્ષ; સાલ
વિક્રમ=ઉજ્જનનો પરમાર વંશનો રાજા
શાલિવાહન=પૈઠણ નગરીનો રાજા
હીજરીસાલ=મહંમદ પેગંબર મક્કેથી મદીને ગયા ત્યારથી ગણાતું મુસલમાની વર્ષ
પારસી સાલ=યઝદેજરદી વર્ષ
સંવત=વિક્રમનું વર્ષ
પૈઠણ=ગોદાવરી નદીને કાંઠે શહેર છે
વેતાળ=ભૂતની એક જાત; પિશાચનો રાજા
અભિષેક=ન .. રાજાને ગાદીએ બેસાડતી વેળા દૂધ, પાણી વગેરેની ધારા મંત્રો બોલીને કરવામાં આવે છે તે

પાઠ પ૨.

સદાકાળ=હંમેશાં
રસ્યું=ગીલીટ ચઢાવ્યું
લહેર=ખુમારી
ભંગડ=ભાંગ પીનાર
ઝાંઝ=રીસ; ચીડ
ભાલો=એક શસ્ત્ર; વાંસની અંદર બેસાડેલું લોઢાનું ફણું.
ઘુમરાટ=ઘુમાટા
ઢાલ=બચાવ કરનારું ઢાંકણા જેવું હથિયાર
નાદાની=બેવકુફી
તરછોડી=ધિક્કારી
પરાણે=બળાત્કારે
દલીલ=કારણ; સબબ

પાઠ પ૩.

બારોટ=ભાટની એક જાત
પસાયતું=ઇનામમાં આપેલી જમીન
ઉર્મિ=એકાએક જે ઇચ્છા થઈ આવે તે
સંવાદ=સવાલ જવાબ; વાદવિવાદ
ભોજ સમોવડ ભૂપ= ભોજ રાજા જેવો મોટો; વિદ્યોત્તેજક
સમોવડ=સરખો; જેવો
ઉત્તેજન=આશ્રય; મદદ
ઉર્દુ=મુસલમાની
સિંહાસનબત્રીસી=બત્રીસ પુતળીઓએ કહેલી વાત
કડી=કવિતામાંનો ચાર ચાર અથવા બબ્બે ચરણનો ભાગ
કથે=કહે
સુડાબોતેરી=પોપટે કહેલી ૭૨ વારતા
બધાથી સમજી શકાય તેવી ભાષા, કવિતાની તૂક ને બધાથી સમજી શકાય તેવી વાત, વિવેક અને શિખામણ કહે તેજ એક કવિ
રંજન=ખુશ
રસ=લહેજત
પરદુ:ખભંજન=(પર+ દુ:ખ+ભંજન) પારકાનું

દુઃખ દૂર કરનાર	ક્રૂર=ઘાતકી	ક્ષેમ=આરોગ્ય; કુશળ; કલ્યાણ
છપ્પા=છ ચરણની કવિતા	જખમ=ઘા	
પાઠ ૫૪.	કળ=કળતર	પાણો=પત્થર
નિર્દોષ=બીનગુનેગાર	ચણજો=બનાવજો	સામ્ય=બરોબરી; સર-ખાપણું
હસ્ત=હાથ	ઉપવન=વાડી	
ફાળ=ધ્રાસ્કો	કુદરતી=ઈશ્વરી;સ્વાભાવિક	સત્તા=અમલ

કવિતાની સમજુતી.

નિર્દોષ પંખીડાની ઉપર પથરો ફેંકતા તો ફેંકી દીધો પણ અરરર! તે તો છૂટયો તેથી મનમાં ધ્રાસ્કો પડયો. અરેરે તે પથરો તેના શરીર પર લાગ્યો કે તરતજ શ્વાસ બંધ થઈ જતાંમાં પાંખ ઢીલી-કમતાકાત થવાથી તે ઝાડ પરથી નીચે પડી ગયું. (૧) જેને મેં પાળ્યું તે આ મારાજ હાથથી તરફડીને મરે છે, એમ જાણી ધડકતે દીલે તેના પર પાણી છાંટયું; તોપણ તે ઉડી શકયું નહિ. અરે! પણ ઘાતકી હાથે શરીરને જખમ કરેલો તે કયાંથી ઉઠે? ઓહો એનું છેક કોમળ હૃદય તેથી તે કયાંથી ઉઠે? (૨) પણ અરેરે જો દુઃખ નરમ પડયું ને આંખ તો ઉઘડી પણ એ મરી જશે કે જીવશે તે કોણ જાણી શકે? પણ આહાહા! ફરીથી આ વાડીનાં મીઠાં ફળો ખાવાને તેમજ ફરીથી મીઠાં-મનગમતા ગીત ગાવાને જીવ્યું. (૩)

અરે પંખીડાં સુખેથી કંઈ ગીત બનાવજો, અને ગાજો. શા માટે મારાથી બીને આ રમત છોડી દઈને ઉડો છો! પાસે જેવી ગાય ચરતી હતી તેવોજ હું પામર પ્રાણી છું. નહિ, નહિ, કોઈ દિવસ પણ તમારા શરીરને હું નુકસાન કરીશ નહિ. (૧) મેં માળીને તમારા તરફ કઈ પણ ફેંકવાની મના કરી છે. મારી વાડી સર્વ પંખીડાને માટે

ખુલ્લી છે. પણ માણસોથી બીવાની તમને પક્ષીઓને કુદરતી આદત મળેલી છે, અને તેમાંજ તમે બધાંએ કલ્યાણ માન્યું તો મારાથી પણ ભલે બીતાં. (૨) ઊડો તો અહા! કોઈ ઘાતકી માણસોનો નક્કી ડર છે. તમારા તરફ પથરો ફેંકવો એ તો માણસોની રમત છે; કુદરતના સરખાપણાની સમજ ભૂલી જઈને નિર્દય માણસો તમારા પર આવી સત્તા ભોગવે છે. તેથી હું દુઃખી છું મતલબ કે દીલગીર થાઉં છું, (૩)

પાઠ ૫૫.

પ્રતિષ્ઠા=આબરૂ; માન
મહાજન=મોટા માણસ; લોકનું ટોળું
ડાઘુ=બાળવા જનાર; સ્મશાને જતા માણસ
રાજદ્વાર=રાજ કચેરી
સંભાષણ=વાતચીત; વાદવિવાદ
વિવાદ=સામસામા સવાલ જવાબ
સત્પુરૂષ=સારા માણસ
ગામ ભેગા કરૂં=ગામમાં દાખલ કરૂં.
દીર્ઘસુત્રી=કામમાં ઢીલ કરનાર; લાંબા તાંતણાવાળી; સુતરફેણી
વાંકવાળી=ગુણમાં આડી; આકારમાં વાંકી
આચમન=જમણી હથેલીમાં થોડું પાણી લઈ પી જવું તે
ભણ્યા પણ ગણ્યા નહિ =વિદ્યા શીખ્યા પણ અનુભવમાં મૂકતા આવડી નહિ
વિદાય કીધા=વળાવ્યા

પાઠ ૫૬.

હજરત=ઉંચો દરજ્જો ધરાવનાર; મુસલમાનને બોલાવવામાં વપરાતો માન ભરેલો શબ્દ
ઉસ્લામ=આસ્થા
મૂર્તિપૂજક=(મૂર્તિ+પૂજક) મૂર્તિ પૂજનાર
શ્રીમંત=(શ્રી+મંત)=પૈસાદાર
પ્રેમાળ=(પ્રેમ+આળ)=હેતવાળો; માયાળુ
પુનર્લગ્ન=(પુનર=બીજી વાર+લગ્ન)=ફરીથી પરણવું તે
કાષ્ટપાષાણ=લાકડા ને પત્થર
નિયંતા=ચલાવનાર
અનાદિ=(અન=નહિ+આદિ=શરૂઆત) જેની શરૂઆત નથી તે
ખુદા=પરમેશ્વર
પરિપક્વ=પાકા
વહી=જીબ્રાઇલ ફરેસ્તા; ખુદા તરફથી જે સંદેશો લાવેલા તે

અનુયાયી=સાથે અથવા પછવાડે ચાલનાર; સેવક; શિષ્ય
તુચ્છકારો=ધિક્કારો
સહનશીલતા=ખામોશ
સદુપદેશ=(સદ્+ઉપદેશ)=સારી શિખામણ
વજનદાર=વકરવાળા
અગ્રેસર=(અગ્ર+સર=જનાર)-મુખી; આગેવાન
પ્રસાદિક=કૃપા ભરેલી
નિષ્કામ=સ્વાર્થ વિનાનો
ઘાટ=ઉપાય
પ્રપંચ=કાવતરૂં
નિરૂપાયે=નાઇલાજે
પર્યંત=સુધી
પ્રસાર=ફેલાવો
ધર્મોપદેશ=ધર્મનો બોધ કરનાર
સુરાપાન=દારૂ પીવો તે
સામાજિક=સમાજ-જનમંડળને લગતી
સિરિઆ-એશિઆઇ તુર્કસ્તાનના એશિઆ-માઇનારની દક્ષિણમાં પ્રાંત છે
ઇસ્તંબુલ=યુરોપી તુર્કસ્તાનની રાજધાનીનું શહેર છે.
જાહોજલાલી=આબાદી; દબદબો
ક્ષણભંગુર=પલકમાં નાશ થાય એવો; નાશવંત
કુરાન=મુસલમાની ધર્મ-પુસ્તક; મહમંદ પેગંબર સાહેબની આજ્ઞાને વચનોના સંગ્રહનું પુસ્તક

સવાલ—ઈ. સ. ૫૭૧, ૬૦૯, ૬૨૨ ને ૬૩૧ માં શું બનાવ બન્યો? પેગંબર સાહેબને મક્કાથી મદીને જવાનું કારણ શું? મહંમદ પેગંબર સાહેબે કયો ધર્મ ચલાવ્યો? એ ધર્મ માનનારા દુનિયામાં હાલ કેટલા માણસ છે? મહંમદ પેગંબર સાહેબે શું ઉપદેશ કીધો? અરબસ્તાન, ઇરાન, સ્પેન, મક્કા, મદીના, ઇસ્તંબુલ, બસરા નકશામાં બતાવો.

પાઠ ૫૭.

અહણ કરવું-સ્વીકારવું: કબુલ કરવું
દસ્તુર પારસીના ધર્મગુરુ
અહુરમઝદ=પારસી ધર્મપુસ્તકમાં કહેલા પૃથ્વીના પેદા કરનાર અને પાલન કરનારનું નામ
કસ્તી=પારસીની જનોઈ
સદરો=ટુંકી બાંહોનું મોટું પહેરણ
ધૂપ=સુગંધી ધુમાડે
અર્પણ=આપવું
લગ્નવિધિ=લગ્નક્રિયા
અગિઆરી=(સં)

(અગ્નિઆગાર ઉપરથી (અગ્નિ=દેવતા+આગાર=સ્થળ)=આતશ બહેરામ પૂજવાની જગા; પારસીઓનું દેવળ. એમાં પવિત્ર અગ્નિ એટલે આતશ રાખવામાં આવે છે.
મોબેદ=પારસીના ગોર

સવાલ—પારસીઓનો મૂળ દેશ કયો? શા માટે ઈરાન છોડવું પડયું? દીવ બંદરથી પારસીઓ ક્યાં ક્યાં ગયા? પારસીઓનો ધર્મ સમજાવો. પારસીઓનું ઠેકાણું કયું છે ને તે ક્યાં છે?

પાઠ ૫૮.

ગીઝની=અફગાનિસ્તાનનું મુખ્ય શહેર.
ટક્કર લેવાનો=સામો થવાનો
ઉર્ફે=બીજે નામે; અથવા
પાણીપત=કુરુક્ષેત્ર.(હાલ ત્યાં નાનું ગામ છે તે પાનપત નામથી ઓળખાય છે)
થાણેશ્વર=જમના નદીપર પંજાબમાં શહેર છે
ભંગાણ=તૂટ;નાસાનાસ
મિટ્ટી દાણાદાણ=તદન પાયમાલી
મિટ્ટી દાણાદાણ કરી નાખી=તદન પાયમાલ કરી નાખ્યા; ઘણીજ નઠારી દુઃખદાયક સ્થિતિમાં આણ્યા
ઘવાયો=ઘાયલ થયો
લાહોર=રાવી નદી પર પંજાબનું મુખ્ય શહેર છે. એમાં ગવર્નર રહે છે
મનમાં ખટક્યા કરતી=મનમાંથી ભુલાતી નહિ; વારંવાર યાદ આવતી
હરણ કરવું=બળાત્કારે લઈ લેવું
બેદીલ=ખુશ નહિ
તુચ્છકારી=ધિક્કારી
જંગ=જબરી લડાઇ
બખતર=લોઢાની જાળીવાળો અંગરખો
આશ્રિત=આસરો મેળવી રહેનાર
શબ્દવેધ=શબ્દ ક્યાંથી આવે છે તે પારખી નિશાન તાકીને છોડવામાં આવે છે તે

સવાલ—મહમંદ ગીઝની ક્યાંનો પાદશાહ? એણે હિંદપર કેટલી સ્વારી કરી? સ્વારી કરવાનો હેતુ શો હતો? પૃથુરાજને ઓળખાવો.

ઇ. સ. ૧૧૯૧ ને ૧૧૯૩ માં શું બનાવ બન્યો ? મહંમદ ઘોરીએ હિંદુસ્તાન પર સ્વારી કરી ત્યારે રજપુતોના કયાં કયાં મુખ્ય રાજ્યો હતાં ?

પાઠ ૫૯.

જડ=મૂળ
યશસ્વી=કીર્તિમંત નામાંકિત
બેશક=(બે+શક)=નક્કી
તેજસ્વી=પ્રકાશિત
હેરાનગતિ=દુઃખ
લખાણુ=લેખ; દસ્તાવેજ
તગાવી=સરકારે ખેડુતોને ધીરેલા નાણાં
દસ્તાવેજ=લેખ; લખાણુ
બંધ=પાણીનું રોકાણુ કરવાને બાંધેલા પુસ્તા
મદ્રેસા=પાઠશાળા; વિદ્યાલય
સરા=વટેમાર્ગુઓને ઉતરવાની જગા; ધર્મશાળા
પડતર=પડી રહેલી
ખેડાણુ=ખેતી
બીનરોજગારી=(બીન=વિના+રોજગાર+ઈ) નિરુદ્યમી
દયાભાવ=રહેમદીલી; દયાની લાગણી
કનડતો=હેરાન કરતો
કાબેલ=હોશિયાર; પ્રવીણુ

સવાલ—તઘલખ વંશ કયાંથી કયાં સુધી કેટલા વર્ષ ચાલ્યો ? ફિરોજશાહની મા રજપુતાણી હતી છતાં તેણે મુસલમાન સાથે પરણવાનું શા માટે કબુલ કર્યું ? ફિરોજશાહનાં લોકોપયોગી કામ ગણાવો

પાઠ ૬૦.

તૈમુર=સમરકંદનો મોગલ પાદશાહ
પક્ષ=તરફેણ
ખુનરેજી=કતલ
સમરકંદ=રૂશિઆઇ તાર્તરીમાં શહેર છે એમાં તૈમુરની કબર છે.
અસ્તવ્યસ્ત=છિન્નભિન્ન
અતિશયોક્તિ=હોય તેના કરતાં અતિશય વધારીને કહેવું તે
દરમિઆન=અરસામાં; વચમાંના વખતમાં
કૂચકરવી=લશ્કરનો મુકામ ઉઠાવી આગળ જવું
મીરત=એ આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતમાં લશ્કરી છાવણીનું શહેર છે
હરદ્વાર=ગંગા નદી પર જાત્રાનું ધામ છે
અરાજક=(અ+રાજક)=રાજા વગરનું; અંધેર

સવાલ—ઈ. સ. ૧૩૯૪ ને ૧૩૯૮ માં શું બનાવ બન્યો ? તૈમુરની ટુંકી હકીકત કહો.

પાઠ ૬૧.

યુદ્ધનીતિ=લડાઇ કરવાની રીત
રાજનીતિ=રાજ ચલાવવાની રીત
અકબર=બાબરનો પૌત્ર; હુમાયુનો પુત્ર. એનો જન્મ ઉમરકોટમાં ઈ.સ. ૧૫૪૨માં થયો હતો
ઠેરઠેર=ઠામઠામ
પઠાણ=મુસલમાનની એક જાત છે.
અલગ=આઘા
બેદીલી=નાખુશી
કાયમ=અચળ
રાજ્યાધિકાર=રાજસત્તા
લગામ=દોર; સત્તા
આચકો ખાવો=પાછા હઠવું
સન્માન=સત્કાર
ધર્મમંદિર=દહેરૂં; દેવસ્થાન
દીર્ઘદૃષ્ટિ=લાંબી નજર
ઝનુની=ઉશ્કેરાયલા
જીજીઆવેરા=માથાવેરો; માણસદીઠ વેરો
કાયસ્થ=હિંદુની એક જાત
મહેસુલ ખાતું=જમાબંધી ખાતું
આઈન અકબરી=અકબરના કાયદાનું પુસ્તક
અબુલફજલ=અકબરનો વડો પ્રધાન
વિધવાવિવાહ=પુનર્લગ્ન
થાળે પડયું=શાંત પડયું; અંધેર મટયું
અનુપમ=જે બીજા કોઇની સાથે સરખાવી ન શકાય તે; સર્વોત્તમ
મીર અદલ=મુખ્ય ન્યાયાધીશ
કાજી=કુરાન પ્રમાણે ઇન્સાફ કરનાર

સવાલ—અકબરની કાર્કિર્દીનું વર્ણન કરો. અકબરે કયા કયા પ્રાંતો જીત્યા ? અકબરે કયા કયા સુધારા દાખલ કર્યા ?

પાઠ ૬૨.

હલદીઘાટ=અરવલી પર્વતનું મેદાન
તુર્ક=મુસલમાનની એક જાત
ભેટો=મેળાપ; મુલાકાત
દેહરક્ષક=શરીરનો બચાવ કરનાર
વારસ=મરણ પછીનો હકદાર
ઉન્મત્ત=તોફાની
કતલ=કાપાકાપી
જખમ=ઘા
એકત્ર=એકઠા [વખત
અણીનો વખત=બારીક

જમાવ-ભીડ; ટોળું
દાખવી=બતાવી
ગ્વાલિઅર=મધ્ય હિંદ એજન્સિમાંસિંધીઆની

રાજધાનીનું શહેર છે
પદભ્રષ્ટ-(પદ+ભ્રષ્ટ)-ગાદી પરથી ઉઠાડી મૂકેલો
રણભૂમિ-લડાઈની જગા

સર્વત્ર=બધે
તંગ=ઘોડાનો બંધ
પુઠળ ફરી=પાછળ ફરી
ચબુતરો=ચોતરો.

સવાલ—પ્રતાપની બહાદુરીનું વર્ણન કરો.

પાઠ ૬૩.

સર ટામસ રો જહાંગીરના રાજ્યમાં ઇંગ્લાંડથી આવેલા વકીલ
યથેચ્છા=મરજી મુજબ
જહાંગીર=(જહાં=દુનિયા+ગીર=જીતનાર)=દુનિયા જીતનાર; સલીમ
કોલકરાર=સરતપટા; કરારનામું
આગતાસ્વાગતા=પરોણા ચાકરી
જડતી=તપાસ
માનમરતબો=આબરૂ અને મોટાઈ
ગણના=ગણતરી

બરાનપુર-તાપી નદીને કાંઠે મુસલમાનની વસ્તીનું શહેર છે. અહીંના શેલાં ને સાલ્લા વખણાય છે.
ચિતોડ=મેવાડની જુની રાજધાનીનું શહેર છે
અજમેર=રજપુતસ્તાનમાં શહેર છે.
બંદોબસ્ત પડી ભાંગવા માંડયો=ગેરબંદોબસ્ત થવા લાગ્યો
ઇજારો=કંટ્રાકટ
ધરવટ-પોતીકાવટ; ભાઈચારો
ઠઠ્ઠા મશ્કરી=ટોળ ટપ્પા

સારા અંતઃકરણવાળો=શુદ્ધ મનનો
તુલા=એક પલ્લામાં પુરુષ ને બીજામાં કીમતી ધાતુ કે જવાહીર મૂકી કરવાની ધર્મ ક્રિયા
કનાતો=તંબુની કપડાની ભીંત
ખટપટ=કપટ; પ્રપંચ
નૂરજહાં=(નૂર=તેજ જહાં=દુનિયા)=દુનિયાનું તેજ; એવું નામ પાડવાનું કારણ એ કે એ ઘણીજ ખૂબસુરત હતી;જહાંગીરની બેગમ
ફરમાન=હુકમ

સવાલ—સર ટામસ રોને ઓળખાવો. સર ટામસ રોએ જહાંગીરના રાજ્ય વિષે શું લખ્યું છે ?

પાઠ ૬૪.

મયુરાસન(મયુર=મોર +આસન=બેઠક)મોરના આકારની બેઠક; તખ્તે તાઉસ. એમાં હીરા, માણેક, મોતી વગેરે રત્નો જડાવ્યાં હતાં તેની કિંમત ટેવર્નિઅર નામના યુરોપી ઝવેરીએ સાડા છ કરોડની કરી હતી
ભવ્ય=મોટું ને સુંદર
રાજચિહ્ન=રાજા તરીકેની નિશાની
દિવાની=લેણદેણ સંબંધી
ફોજદારી=ચોરી, ખૂન, મારામારી સંબંધી
એલચી=વકીલ
હાજરી=તપાસ
તખ્તે તાઉસ=મયુરાસન
ગજ=લોઢાનો સળીઓ
ચોફૂલીઆં=ચાર ફૂલ
ભાથા=તીર રાખવાની કોથળીઓ
ઝાલર=ઝૂલતી કોર; ઝૂલ
તાજમહેલ=મહેલનું નામ છે. આ મહેલ શાહજહાંએ પોતાની બેગમ મુમતાજ બેગમની યાદગીરી માટે આગ્રામાં બંધાવ્યો હતો. એના જેવી સુંદર ઈમારત દુનિયામાં બીજી એકે નથી
વેનિસ=ઈટાલીમાં આડ્રિઆટિક સમુદ્રપર બંદર છે.

સવાલ—શાહજહાંને ઓળખાવો. ટેવર્નિઅરે શાહજહાં પાદશાહની જાહોજલાલીનું વર્ણન કર્યું છે તે પરથી આપણને શું ભાન થાય છે? મયુરાસન અને તાજમહેલ વિષે જે જાણતા હો તે લખો. મયુરાસન કોણ લૂટી ગયું?

પાઠ ૬૫.

શિવાજી=મરાઠી રાજ્યનો સ્થાપનાર શાહજી ભોંસલેનો પુત્ર. એનો જન્મ પુના પાસેના જુન્નર ગામમાં ૧૬૨૭ માં થયો હતો.
ઔરંગઝેબ=શાહજહાંનો ત્રીજો પુત્ર; આલમગીર
ઝનુન=જુસ્સો; આવેશ
વિષમ=ઉલટાં; નઠારાં
કુમક=મદદ; આશરો
ધક્કો=હાનિ; નુકસાન
પ્રસંગ=ઓળખાણ
વિજાપુર=દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંતમાં શહેર છે
રસ=ઉમંગ; મઝા
ધણી=ધણીજ

ફુટકારો=છુટકો
ફિકંદા=ચિન્ત્રા; મરજી
અહમદનગર=મહારાષ્ટ્ર-
માં સીના નદી પર
શહેર છે.
છાપો મારી=હલ્લો કરી
કિલ્લેદારો=કિલ્લાની ચોકી
કરનારાઓ
વિષ્ટિ=સલાહનું કહેણુ

બાબુલ=દરવાજો
બાબુલમક્કા=મક્કાનો
દરવાજો; સુરત
ચુસ્ત=આગ્રહથી વળગી
રહેનાર
સર કર્યાં=તાબે કર્યાં
ધર્માંધ=(ધર્મ+અંધ)
ધર્મના આચાર વિચા-
રમાં બહુજ આગ્રહી

નજરકેદ=આસન કેદ
કટ્ટો=ખરો; પાકો
અણવિશ્વાસ=અપતીજ
મંત્રિ મંડળ=પ્રધાન
મંડળ
નિષ્ઠા=આસ્થા; શ્રદ્ધા
વિગ્રહ=લડાઇ; ઝગડો

સવાલ—મરેઠી રાજ્ય સ્થાપનાર કોણ? શિવાજી દિલ્હીથી કેવી યુક્તિ કરી નાસી ગયો? શિવાજીનું ટુંક વૃત્તાંત લખો.

પાઠ ૬૬.

ધન=નક્કર
શોધ-તપાસ
ઉપગ્રહ=નાનો ગ્રહ; મુ-
ખ્ય ગ્રહની આસપાસ
ફરનારો ગ્રહ
નરી=એકલી; ખુલ્લી

ગતિ=શક્તિ
ધરી=પૃથ્વીના મધ્ય બિં-
દુમાં થઇને ઉત્તર
દક્ષિણ જે કલ્પિત રેખા
જાય છે તે
કક્ષા=ગ્રહોને સૂર્યની આસ
પાસ ફરવાનો માર્ગ

દુરબીન=આઘેથી વસ્તુ
જોવાનું કાચનું યંત્ર
સૂર્યમાળા=સૂર્ય; નાના
મોટા ગ્રહો, તેમના
ચંદ્રો, ખરતા તારા
અને ધુમકેતુઓ મળી
થએલું મંડળ

સવાલ—સૂર્યની આસપાસ કોણ કોણ ફરે છે? સૂર્યમાં કેટલી ગરમી છે? સૂર્ય જે પદાર્થોને ગરમી તથા તેજ આપે છે તે પદાર્થો કેવાં રૂપનાં હોય છે? ગ્રહ એટલે શું? ગ્રહ શાથી ઓળખાય છે? બધા મળી મુખ્ય ગ્રહો કેટલા છે અને તે ક્યા ક્યા? સૂર્યથી પૃથ્વી કેટલી દૂર છે? દુરબીનની મદદથી ક્યા ગ્રહો શોધી કાઢ્યા છે? ક્યા

ગ્રહનું તેજ વધારે છે ? કયા કયા ગ્રહોને ચંદ્રો છે અને તે કેટકેટલા છે ? બધા ગ્રહોમાં સૌથી નાનો ગ્રહ કયો છે ? મુખ્ય ગ્રહ સિવાય બીજા નાના કેટલા ગ્રહો છે અને તેઓ કયાં છે ? ગ્રહોને કેટલી ગતિ છે અને તે કઈ કઈ ? ગ્રહો કઈ દિશામાંથી કઈ દિશામાં ફરે છે ? સૂર્યની આસપાસ ગ્રહને ફરવાના માર્ગને શું કહે છે ? બુધ અને નેપ્ચ્યુન કોની આસપાસ ફરે છે ? ગ્રહો તથા ચંદ્રોને પોતાનુંજ તેજ છે કે નહિ ? અને નથી તો શાથી પ્રકાશે છે ? કલકત્તાના સંગ્રહસ્થાનમાં કેવા તારા રાખ્યા છે ? ખરતા તારા કોની આસપાસ ફરે છે ? તેમનો ફરવાનો કાળ કહો. સૂર્યમાળા એટલે શું ?

પાઠ ૬૭.

ધ્રુવનો તારો=સ્થિર તેજનો તારો
તેજસ્વી=પ્રકાશિત
મર્યાદા=હદ: સીમા
ક્ષિતિજ=જે ઠેકાણે આકાશ ને પૃથ્વી મળી ગએલાં દેખાય તે જગા
ગોળાર્દ્ધ=અર્ધોગોળ
નક્ષત્ર=તારામંડળ; નક્ષત્ર ૨૭ છે.
ઝૂમખા=જથા
સપ્તર્ષિ=સાત તારાનું મંડળ
લુબ્ધક=અતિ તેજસ્વી તારો
ધ્રુવ=જે કલ્પેલી ધરી ઉપર પશ્ચિમથી પૂર્વ તરફ પૃથ્વી ફરે છે તે ધરીનો ઉત્તર દક્ષિણ છેડો
આકાશગંગા=રાતે આકાશમાં પ્રકાશની ધોળી પટી દેખાય છે તે
ધુમસ=ધુમાડા જેવી વરાળ

સવાલ—તારા અને ગ્રહનો તફાવત કહો. ક્ષિતિજ એટલે શું તે સમજાવો. તારાઓ કઈ દિશામાંથી કઈ દિશામાં જાય છે ? ધ્રુવ તારા કેટલી જાતના છે ? દક્ષિણ ધ્રુવ તારો આપણને કેમ દેખાતો નથી ? અસલના લોકોએ તારાને ઓળખવા માટે શું કીધું ? ધ્રુવનો તારો શોધી કાઢવાની સહેલી રીત કહો. તારાના વર્ગ શા આધારે પાડયા છે ? એક પહેલા વર્ગમાં અતિ તેજસ્વી તારો કયો છે ? તારાના રંગ કેવા

હોય છે ? નરી આંખે ક્યા નક્ષત્રો દેખી શકાય છે ? છેક પાસેનો તારો કેટલો દૂર છે ? આકાશગંગા એટલે શું તે સમજાવો.

પાઠ ૬૮.

અક્ષાંશ=વિષુવવૃત્તથી ઉત્તર કે દક્ષિણમાં કોઇ જગાનું જે અંતર તે
રેખાંશ=કોઈ મુકરર કરેલાં રેખાંશવૃત્તથી પૂર્વ પશ્ચિમમાં કોઇ જગાનું જે અંતર તે
બિંદુ=ઝીણું ટપકું
પ્રત=નકલ
કલ્પના=અટકળ; ધારણા
વિષુવવૃત્ત પૃથ્વીના ગોળાપર મધ્યભાગે, જે પૂર્વ પશ્ચિમ ફરતી આડી લીટી દોરેલી હોય છે તે
અક્ષાંશવૃત્ત=વિષુવવૃત્તથી સરખે અંતરે ઉત્તર દક્ષિણ જે આડી લીટીઓ દોરેલી હોય તે
વર્તુળ=ગોળ
રેખાંશવૃત્ત=વિષુવવૃત્તને કાટખુણે છેદીને બંને ધ્રુવમાં થઇને જાય એવું મહદ્ વર્તુળ

સવાલ—કોઇપણ બિંદુ સપાટીના ક્યા ભાગમાં છે તે આકૃતિ કાઢી સમજાવો. નકશામાં આડી ઉભી લીટીઓ શા માટે દોરેલી હોય છે ? એક નકશા ઉપરથી બીજો પાડવાનો સુગમ ઉપાય કહો. ગોળાપર નકશો પાડવાની રીત સમજાવો વિષુવવૃત્ત, અક્ષાંશવૃત્ત, અક્ષાંશ અને રેખાંશ ઓછામાં ઓછા કેટલા હોય છે ? અક્ષાંશના પ્રકાર કેટલા છે અને તે ક્યા ક્યા ? પૃથ્વીના ગોળા પર અમદાવાદ કયે સ્થળે છે એ નકકી કરવામાં કઇ કઇ બાબતો જાણવી જોઇએ ? રેખાંશ અને રેખાંશવૃત્તની વ્યાખ્યા કહો. રેખાંશ કેટલી જાતના છે ને તે ક્યા ક્યા ? સૂર્યનો પ્રકાશ દર કલાકે કેટલો આગળ વધે છે અને તે તમે શાથી જાણ્યું ? અમદાવાદ અને મુંબઇમાં સૂર્ય ક્યારે ઊગે છે એ આપણે બરાબર જાણતા હોઇએ તો એ બે જગા વચ્ચે કેટલા રેખાંશનું અંતર છે તે શી રીતે જાણી શકાય ? અક્ષાંશ અને રેખાંશનો ઉપયોગ કહો.

પાઠ ૬૯.

ત્રાંસો=તિરકસ
નિયમિત=મુકરર
મોન્સુન=મોસમ
વાવાઝોડું=પવનનું તોફાન
આંધી=જે પવનથી આકાશ ધૂળ વડે છવાઇ જાય તે પવન
વંટોળીઓ=ભમરડાની પેઠે કુંડાળા કરતો જોરમાં છુટેલો પવન
વ્યાપારવાયુ=વેપારને માટે અનુકૂળ આવે એવો પવન

સવાલ—ધુમાડો સીધો ન જતાં ત્રાંસો જાય છે, આગ લાગે ત્યારે પવન છૂટે છે તેનું કારણ શું તે સમજાવો સૂર્યના તાપથી પવન ઉત્પન્ન થાય છે તે દાખલો આપી સમજાવો. દરિઆ કિનારે રોજ નિયમિત વા કેટલા પ્રકારનો વાય છે? જમીન તપે છે તેટલું પાણી તાપતું નથી તેનું કારણ શું? સમુદ્ર તરફથી જમીન તરફ અને જમીન તરફથી સમુદ્ર તરફ વા કયે વખતે વાય છે. અને તેનું કારણ સમજાવો. વ્યાપારવાયુ વિષવવૃત્તથી ઉત્તર તથા દક્ષિણમાં કેટલા અક્ષાંશ સુધી વાય છે અને તેનું કારણ કહો. મોન્સુન વા કયા કયા દેશોમાં વાય છે? હિંદુસ્તાનમાં ઘણો તાપ ક્યારે પડે છે અને તે પડવાનું કારણ સમજાવો. હિંદુસ્તાનમાં વરસાદ કયા ખુણામાંથી આવે છે અને તે ખુણામાંથી આવવાનું કારણ સમજાવો. અનેક જાતના વા ઉત્પન્ન થવાનું કારણ શું અને તે વા કયા કયા તે કહો.

પાઠ ૭૦.

રંદો=લાકડું=સાફ કરવાનું હથિયાર
ઘાટ=આકાર
મુરમ=એક જાતના કાંકરા; મરડીઆ કાંકરા
રેતાળ=રેતીના પત્થરની બનેલી; રેતીવાળી
નદીનું પાત્ર=નદીને વહેવાનો માર્ગ
બખોલ=ગુફા
ગેરસપ્પા=કાનડા જિલ્લાના હોનાવર તાલુકામાં ગામ છે ત્યાંથી ૧૮ મૈલ છેટે કોડકણી ગામ

પામે આ ધોધ છે	+અંશ=ભાગ) મુખ્ય
સારાંશ=(સાર=મતલબ	મતલબ

સવાલ—પૃથ્વીપર કયા કયા રંધ્ર હંમેશા ફર્યા કરે છે કે જેથી જમીન ઘસાઇ જાય છે? ખડકનો ભુકો શી રીતે બને છે તે સમજાવો. ચુનાના પત્થર તથા આરસપહાણ જલદી શા કારણથી ઘસાઈ જાય છે? જમીન, ખડક, અને ડુંગરા શાથી ઘસાઇ જાય છે? રેતાળ, ધોળી અને રાતી જમીન થવાનું કારણ કહો. મુંબઈ ઇલાકામાં લાલ માટી કયાં ઘણી જોવામાં આવે છે? રેતી શી રીતે બને છે? નદીના પાણીમાં જમીન ખોદવાની શક્તિ શા કારણથી વધારે છે? મુંબઇ ઇલાકામાં કયા કયા પ્રખ્યાત ધોધ છે? સમુદ્રમાં ખડક શી રીતે બનતા રહે?

પાઠ ૬૧.

ભૂતળ—દેશની સપાટી, નદી, નાળાં, પર્વતો વગેરે સબંધી હકીકત

ભૂતળ રચના=દેશની સપાટીપરની તથા નદી, નાળા, પર્વતો, વગેરેની જે રચના તે.

હિમાલય=(હિમ=બરફ +આલય=ઠેકાણું)= બરફનું ઠેકાણું

નદ=મોટી નદી

રણ=રેતીનું મેદાન

ખાળે=અટકાવે

અટકાવ=રોકાણ

સમધાત=મધ્યમસર; ઘણી ગરમ તેમજ ઘણી ઠંડી નહિ એવી

માફકસર=જોઇએ તેવી

સાહસિક=હિંમતવાન

કદાવર=શરીરે પુષ્ટ

ભિનાશ=ભેજ; શરદી

ભિન્ન ભિન્ન=જુદી જુદી

કસ=રસ

કમજોર=નબળા

ખાનપાન=ખોરાક ને પાણી

નળિએરી=નળીઆના

પ્રમાણુ=માપ

સવાલ—હિંદુસ્તાનની લંબાઇ પહોળાઈ કયાંથી કયાં સુધી કેટલી છે? દુનિયામાં સૌથી ઉંચો પર્વત કયો છે? હિમાલય નામ પડવાનું કારણ શું? હિંદુસ્તાનમાં ઉંચા પર્વતોની હાર ગણાવો.

હિંદુસ્તાનમાં મોટામાં મોટી નદી, રણ અને જંગલો કયાં છે અને તે કયાં કયાં છે ? હિંદુસ્તાનમાં તાપ વધારે પડવાનું કારણ કહો. ઉત્તરના ઠંડા ને સુકા પવનને કોણ અટકાવે છે ? દક્ષિણના ગરમ અને ભેજવાળા પવનને એવો અટકાવ છે કે નહિ ? કોકણમાં વરસાદ વધારે અને ઘાટની પેલી તરફ ઓછો થવાનું કારણ શું ? ગરમી કયાં ઓછી લાગે ? કોઇ પણ પ્રદેશની હવા જાણવા માટે કયા ચાર કારણો ધ્યાનમાં રાખવાં ? ગુજરાતના દક્ષિણ ભાગની હવા તથા તેની લોકો પર કેવી અસર છે તે કહો. ઉત્તર ગુજરાત, સિંધ અને રજપુતસ્તાનની હવા તથા તેની લોકપર અસર કહો. પશ્ચિમઘાટ, મદ્રાસ ઇલાકો, બંગાળા પ્રાંત, મધ્યહિંદ અને પંજાબની ભૂતળ રચના તથા તેની લોકપર શી અસર છે તે કહો. જુદા જુદા ભાગોની હવા જુદી જુદી છે તેથી ત્યાંના લોકોમાં શી બાબતમાં ફેર છે તે કહો અને તે ફેરફાર ગણાવો.

પાઠ ૭૨.

વહેવારના=આવવા જવાના

અમલ=સત્તા; રાજ

લોઢાની સડક=રેલવે

ગવર્નરજનરલ=વાઇસરોય

ખુલ્લો મુકાએલો છે= વપરાશમાં આવે છે

પેશાવર=વાયવ્ય સરહદ પ્રાંતનું મુખ્ય શહેર એ મોટું લશ્કરી અને વેપારી મથક

ખૈબર ઘાટને નાકે આવેલું છે.

અનુક્રમે=એક પછી એક

દર=ભાવ

ઉપલાણે=ઉપલી બાજુએ

સવાલ—હિંદુસ્તાનમાં વહેવારના મુખ્ય કેટલા રસ્તા છે, અને તે કયા કયા ? કઇ કઇ કેટલી મોટી સડકો કયાંથી નીકળી કયા મોટા શહેરમાં થઇ જાય છે તે કહો. હિંદુસ્તાનમાં લોઢાની સડક કયા સનમાં નંખાઇ અને તે કયાંથી કયાં સુધી નંખાઇ અને તે વખતે ગવર્નર જનરલ કોણ હતા ? હાલ કેટલા મૈલની રેલવે થઇ છે ? મુંબઇથી

પેશાવર, દિલ્હી અને મદ્રાસ કેટલા કેટલા દૂર છે? આગગાડીને રસ્તે ઉપલા શહેરોમાં જતાં કેટલા દિવસ લાગે? સાદી સડકની મુસાફરી કરતાં આગગાડીની મુસાફરીમાં શા શા ફાયદા છે તે કહો. હિંદુસ્તાનના પશ્ચિમ તથા પૂર્વ કિનારાનાં મોટાં બંદરો ગણાવો. કરાંચી અને રંગુન વચ્ચે સમુદ્ર વાટે કેટલા મૈલનું અંતર છે? હિંદુસ્તાનની કઈ કઈ મોટી નદીઓમાં આગબોટ તથા વહાણો જઈ શકે છે? કોચીન, ત્રાવણકોર અને મલબાર કાંઠાની થડમાં કેવાં સરોવર છે?

પાઠ ૭૩.

પરમસ્નેહી=ઘણીજ પ્રીતિવાળા

રા. રા.=રાજમાન રાજશ્રી

નમસ્કાર=પ્રણામ

વિશેષ-બીજું; વધારામાં

સુખરૂપ=સહીસલામત; વગર અડચણે

જહાજો=મોટા વહાણો

ડકો=માલ ચઢાવવા ઉતારવા માટે બાંધેલો લાકડાનો ઘાટ

વેરાન=ઉજ્જડ; વસ્તી વગરનો

કાથો=નાળિએરની છાલ

માંડવી=કચ્છ પ્રાંતમાં બંદર છે અહીંઆ દીવાદાંડી છે.

પોરબંદર=સુદામાપુરી, એ કાઠિઆવાડમાં બંદર છે

પ્રસિદ્ધ=જાણીતા

આયાત=પરદેશથી આવતો માલ

નિકાસ=બીજે દેશ જતો માલ

ગણતરી=હિસાબ

ઉથલપાથલ=આપ લે

અનુકૂળ=માફક

પોર્ટુગલ=યુરોપ ખંડની પશ્ચિમમાં દેશ છે

ઇમારતી કાટ=ઇમારત બાંધવામાં વાપરવામાં આવતું લાકડું

કોચીન=મદ્રાસ ઇલાકામાં દેશી રાજ્ય છે.

મિતિ=તિથિ

સવાલ—કરાંચી, માંડવી, પોરબંદર, મુંબાઈ, રત્નાગીરી, ગોવા, કારવાડ, માંગલોર અને કોચીન એ શું છે અને કયાં છે અને ત્યાંથી કયો કયો માલ આયાત તથા નિકાસ થાય છે તે કહો. કરાંચીથી

કોલંબે જતાં રસ્તે ક્યાં ક્યાં બંદરો આવે તે અનુક્રમે ગણાવો.

પાઠ ૭૪.

રંગુન=બ્રહ્મદેશનું મુખ્ય શહેર ઇરાવદી નદી-પર છે
અર્થે=વાસ્તે; માટે
સિંકોના=એ નામનું ઝાડ એની છાલમાંથી ક્વિનીન બને છે
માફક=અનુકૂળ
જાળ=ઝાંટા
પોંડેચરી=મદ્રાસ ઇલાકામાં ફ્રેંચની રાજધા-નીનું શહેર છે
કમાવેલાં=પકવેલાં
છીછરૂં=ઘણો ઊંડો નહિ તે
નેગાપટ્ટણ, મછલીપટ્ટણ, વિજાગાપટ્ટણ=મદ્રાસ ઇલાકામાં કોરોમંડળ કાંઠાપર બંદર છે.
ગંજામ મદ્રાસ ઇલા-કામાં બંદર છે
ભાઠું=નદીકાંઠાની રેતાળ જમીન
ચિતેગામ, આક્યિાબ=બ્રહ્મદેશના પશ્ચિમ કિનારા પર બંદર છે
ખનીજ તેલ=જમીન-માંથી નીકળતું તેલ, જેમકે કેરોસીન તેલ
ચિલ્કા=મદ્રાસ ઇલાકામાં ખારા પાણીનું સરોવર છે
તેજી=માલની આવ જા ઘણી થાય તે

સવાલ—કોલંબોમાં બધાં દેશની આગબોટો શા માટે આવતી હશે? કોલંબોનો આયાત તથા નિકાશ માલ કહો. પોંડેચરી કોને તાબે છે અને તેમાં શેનાં કારખાનાં છે? મછલીપટ્ટણનો નિકાસ માલ કહો. વિજાગાપટ્ટણથી કયો કયો માલ નિકાસ તથા આયાત થાય છે? ચિલ્કા શું છે, ક્યાં છે અને શાને માટે પ્રખ્યાત છે? કલકત્તા નામ પડવાનું કારણ શું? ચિત્તેગામ, આક્યિાબ બંદર ક્યાં છે, અને ત્યાં કયો માલ નિકાસ તથા આયાત થાય છે, તથા શું વધારે પાકે છે, અને એની હવા કોના જેવી છે? રંગુન ક્યાં છે, શું છે અને અહીંથી કયો માલ નિકાસ થાય છે?

પાઠ ૭૫.

વહીવટ=કારભાર
સંસ્થાન=દેશી રાજાનું રાજ્ય
ક્ષેત્રફળ=ક્ષેત્રનો વિસ્તાર
પ્રતિનિધિ=બીજાતરફથી

કામ કરનાર; એજંટ; મુખત્યાર
સેક્રેટરી=કારભારી
સંયુક્ત=જોડાએલા
હાઇકોર્ટ=મોટી અદાલત
નીમણુંક=ગોઠવણ
મંજુરી=પરવાનગી
હસ્તક=તાબે; હાથમાં
ઇંડિઆ ઓફિસ=હિંદની કચેરી
વાઇસરોય=રાજાને બદલે નિમાયલો અધિકારી

સવાલ—હિંદુસ્તાનમાં નાનાં મોટાં સંસ્થાનો કેટલાં છે? બ્રિટિશ હિંદુસ્તાનના પ્રાંતો શા માટે કર્યા છે? બ્રિટિશ હિંદુસ્તાનના પ્રાંતોનાં નામ દો. સર્વથી મોટાં દેશી રાજ્યો ગણાવો. હિંદુસ્તાનનો મુખ્ય અધિકારી કોણ અને તેની નીમણુંક કોણ કરે છે? વાઇસરોયને મદદ કરનારી સભામાં કેટલા સભાસદો હોય છે? અને દરેક સભાસદો કયા કયા ખાતાપર દેખરેખ રાખે છે? કયા કયા કામપર ગવર્નર જનરલ પોતે દેખરેખ રાખે છે? દરેક ખાતાનું કામ કરવા માટે કયા અધિકારીઓ નિમેલા છે અને તે કોના તાબામાં રહી કામ કરે છે? ગવર્નરો, મુખ્ય કમિશનરો અને રેસિડંટો, બ્રિટિશ હિંદુસ્તાનના કયા કયા ભાગ પર છે? મુખ્ય કમિશનરોને કઇ સત્તા નથી? શહેનશાહના પ્રધાનની સત્તા નીચે ક્યાં ક્યાં કામો છે? હિંદના વઝીરની ઓફિસ ક્યાં છે અને તે ઓફિસને શું કહે છે? ભુગોળના જવાબ માટે જુઓ.

હિંદુસ્તાનની સા૦ ભુગોળની પ્રશ્નોત્તરમાળા.

પાઠ ૭૬.

વાતાવરણ=(વાત=વા+ આવરણ=ઢાંકણ)પૃથ્વીની આજુબાજુ વીંટાયલો વા
ગળે નહિ ઉતરે=મગજમાં નહિ ઠસે.
પરપોટા=પાણીમાં વાને લીધે ઊઠી આવતા ફુકકા
અવકાશ=ખાલી જગા; માગ
વાયુશોષક=વા ખેંચી લેનાર
સિદ્ધ=સાબિત; નક્કી
દળ=કદ; જાડાઇ

ટન=૨૦ હંડ્રેવેટ	પ્રાણવાયુ=ઓક્સિજન	જન મળવાથી થએલો
કુમ=વાસણ	કાર્બોનિકએસિડગ્યાસ=	વાયુ; એ ઝેરી છે.
અવસ્થા=સ્થિતિ; હાલત	કાર્બોન અને ઓક્સિ-	

સવાલ—હવા વિષે શું જાણો છો? વાતાવરણ એટલે શું તે સમજાવો. ખાલી વાસણમાં શું હોય છે? હવા હોય તો તે સાબિત કરી બતાવો. હવામાં ભાર છે એ વાત શાથી સાબિત કરી શકશો? આપણા દરેકના માથાપર વાતાવરણનો કેટલો ભાર છે, એટલો ભાર છતાં આપણે ચુંદાઇ જતા નથી તેનું કારણ શું? હવા કેવો પદાર્થ કહેવાય? હવા ઘન નથી, તેમજ પ્રવાહી નથી તે સમજાવો. હવામાં મુખ્ય કયા કયા બે વા છે? દીવો દેવતા બળવાને અને શ્વાસ લેવાને કયો વા ઉપયોગી છે? ઓક્સિજન જો વધારે ઉપયોગી છે તો તેમાં બીજો વાયુ શા માટે ભેળ્યો છે? કોલગ્યાસ એટલે શું અને તે શી રીતે ઉત્પન્ન કરી શકાય?

પાઠ ૭૯.	પડઘો=સામો અવાજ	ધડો=દાખલો
અનુરૂપ=આબેહુબ; નકલે	ઘોર=અવાજ; ધ્વનિ	તોછડાઇ=હલકાઇ;
નકલ	પડઘમ=એક નાળ્યંત્ર	અવિવેક
અડખે પડખે=આજુ	પ્રતિધ્વનિ-(પ્રતિ+ધ્વનિ)	સભ્યતા=સજ્જનાઇ; વિવેક
બાજુમાં	સામો અવાજ;	જડ=નિર્જીવ
ખુંદી વળ્યો=ફરી વળ્યો	પડઘો	અદબ=માન; વિવેક

સવાલ—પડઘો એટલે શું? પડઘો શી રીતે થાય છે તે પ્રયોગથી સમજાવો. પડઘા ઉપરથી આપણે શું શિખામણ લેવી?

સમજુતી—દુનિયામાં જડ વસ્તુ પણ આબેહુબ જવાબ આપે છે, કે ગરીબ હોય અથવા રાજા હોય તોપણ તેઓ જેવું બોલે તેવુંજ સાંભળે.

પાઠ ૭૮.	તરંગ=તર્ક; બુદ્દા	ટાર=કોલસામાંથી નીકળતો પ્રવાહી ડામર
જુના જમાનાનો=અસલી વિચારનો	ગાઢનિદ્રા=ભરઊંઘ	કોલસાવાયુ=કોલગ્યાસ; જેના દીવા થાય છે તે ગ્યાસ
ગોદી=વહાણને લાંગરવાની જગા; બાંધેલી ખાડી	વિચિત્ર=નવાઈ જેવી	કાળાંતરે=વખત જતાં
અજાયબ=તાજુબ	બીજોયુગ=ત્રેતાયુગ, યુગ ચાર છે સત્ય, ત્રેતા દ્વાપર, કળિ	ખાણીઆ=ખાણમાં કામ કરનાર મજુર
ડામર=ખનીજટાર; જાડું કાળું પેટ્રોલ્યમ	ફર્ન=નેતરના જેવો ભેજવાળીજમીનમાં થતો છોડ	ખાડ=આફત
	છાંદી લઈ=બંધ કરી	

સવાલ—ખનીજ કોલસો શું શું ઉપયોગમાં આવે છે ? કોલસા શી રીતે બન્યા હશે ? કોલગ્યાસ શી રીતે બનાવે છે ? ખનીજ અને સાધારણ કોલસાનો મુકાબલો કરો.

પાઠ ૭૯.	ચકલી=ચાવી	સરેળા=રેળાસર
ટગરટગર=એકધ્યાનજરે; ધારી ધારીને	સેર=પાણીની ઉંચે ઊડતી ઝીણી ધાર	

સવાલ—લવજી એ ફુવારો ઉંચે ઊડે છે એ કેવી રીતે છોકરાને સમજાવ્યું તે તમે કહો. પાણીના કયા ગુણને આધારે ફુવારો ઊડે છે ?

પાઠ ૮૦.	માપવાનું યંત્ર; થર્મોમીટર	એકત્ર=એકઠા
પારો=એકજાતની સફેદ રંગની પ્રવાહી ધાતુ. એ ઠંડા મુલકમાં ઘન રૂપે હોય છે.	હિમબિંદુ=એ બિંદુપર પારો આવે ત્યારે પાણી ઠરી જાય છે.	વિસ્તાર પામે=ફેલાય
ગરમીમાપક યંત્ર=ગરમી	ઘટ=જાડો	આંકો=નિશાન
		માગ=અવકાશ

સવાલ—પારો શું છે? પારાનું રૂપ કેવું છે? પાણીથી કેટલા ગણો ભારે છે? એક વાસણમાંથી બીજા વાસણોમાં કયા ગુણને લીધે રેડી શકાય છે? હરકોઈ વસ્તુપર ગરમી અને ઠંડીની શી અસર થાય છે? પાણી ઉપર ગરમી અને ઠંડીની એકજ અસર થાય છે કે જુદી જુદી? થર્મોમિટરમાં પાણી ન ભરતાં પારો ભરવાનાં ખાસ કારણ સમજાવો. થર્મોમિટરની કૃતિ સમજાવો થર્મોમિટરમાં પારો શી રીતે ભરે છે? હિમબિંદુ ને ઉકળતા પાણીનું બિંદુ શી રીતે નકકી કરે છે? થર્મોમિટર યંત્ર કેટલી જાતના છે, અને તેમાં ફેર શુ છે, તથા એ શું ઉપયોગમાં આવે છે? (થર્મોમિટર યંત્ર ત્રણ જાતના છે) સેન્ટીગ્રેડ; ફારનહાઈટ, અને રોમર, સેન્ટીગ્રેડમાં ૦ થી ૧૦૦; ફારનહાઇટમાં ૦ થી ૩૨, અને ૩૨ થી ૨૧૨; રોમરમાં ૦ થી ૮૦ અંશ હોય છે. ફારનફાઇટ વધારે ઉપયોગી છે; કારણ કે હિમબિંદુ કરતાં ઓછી ગરમી એનાથી માપી શકાય છે.

પાઠ ૮૧.

સ્પષ્ટ=ખુલ્લું	દાંડો=હાથો	બંબો=પાણી ઉંચું ઉડાડ
	પડદો=પડ; આંતરો	લાગ=તક [વાનો સંચો

સવાલ—નીચેની હવાના દબાણથી પાણી નીચે પડતું નથી તે પ્રયોગથી સાબીત કરો. પાણી ભરેલા સીસામાંથી હવા શોષી લઇએ છીએ ત્યારે પાણી શા કારણથી મોંમાં આવે છે તે સમજાવો. પીચકારી ને બંબાની રચનામાં શું તફાવત છે?

પાઠ ૮૨.

ઉપયોગ=વાવર	ખેશ=સારો	સ્તંભ=કાચની નળીમાંની
વાયુભારમાપકયંત્ર=વાનું	ઇટાલિ યુરોપખંડની	પારાની ઉભી દાંડી
દબાણ જાણવાનો સાંચો	દક્ષિણમાં દેશ છે	સંભવ=આશા; ભરોસો
	પ્રત્યેક=(પ્રતિ+એક)=દરેક	ચેતવણી=અગમચેતી;

સૂચના	ગૂઢ=અઘરો	અનુમાન=અટકળ;
કોશીશ=યત્ન; મહેનત	પ્રવીણ=માહીતગાર	ધારણા

સવાલ—હવાના દબાણનો ઉપયોગ બંબાના કામમાં થાય છે કે બીજા કોઈ કામમાં થાય છે? કયા નિયમને આધારે વાયુભારમાપક યંત્રો બનાવ્યા છે? વાયુભારમાપક યંત્રની બનાવટ કહો. જેમ ઉંચે જઈએ તેમ હવાનું દબાણ ઓછું થવાનું કારણ કહો. સમુદ્રની સપાટીએ પારો કેટલા ઇંચની ઉંચાઈએ હોય છે? કેટલા ફુટની ઉંચાઈએ પારો એક ઇંચ હેઠે ઉતરે છે? વાયુભારમાપક યંત્રથી વરસાદ કયારે થશે અથવા તો તોફાન કયારે થશે એ જણાવવાનું કારણ સમજાવો. આપણા હિંદુસ્તાનમાં વાયુભારમાપક યંત્રમાં થતા ફેરફારની નોંધ કયાં રાખવામાં આવે છે, તેથી શો લાભ છે? પારાનો ઉપયોગ કયા કયા કામમાં થાય છે? બેરોમિટરમાંનો તમામ પારો નીચે ઉતરી ન પડતાં પારાની સપાટીથી ૩૦ ઇંચની ઉંચાઈએ રહેવાનું કારણ શું?

પાઠ ૮૩.	ફૂલમણી=ફૂલના ગોટાનું ઢાંકણ; પુષ્પકોશ	બીજાશય=(બીજ+આશય)=બીજને રહેવાનું
એકદળ=દાળ વગરના	વજ્રપત્ર=ફૂલના ઢાંકણના નાનાં પાંદડાં	ઠેકાણું
દ્વિદળ=બે દાળવાળા		દાંડી=ડીંટું
આડકતરાં=વાંકાચુંકાં	બાણુ બંધ બેસતો	રેસા=તાંતણા; તાર

સવાલ—વનસ્પતિના મુખ્ય કેટલા વર્ગ પાડી શકાય અને તે કયા કયા તે દાખલા આપી સમજાવો. ફૂલવાળી વનસ્પતિના કેટલા ભાગ પડે છે અને તે કયા કયા? એકદળ અને દ્વિદળ વનસ્પતિનાં બીમાંજ ફેર છે કે બીજા કશામાં ફેર છે? મૂળ, થડ ઉપરથી એકદળનું કે દ્વિદળનું શી રીતે જાણી શકાય? એકદળ અને દ્વિદળ વનસ્પતિના થડમાં શો તફાવત હોય છે? બંનેનાં પાંદડાંમાં શો ફેર છે? એ બંને વન-

સ્પતિના ફૂલમાં શો ફેર છે? એકદળ અને દ્વિદળ વનસ્પતિના મૂળ, થડ, પાંદડાં, ફૂલ અને ફળનો તફાવત ગણાવો. એકદળ અને દ્વિદળ વનસ્પતિના દાખલા આપો.

પાઠ ૮૪.

વજ્ર=ફૂલનું ઢાંકણુ
પુષ્પકોશ=પાંખડીવાળો ભાગ; ફૂલમણી
ઢાંકણુ=પડ; અસ્તર
કેસર=તંતુ; તાંતણા
ખાંચ=ખોબાણુ
પરાગકોશ=પરાગનો જથ્થો.
સમાંતર=(સમ+અંતર) =સરખે અંતરે
આતુરતા=ઉમેદ; ઇચ્છા; મરજી
સંયોગ=(સં=સાથે+યોગ =જોડાવું)=મેળાપ; ભેગા થવું તે

સવાલ—ફૂલમાં કયાં બે ઢાંકણુ છે? સ્રીકેસર અને પુંકેસરને અવસ્યની ઇંદ્રિયો શા માટે ગણવી? પુંકેસરમાં કયા કયા બે ભાગ છે? પરાગકોશની રચના સમજાવો. સ્રીકેસરના કેટલા ભાગ હોય છે અને તે કયા કયા? બધાં ફૂલમાં સ્રીકેસર અને પુંકેસર હોય છે? પુંકેસરમાંથી સ્રીકેસરમાં પરાગ લાવવામાં કોણ કોણ મદદ કરે છે? પરાગની રજકણુને કેટલાં ઢાંકણુ હોય છે, અને તે કયા કયા? બીજાશયમાં શું ભરેલું છે? બીજાંડમાં શું હોય છે? ફળ શાથી બંધાય છે? બીજાશય પક્વ થઈ તેનું શું થાય છે? ઇંડાનું શું થાય છે અને તે ક્યાં રહે છે? બીજને રોપવાથી શું થાય છે?

પાઠ ૮૫.

અપુષ્પ=(અ=નહિ+પુષ્પ ફૂલ) ફૂલ વગરની; અદળ
મુખ્યત્વે=ઘણું કરીને
પરિપક્વ=પુરા પાકા
સપુષ્પ=(સ=સાથે+પુષ્પ =ફૂલ) ફૂલવાળી
જળાશય=(જળ=પાણી +આશય=ઠેકાણું)= પાણીનું ઠેકાણું જેમકે નદી. તળાવ, કુવા, વાવ વગેરે
અદળ=અપુષ્પ; ફૂલ વગ-[રની
પાથરો=લાગલોજ
પિંડ=ગોળો
પંક્તિ=જાત- વર્ગ
સમુળગાં=બીલકુલ; મુદ્દલ
સમાશ=સમાવેશ
પાન=ઝીણાં પાંદડાં
વિચિત્ર=નવાઇ જેવી

સવાલ—હંસરાજ શું છે? હંસરાજને લોકો શા માટે રોપે છે? હંસરાજ ઘણું કરી ક્યાં ઊગે છે? હંસરાજ કયા મુલકમાં મોટા થાય છે અને કયા મુલકમાં મોટા થતા નથી? હંસરાજને પાંદડાં હોય છે કે નહિ અને પાંદડાં જેવું દેખાય છે તે શું? હંસરાજની નસો કોના જેવી હોતી નથી. અને કોના જેવી હોય છે? અપુષ્પ વનસ્પતિના દાખલા આપો. અપુષ્પ વનસ્પતિને કેવી વનસ્પતિ કહે છે? હંસરાજનો છોડ શી રીતે ઉત્પન્ન થાય છે? સેવાળ ને પાંદડાં વગરની વનસ્પતિના દાખલા આપો. ફુગ કેવી જગામાં થાય છે? બેક્ટિરીઆ નામનાં ઝીણાં જંતુ એ શું છે?

પાઠ ૮૬.

મંજરી=માંજર: ફૂલને ઠેકાણે બેસે છે તે

મોભ=છાપરાની વચમાંનો આડો થાંભલો

પરનાળ=પાણી ઝીલવાનું કે તેને એક ઠેકાણેથી બીજે ઠેકાણે પહોંચાડવાનું સાધન

સાવરણી ઝાડુ: વાળીને કાઢવાનું સાધન

મશાલ મોટો કાકડો

દામણાં=પશુને પગે બાંધવાના દોરડાં

ડોયો લાકડાની દાંડીનો મોટો પળો

તાસક=ઢાંકણું

સ્વાદિષ્ટ=સ્વાદવાળું

પુરણપોળી=વેડમી

કલ્પવૃક્ષ=ઇચ્છેલું આપે એવું સ્વર્ગનું ઝાડ

શૂળ=કાંટા

પરડા=બાવળની શીંગ

ટીશી=ખીલ્યા વગરના પાંદડાનો જથો

સવાલ—નાળિએરનું થડ કેટલું ઉંચું હોય છે? મંજરી ફુટયા પછી કેટલા વખતમાં નાળિએર બંધાય છે? સારી જમીનમાં ઊગેલી નાળિએરી પરથી વધારેમાં વધારે કેટલા નાળિએર ઉતરે છે? નાળિએરી કેટલા વરસ સુધી ફળે છે? નાળિએરના ઝાડના દરેક ભાગનો ઉપયોગ કહો. બાવળની છાલ, પરડા, બાવળ, ગુંદર, અને કાંટાનો ઉપયોગ ગણુવો.

પાઠ ૮૭.	અદ્યાપિ=હાલ સુધી	હગાર=લીંડી
હિંદી શહેનશાહત=બ્રિટિશ હિંદુસ્તાન	અણિશુદ્ધ=જેવું ને તેવું	સમીધ-અગ્નિ સળગાવવાની લાકડી
ઘેર=ઘેરાવો	રોગાન=રંગવામાં વપરાતું તેલ	વડવાઈ=વડની ડાળીમાંથી ફુટેલી દોરી જેવા ફાંટા
પાલાં=ખપેડાની ટટ્ટી	ઉધઈ=કાગળ, લુગડાં વગેરેમાં પાકેછે તે જંતુ	કબીરવડ=શુકલતીર્થની સામે ગંજાવર વડ છે તે
અસ્તર=માંહેનું પડ		
ઓપ=ચળકાટ		
ટકાઉ=ઘણો વખત ચાલે એવું	સળતું=કોહી જવું	
	ટેટા=વડનાં ફળ	ઘટા=ભરાવ

સવાલ—સાગ ક્યાં ક્યાં ઊગે છે, અને ત્યાં ઘણા ઊગવાનું કારણ શું ? સાગના પાંદડાંનું વર્ણન કરો. એ શું ઉપયોગમાં આવતાં હતાં ? સાગનું ઝાડ વધારે ટકાઉ શા માટે છે ? એમાંથી તેલ નીકળે છે તે શા ઉપયોગમાં આવે છે ? સાગના લાકડાનો વધારે ઉપયોગ થવાનાં કારણ કહો. વડનું વર્ણન કરો અને તેનો ઉપયોગ કહો કબીરવડ ક્યાં છે અને તેને માટે શું જાણો છો.

પાઠ ૮૮.	જંજાળ=ખટપટ	દાંડીવાળું સફેદ પાંખડીનું ફૂલ
યોગ્ય=લાયક; જોઈએ તેવાં; બંધબેસતા	ફણગો=અંકુર	
	પ્રસંગ=તક; વખત	ટમેટા=વિલાયતી વેંગણ
અધવચ=વચગાળે	પારિજાતક=એક જાતનું સુગંધીદાર કેસરીઆ	કલમ=રોપવા માટે ઝાડની કાપેલી ડાળી
સતેજ=વધારે જાગ્રત		

સવાલ—સમજુ માબાપો અને અણસમજુ માબાપોમાં ફેર શું ? માબાપોએ છોકરાની અવલોકન શકિત તથા જ્ઞાન મેળવવાની ઇચ્છાને દૃઢ કરવા માટે શા શા ઉપાયો લેવા ? નિશાળના બગીચાથી

શા શા લાભ થાય છે તે કહો. આ પાઠમાં જે ૭ વર્ગ પાડ્યા છે તે દાખલા સાથે કહો.

પાઠ ૮૯.	ખોળીઆ=શરીર	કોશેટો=લાંબી ગોળ દડી
રેશમ=હીર	સંજોગ=બનાવ; પ્રસંગ	ભરાવ=પુષ્ટ
રૂપાંતર=આકારમાં ફેરફાર; જુદા જુદા રૂપ	પુષ્ટ=જોરાવર	પરિપુર્ણ=સંપુર્ણ; સારી પેઠે
	ખાલ=ચામડી; ત્વચા	

સવાલ—પ્રાણીઓને ખોળીઆં શા માટે બદલવાં પડે છે? રેશમના કીડાનાં રૂપાંતર કહો. આ પાઠમાંથી શું શિખામણ મળે છે?

પાઠ ૯૦.	ત્વચા=ચામડી	સમતોલ=(સમ+તોલ) સરખું વજન
ઇંડું=એંડું	પોલ=પોલાણ	સેવે છે=હુંફાળા રાખે છે
ખાબા=ડાઘા	પૌષ્ટિક=પુષ્ટિકારક	શિરા=રક્તવાહિની; રગ; નસ
કોટલુ=કોચલું; ઢાંકણ	જરદી=ઇંડાની દાળ; ઇંડાની સફેદી વચમાંનો પીળો ભાગ	અદૃશ્ય=અલોપ; દેખાતું બંધ; ગૂમ;
રોગાન=એક જાતનું મિશ્રિત તેલ		

સવાલ—કયા કયા પ્રાણીઓ ઇંડાં મૂકે છે? શાહમૃગનું ઇંડું કેવડું હોય છે? પોલમાં શું હોય છે? નબળા માણસોને ઇંડાંનો કયો ભાગ ખવડાવવામાં આવે છે અને શા કારણથી? સફેદીની વચમાં શું હોય છે? ઇંડું આમ તેમ ફેરવ્યા છતાં બચ્ચાંને ધક્કો કેમ નથી લાગતો? ઇંડાંમાં ગર્ભ કયાં હોય છે તે બતાવો. ગર્ભનો ખોરાક શું છે? મરઘી કેટલાં ઇંડાં મુકે? મરઘીની ઇંડા સેવવાની હકીકત કહો. ઇંડાનું ચિત્ર કાઢી દરેક ભાગ બતાવો.

પાઠ ૯૧.	ઠેકડા=કુદકા	કપિઓ=પુછડી વગરના બે પગે ચાલનાર વાંદરા
લંગુર=વાંદરા; વાનર	છલંગ=ફાળ	વાંદર=વાનર; વાંદરો
નીલ=આખે ડીલે કાળા	ઝૂલ=ઉભા છોડ	

બળિએલ=ખારીલો	હાડપિંજર=હાડકાનું	અનુમાન કરે છે; ધારે
ગંધ=સોબત	પાંજરૂં	છે; અટકળ કરે છે

સવાલ—વાંદરા કેવા દેશોમાં જોવામાં આવે છે? વાંદરાના કેટલાક વર્ગ પાડી શકાય અને ને કયા કયા? પુંછડી વગરના વાંદરાની હકીકત કહો. ઉરાંગઉટાંગનો અર્થ શો અને એ વાંદરાં કયાં થાય છે? વાંદરા અને કપિને શા માટે મનુષ્યના નજીકના સગાં કહીએ છીએ? કપિ અને માણસમાં શું ફેર છે?

પાઠ ૯૨.	પત્થર	મુકરર=નક્કી
બેડોળ=(બે=નહિ+ડોળ	તણખા=ચીણગારીઓ	શિલ્પશાસ્ત્ર=કોતરકામની
=ઘાટ)કદરૂપા	ગરમાવો=ગરમી; હૂંફ	વિદ્યા
કલેડું=ઠીકરાની તાવી	ઓપેલાં=ઘસીને ચળ-	શ્રેષ્ઠ=ઉત્તમ; સૌથી
ચકમક=એક જાતનો	કતાં કરેલાં	સરસ

સવાલ—માણસોમાં પ્રથમ કેવી રીતે સુધારો થયો તે ટુંકમાં કહો.

પાઠ ૯૩.	તાલકું=ખોપરી ઉપરનો	કલેજું=કાળજું;પિત્તાશય
મગજ=ભેજું; માથાની	પૃષ્ઠ=ભાગ [ભાગ	રજ્જુ=તાંતણો; તાર;
અંદરનો ભાગ	જ્ઞાનતંતુ=જ્ઞાન કરાવનાર	દોરી
ઘડી=પડ	તાંતણા; મગજને ખબર	આરંભ=શરૂઆત
ખોપરી=મગજનો	પહોંચાડનારી ઝીણી	મજ્જાતંતુ=માંસના
ડાબડો	તાર જેવી નસો	સત્વની દોરી

સવાલ—મગજનું ઢાંકણ શેનું બનાવેલું છે અને તેને શું કહે છે? મગજના કેટલા ભાગ છે અને તે કયા કયા? મગજના મુખ્ય સ્થાન કયા કયા છે? મગજના મુખ્ય સ્થાનોમાં ધક્કો લાગે અથવા રોગ થાય ત્યારે શું થાય છે? મગજનો નાનો ભાગ કયાં છે તે

બતાવો. મગજના નાના ભાગનું કામ શું છે? આ પાઠમાં આપેલા ચિત્રનો નમુનો કાઢો અને મગજ તથા જ્ઞાનતંતુ વિષે સમજાવો.

પાઠ ૯૪.	મેલું	નળી
શ્વાસોચ્છ્વાસ=દમ લેવો	પોલ=અવકાશ; ખાલી જગા	ઉચ્છ્વાસ=દમ મૂકવો તે
ને દમ મૂકવો તે	ખંડ=ભાગ	બખોલ=પોલ
અસ્વચ્છ(અ+સ્વચ્છ)=	શ્વાસનળી=શ્વાસ લેવાની	ધમણ=વાયુ ફુંકવાનો સંચો

સવાલ—હૃદય અને ફેફસાં ક્યાં આગળ છે? ફેફસાં કેટલાં છે ને કયા કયા છે? ફેફસાં ક્યાં આગળ છે? ફેફસાંમાં કયો ગુણ છે કે તે લાંબું ટુંકું થાય છે? ફેફસાંમાં શી રીતે લોહી સ્વચ્છ થાય છે તે સમજાવો. ફેફસાં ફુલવાનું તથા સંકોચાવાનું કારણ સમજાવો. ફેફસાંની ક્રિયા કોને મળતી છે? ફેફસાની ક્રિયા ચાલતી બંધ થાય તો શું થાય? શ્વાસ નળી ને ફેફસાનું ચિત્ર પાડો.

પાઠ ૯૫.	બપક=બપકો	બો=ખરાબ વાસ
જરદી=પિળાશ પડતો	કસુંબી=કસુંબાનો રંગ;	છીપા=લુગડાં છાપનાર
નિચોવી=પાણી કાઢી	લાલ; રાતો	ગેરૂ=લાલ માટી
નાખી	કીરમજી=કીરમજના	હરડાંબેડાં=એક જાતનાં
પાપડખાર=સંચોરો	જેવો રંગ; ગુલબાસી	ફળ
કાંજી=લાહી; ખેળ	સુરખી=તેજી	એલીઝરીન=કોલટારમાંથી
સુરંગી=રાતો રંગ	મિશ્રણ=ભેગ; મેળવણી	કાઢેલો એક જાતનો રંગ

સવાલ—રંગરેજે કસુંબીના ભુકાનો રંગ શી રીતે બનાવ્યો અને તેમાં ફેંટો કેવી રીતે રંગ્યો? રંગ્યા પછી ઘઉના લોટની કાંજી અને લીંબુના રસમાં બોળી રાખવાનું કારણ શું? ગદલમાં લીંબુનો રસ મેળવવાથી ક્યા કયા રંગ બને છે? ગદલમાંથી કેસરી રંગ, અબ્બાસી તથા કીરમજી રંગો શું મેળવીને બનાવે છે? અસલ દેશી

પાકા રંગો શી રીતે બનતા હતા? ગળી ક્યાં ઊગે છે? ગળીને પકવવાની રીત કહો. છીપાએ કયા કયા બે મિશ્રણો લુગડાં છાપવા માટે તૈયાર કરી રાખ્યાં હતાં? એલીઝરીન શું છે ને તે શેમાંથી બનાવવામાં આવે છે તથા તેનો ઉપયોગ કહો.

પાઠ ૯૬.	ગૂંદે છે=કસણે છે	ચાક=કુંભારનું ચક્ર
લાદ=ઘોડા ગધેડાના લીંડા	મુલાયમ=નરમ [મટોડું	પેટુ=વચલો ભાગ
૯૬ વળે છે=નવાઈ જેવી કારીગીરી કરે છે	ગારો=પલાળીને કસણેલું	કાચકા=કાચકીનું ફળ
	ખીલડો=ખુંટો	ટપેરે=ટીપે

સવાલ—કુંભાર મટોડી ક્યાંથી લાવે છે? ગારો કેવી રીતે તૈયાર કરે છે? કુંભારના ચાકની રચના કહો. કુંભાર વાસણો શી રીતે બનાવે છે? કુંભાર વારંવાર હાથ શા માટે પલાળે છે? વાસણને ટીપવાથી શો લાભ? ભઠ્ઠીમાં વાસણો ગોઠવ્યા પછી શું કરે છે? ક્યાંનું કુંભારકામ વખણાય છે? કુંભારના ચાકનું ચિત્ર પાડો.

પાઠ ૯૭.	સાકડીનો કટકો [સાંધો	ઉચ્ચાલન=ઉંચું કરવું તે
ભુધું=લાંબો ને જાડો	કોણી=હાથની વચમાંને	ટેકો=ટેકણ

સવાલ—ઉચ્ચાલનમાં મુખ્ય કેટલા ભાગ હોય છે અને તે કયા? ઉચ્ચાલનના પ્રકાર કેટલા છે અને કયા કયા તે દાખલા આપી સમજાવો. ઉચ્ચાલનથી શા ફાયદા થાય છે? (યાંત્રિકશક્તિ ૭ છે. ઉચ્ચાલન, રેંટ ગરગડી, ઢોળાવ, ફાચર, ફેર અથવા પેચ)

પાઠ ૯૮.	નમુનો= ચિત્ર	વાટ=પૈડાપર લોઢાનો પાટો જડે છે તે
ગરગડી=ધરેડી	વેંત=બિલ્લસ	
રેંટ=પાણી કાઢવાનું ચક્ર	ખોભણુ=ખાડો	ગાળામાં=ખાલી જગામાં

સવાલ—ગરગડી વડે કુવામાંથી પાણી કાઢીએ છીએ ત્યારે ઉંચે ખેંચવાને બદલે શા માટે નીચે ખેંચીએ છીએ? ગરગડીનો ઉપયોગ શો છે?

પાઠવાર અઘરા શબ્દો તથા જોડાક્ષર.

(પા. ૧) અવશ્ય, બુદ્ધિ, સ્નાયુઓ, વિદ્વાન, પ્રયત્ન, ક્રિકેટ, સુસ્તી, મુખ્યત્વે, ઇંદ્રિયોની, બ્રહ્મચર્ય, ઉત્તમ, અશક્ત, મશ્કરી, આયુષ્ય. (પાઠ ૨) અકસ્માત, અણુધાર્યું, પ્રખ્યાત, ચિત્રામણ, દોર્યું, સ્વચ્છ, સૂઝી, ગૃહસ્થે, ચેત્યો, જાતિસ્વભાવ, યુદ્ધ, પીંછું, પ્રસન્ન. (પાઠ. ૩) અસ્વચ્છ, શ્વાસવાટે, કાર્બોનિક, એસિડ, ઝ્યાસ, ઉત્પન્ન, નિરંતર, પ્રયોગો, સિદ્ધ, નૈટ્રોજન, ઓક્સિજન, શુદ્ધ, કૃપાળુ, મૃત્યુ. (પા. ૪) ફેકેન, જવાંમર્દ, જવહ્સેજ, આયર્લાંડ, પુષ્કળ, ધૈર્ય, શ્રદ્ધા. (પા ૫) ગુરુભક્તિ, વિદ્યાર્થી, શિષ્યવર્ગમાં, શ્રીકૃષ્ણ, ગુરુપત્ની, શિષ્યો, વેઠ્યું, એકનિષ્ઠ, અમૂલ્ય. (પા. ૬) સ્વચ્છંદી, સુસ્ત, ઉંઘણસી, સાંભળ્યું, અત્રે. (પા. ૭) દ્વારામતી, વૃદ્ધ, પ્રતિઉત્તર, કૃષ્ણ-દર્શન, કૃષ્ણમંદિર, જડિત્ર, સ્ફાટિક, મૃદંગ, યોદ્ધા, પૃથ્વીપતિ, (પા. ૮) પુષ્ટિકારક, તંદુરસ્ત, સામર્થ્ય, ભવિષ્ય, જાગૃતિ, સ્થિતિ, નિતારી, દ્રાક્ષ, ઓછોવત્તો, મધાર્ક, અભિપ્રાય. (પા. ૯) દ્રાવિડ, ધર્મપુસ્તક, ધર્મશાસ્ત્ર, વેદધર્મી, વિષ્ણુ, દષ્ટ, વૈષ્ણવો, ગૌતમબુદ્ધ, બૌદ્ધધર્મી, જૈનધર્મીઓ, શ્વેતાંબર, બુદ્ધદેવ, તીર્થંકર, વૈરાગ્ય, સિદ્ધાંતોને, તુર્કસ્તાન, સ્તુતિ, સુન્ની, અગ્નિ, ચિહ્ન, ધર્મગ્રંથ, ખ્રિસ્તી, ઇસુખ્રિસ્ત, પ્રોટેસ્ટંટ કેથોલિક. (પા. ૧૦) મેગેસ્થિનીસ, સિક્કાઓ, સંક્ષિપ્ત, તામ્રપટ, ચંદ્રગુપ્ત, સેલ્યુકસ, ગ્રંથકર્તા, વ્યવસ્થા, વિશ્વાસુ, સહીસિક્કા, માલમિલ્કત, હુન્નર, ન્યાયાસન, બ્રાહ્મણ, શ્રવણ, મૃગચર્મ, વિદ્યાભ્યાસ, ભરગચ્છી. (પા. ૧૧) ઋગ્વેદસંહિતા,

વરૂણદેવની, સ્તુતિ, વસિષ્ઠઋષિ, તુમ, જમ્બુ, આશ્વિનીકુમાર, સમુદ્રયાન, સમુદ્રવાટે, ભૃગુકચ્છ, ફાહીયાન, છટ્ટા. (પા. ૧૨) શૃંગ, તત્કાળ, તુમે, હૃદય. (પા. ૧૩) છીંકું, નિર્મળ, મૂર્છના, છત્રી, ભરતઋષિ. (પા. ૧૪) મુશ્કેલ, અકસ્માત, પ્રસિદ્ધ. નોંધ્યા. (પા. ૧૫) બુદ્ધિ, અવતર્યો, અદ્ભુત, જિંદગી, જવાંમર્દી, સ્તબ્ધ, અટકાવ્યું. (પા. ૧૬) વિચિત્ર, અટસટ્ટો, નિંદવા, ગૃહસ્થાઇ, ચિઠીઆ, સ્વતંત્ર, પરતંત્ર, મિથ્યાભિમાન, રિવાજને, સ્થિતિ, મેગેસ્થિનીસે (પા. ૧૭) પત્નીની, ઉત્સાહ, વેઠવૈતરૂં, આશ્ચય, ધાર્મિષ્ઠ, આવડત્રેવડ. પ્રીતિ. રત્નનગરી, સંધ્યાકાળે, દ્રવ્ય, સાંભર્યો. (પા. ૧૮) વૈશ્ય, બ્રહ્મચર્ય ધર્મક્રિયા, ધર્મોપદેશ (પા. ૧૯) બ્રહ્માંડ, દુર્મતિ. (પા. ૨૦) કાર્લીની, ત્રીસેક, ચૈત્યો, શિલ્પકામની, સ્ત્રીપુરુષનાં મૂર્તિઓ, સ્થંભ, ભિક્ષુઓને, સૂર્યોદય, જિંદગી. (પા. ૨૧) કૃષ્ણા, હસ્તિનાપુર. (પાઠ ૨૨) ડાહ્યાભાઇ, દેવાનંદસ્વામી, હિતેચ્છુ, ઋતુવર્ણન. (પા. ૨૩) ધાર્મિક, વિશ્વાસઘાતી, ઢાંકયું, અન્નદાતા. (પા. ૨૪) મહાસ્વાદુ, મિષ્ટ, હર્યાં, નિર્મળાં, ઝર્યાં, ત્રુટિત. (પા. ૨૫) આથમ્યો, કુંપળ (પા. ૨૬) ઋષિઓએ, ચક્રવર્તી, નિમિત્ત, આકૃતિ, આશ્રમસ્થાન, ક્ષત્રિયવંશ, ધર્મદારા, શકુંત, શકુંતલા. (પા. ૨૭) કંઠલ્યા, વૃક્ષો, ઇશ્વરસ્તુતિ, સ્વાર્થ. (પા. ૨૮) ધર્મિષ્ઠ, વિશ્વામિત્ર, સર્વસ્વ, અર્ધીકાયા, સ્તબ્ધ, મૂંજતે, મુદ્દા. (પા. ૨૯) વિદ્યાર્થી, આદિત્યેશ્વર, ગરૂડેશ્વર, કાળભૈરવનું, પ્રદક્ષિણા. (પા. ૩૦) તૂટયો. (પા. ૩૧) અલૌકિક, બુદ્ધિ, ઊઠ્યું, પર્ણ-

કુટીમાં, અતિથિ. (પા. ૩૨) આશીર્વાદ, લુગડાંલત્તાં, ફાટાંતુટાં, વધ્યાસધ્યા, સંકલ્પ, મુશ્કેલી. (પા. ૩૩) નાસ્તિકપણું, છિદ્રવાટે, બ્રહ્માંડ, જ્ઞાનશક્તિ, શ્રદ્ધા, (પા. ૩૪) પ્રીતે, પતિતોદ્ધાર, ત્રિશ્વેશા, કૃતિ, નિર્ખી, જળનિધિ, નૃત્ય, વ્યાઘ્રો, વૃક્ષે, તરુવર. (પા. ૩૫) ભૂસ્તર, ગુમાસ્તા, સ્વાશ્રય. (પા. ૩૬) પોર્ટુગલ, લિસ્બન, યોદ્ધા, મોઝાંબિક, સિંહલદ્વીપ, મોલ્યુકા, સમૃદ્ધિ, સપ્ટેંબર. (પા. ૩૭) માર્કિવસ, ઓવ, વૂસ્ટર, જેમ્સ, ગ્લાસગો, શાઝ્ઝ, આટલાંટિક, એંજિનોની, નિર્ણય, પાંત્રીસ. (પા. ૩૮) હિંડોળા, શતપત્રી, કલ્હાર, ભૃંગ. (પા. ૩૯) જન્મ્યા. નિર્ધન, વલ્લભ, આશ્ચર્ય, શીઘ્ર, નળાખ્યાન, સુભદ્રાહરણ, કવિત્વશક્તિ. (પા. ૪૦) ધાર્મિક, દમાસ્કસ, પ્રપૌત્ર, અભ્યાસી, મુરબ્બી, દષ્ટિએ, (પા. ૪૧) હુન્નરો, ખ્યાલ, સંગ્રહસ્થાનો, ઇસ્પિતાલો, કિલ્લા, મનુષ્ય, કૃતિઓ, આશ્ચર્ય. (પા. ૪૨) દ્વેષી, ક્રુરપણું, પ્રફુલ્લતા, સ્વાર્થ, કૃત્ય, દ્વેષીલા, બ્રહ્મદત્ત, (પા. ૪૩) મીણબત્તી, ઊડયું. (પા. ૪૪) નિર્ણય, સ્તુતિ, સ્નેહી. (પા. ૪૫) આશ્વિન, આશ્ચર્યકારક, સ્પર્ધા, ઉત્સવ, છુટ્ટી, ચૌટામાંથી, સ્ફટિક, અષ્ટખુણ, કીર્તિસ્તંભ. (પા. ૪૬) સઝ્ઝયું, સુગ્રીવ, પત્તા, વિદ્ધિ, ત્રિભિષણ, ઇંદ્રજિત, કુંભકર્ણ, અશ્વમેધયજ્ઞ, વર્ણવ્યા. (પા. ૪૬. ભા ૨) ધૃતરાષ્ટ્ર, યુધિષ્ઠિર, ગદાયુદ્ધમાં, સ્વાર્થી, નિષ્ફળ, સ્વયંવર, મચ્છવેધ, ઇંદ્રપ્રસ્થ, યુક્તિ, દ્રોણાચાર્ય, ભિષ્મપિતામહ. (પા. ૪૭) ભિન્ન ભિન્ન, શબ્દોની, છિદ્રોવાટે, ક્રિયા, નિરર્થક, સ્વપ્નાં, નિરુદ્યમીને, નિસ્તેજ, કુસ્તીથી. (પા. ૪૮) વૈષ્ણવ,

સદ્ગ્રંથ, પતિવ્રતા. (પા. ૪૯) શ્લોકમાં, ઇત્યાદિ, વૃત્તિને, મરણશય્યામાં, સૃષ્ટિથકી. (પા. ૫૦) આત્રેયી, દંડકારણ્યમાં, અગસ્ત્ય, વાલ્મીકિને, વિપ્ર, અદ્ભુત, પ્રીતિ, અરુંધતી, ઋષ્યશૃંગ, કૌશલ્યાએ. (પા. ૫૧) વિક્રમ, પૂર્વે, સંવત્સર, મૃત્યુ, યુધિષ્ઠિરનો. (પા. ૫૩) આશ્રય, કીર્તિ, ઉર્મિથી, વૈતાલપચીસી, બરાસકસ્તુરી, ઉદ્યમકર્મસંવાદ, પ્રસિદ્ધ, ઉત્તેજન, સંસ્કૃત, નોંધ્યા. (પા. ૫૪) ક્રૂર, હૃદય, સૌમ્યનું. (પા. ૫૫) પ્રતિષ્ઠા, પ્રશ્ન, તપસ્યા, સત્પુરુષનું, દીર્ઘસૂત્રીની. (પા. ૬૫) મૂર્તિપૂજક, જાત્રાળુ, મુત્તલીબ અબ્દુલ્લાને, બાલ્યાવસ્થામાંજ, પુલંગન, કાષ્ઠપાષાણ, પરિપક્વ, તુચ્છકારી, નિષ્કામ, નિરુપાયે, શસ્ત્ર, પર્યંત, ઇસ્તુંબુલમાં (પા. ૫૭) ચઝદેઝર્દ, ધર્મગુરુ, તત્ત્વો, લગ્નવિધિમાં, અંકલેશ્વર, ખ્રિસ્તી,

અલાઉદ્દીન, જિલ્લાના. (પા. ૫૮) પૃથ્વીરાજ, ગીઝનીના, ટક્કર, શાહબુદ્દીન, ઉર્ફે, થાણેશ્વર, મિદ્દી, સંયુક્તાને, આશ્રિત, શબ્દવેધનો. (પા. ૫૯) યશસ્વી, કીર્તિ, તેજસ્વી, હર્ષવર્ધન, શિલાદિત્ય, ધર્મિષ્ઠ, દસ્તાવેજો, મદ્રેસાઓ, ફેળદુપ, ઉત્તેજનમાં, (પા. ૬૦) સ્વતંત્ર, બોજા, અસ્તવ્યસ્ત, વાઢી નાખ્યા, રીરસ્તા, અતિશયોક્તિ, હરહાર, ત્રેસઠ. (પાઠ ૬૧) યુદ્ધનીતિ, રાજ્ય-નીતિ, નામાંકિત, રાજ્યાધિકારી, કીર્તિવંત, નાવડ્યું, બુદ્ધિબળ, આર્યને, ત્વરાથી, ક્રૂર, સન્માન, ધર્મમંદિરો, દીર્ઘ, યુદ્ધનીતિ, પદ્ધતિ (પા. ૬૨) તિરસ્કાર, વ્હારે, સ્વામિભક્તિ. (પા. ૬૩) પ્રતિનિધિ, ઠઠ્ઠામશ્કરી, રત્નજડિત, ત્વરાથી. (પા. ૬૪) અમૃદ્ધિનો, ટેવર્નિઅર, રાજચિહ્ન, મુદ્દાં, તખ્તેતાઉસ. (પા. ૬૫)

ઉત્કંઠા, વિધ્નિ, મકકા, ચુસ્ત, સિક્કા, અણુવિશ્વાસ, રાજ્યાભિષેક, મંત્રી, નિષ્ઠા. (પા. ૬૬) નેપ્ચ્યુન, બૃહસ્પતિ. (પા ૬૭) નક્ષત્રો, ક્ષિતિજ, કલ્પી, સપ્તઋષિ, લુબ્ધક, ગોળાર્ધમાં, કૃતિકા, પુષ્પ. (પા. ૬૮) વિષુવવૃત્ત, વર્તુળ, રેખાંશવૃત્ત. (પાઠ ૬૯) વ્યાપારવાયુ, નૈઋત્ય, (પા. ૭૦) કાર્બોનિકએસિડગ્યાસ, સહ્યાદ્રિમાં, મહારાષ્ટ્ર, શૂરપાણીના, ગેરસપ્પાથી. (પા. ૭૧) દ્વીપકલ્પ, કન્યાકુમારી, કૃગટુપ. (પા. ૭૨) દિલ્હી, મછલીપટ્ટણ, ડેલહૌસી, બ્રહ્મપુત્રા. (પા. ૭૪) સ્નેહી, વિઝાગાપટ્ટણ, ચિલ્કા (પા ૭૫) મ્હૈસુર. (પા ૭૬) વાયુશોષક, નેટ્રોજન. (પા. ૭૭) ધ્વનિ, ધ્રુજતી, ઇંદ્રિયને, પ્રતિધ્વનિ, (પા. ૭૮) વિસ્મય, ઊંઘો, નિદ્રા, ગર્હા, (પા ૮૦) ઉષ્ણતામાપક, થર્મોમિટર, પા. ૮૧) ચત્તા. (પા. ૮૨) પ્રત્યેક. (પા. ૮૩) દ્વિદળ, ફૂલમણિ. (પા. ૮૪) પરિપક્વ. (પા. ૮૫) વનસ્પતિ, ઉત્પત્તિ, વૃદ્ધિ, સૂક્ષ્મદર્શક, બેક્ટિરિઆ. (પા ૮૬) હુક્કાનો, સ્વાદિષ્ટ. (પા. ૮૭) તુંગભદ્રા, અદ્યાપિ, અણીશુદ્ધ, (પા. ૮૮) બુદ્ધિશાળી, પ્રશ્નોના (પા. ૮૯) પૃષ્ઠ, બિડાએલી, ધિક્કારવું, પરિપૂર્ણ. પા. ૯૦) શાહમૃગ, ત્વચા, પૌષ્ટિક, વૃદ્ધ (પા. ૯૧) બ્રહ્મદેશ, આફ્રિકામાં, વર્તતા, વિદ્વાનો. (પા ૯૨) જન્મ્યા, સરૂપો, મુખ્યત્વે, હેળવ્યાં, શિલ્પશાસ્ત્ર શ્રેષ્ઠ (પા. ૯૩) પૃષ્ઠમાંથી, (પા ૯૪) શ્વાસોચ્છ્વાસ, સ્થિતિસ્થાપક, શ્વાસનળી, ઉચ્છ્વાસમાં, (પા. ૯૫) નિચોવ્યાં, અભ્યાસી, મિશ્રણમાં, સાલ્લાં, એલીઝરીન. (પા. ૯૬) ઝાલ્યું, ચોંટતો, (પા. ૯૭) ઉચ્ચાલન, ટેકણો (પા. ૯૮ ચંચુ.

અપૂર્ણાંકના કેટલાક ધ્યાનમાં રાખવા જોગ નિયમો.

(૧) અપૂર્ણાંકના અંશ એ ભાજ્ય અને છેદ એ ભાજક છે. (૨) કોઈપણ પૂર્ણાંક સંખ્યાને અપૂર્ણાંકમાં લખવી હોય તો છેદમાં એક લખવો. (૩) સમ અપૂર્ણાંકની કિંમત હંમેશાં એક કરતાં ઓછીજ હોય છે; કારણ કે એમાં અંશ (ભાજ્ય) કરતાં છેદ (ભાજક) વધારે હોય છે. (૪) વિષમ અપૂર્ણાંકની કિંમત હમેશાં એક અથવા એક કરતાં વધારે હોય છે કારણ કે એમાં અંશ જેટલાજ છેદ અથવા અંશથી છેદ ઓછા હોય છે. (૫) વિષમ અપૂર્ણાંકના અંશને છેદે ભાગી પૂર્ણાંક કાઢી શકાય છે, અને તેને ભાગાનુબંધ અપૂર્ણાંકનું રૂપ આપી શકાય છે. (૬) સમ અપૂર્ણાંકને ભાગાનુબંધ અપૂર્ણાંકનું રૂપ આપી શકાતું નથી. (૭) ભાગાનુબંધ અપૂર્ણાંક પૂર્ણાંક અને અપૂર્ણાંક મળીને થએલું છે. (૮) ભાગાનુબંધ અપૂર્ણાંકને વિષમ અપૂર્ણાંકનું રૂપ આપી શકાય છે. (૯) અપૂર્ણાંકના અંશ તથા છેદને એકજ રકમે ગુણવાથી અથવા ભાગવાથી અપૂર્ણાંકની કિંમતમાં ફેર પડતો નથી; માટેજ અપૂર્ણાંકના અંશ અથવા છેદ મરજી મુજબ લાવી શકાય છે. (૧૦) અપૂર્ણાંકોની કિંમત સરખાવવા માટે તેમને સમચ્છેદનું રૂપ આપવું. કારણ કે છેદ સરખા થયા વગર કયું અપૂર્ણાંક મોટું છે કે નાનું તે જાણી શકાતું નથી. (૧૧) અપૂર્ણાંકોના અંશ જુદા જુદા હોય પણ છેદ એક સરખાજ હોય તો જે અપૂર્ણાંકના અંશ વધારે હોય તે મોટું અને ઓછા હોય તે નાનું સમજવું. (૧૨) અપૂર્ણાંકના છેદ જુદા જુદા હોય પણ અંશ એક સરખાજ હોય તો જે અપૂર્ણાંકના છેદ ઓછા તે મોટું અને વધારે તે નાનું સમજવું. (૧૩) સમ અપૂર્ણાંકના અંશ તથા છેદમાં એકજ સંખ્યા ઉમેરવાથી અપૂર્ણાંકની કિંમત વધે છે.

(૧૪) નિયમ અપૂર્ણાંકના અંશ તથા છેદમાં એકજ સંખ્યા ઉમેરવાથી અપૂર્ણાંકની મળ કિમત કાયમ રહે છે અથવા ઓછી થાય છે. (૧૫) જુદા જુદા છેદવાળાં અપૂર્ણાંકોના સરવાળા બાદબાકી કરવા હોય તો તે બધાં અપૂર્ણાંકોનો સમચ્છેદ કરવો પછી સરવાળો કે બાદબાકી કરવાં. (૧૬) જુદા જુદા અપૂર્ણાંકોના સરવાળા, બાદબાકી એકઠા હોય તો તે બધાં અપૂર્ણાંકોનો સમચ્છેદ કરવો. પછી જેટલી વત્તાની રકમ હોય તેના અંશનો અને જેટલી ઓછાની રકમો હોય તેના અંશનો જુદો જુદો સરવાળો કરવો. પછી વત્તાની રકમના સરવાળામાંથી ઓછાની રકમનો સરવાળો બાદ કરી બાકી રહે તેટલા અંશમા લગી લઘુતમ છેદમાં લખવો. જો જવાબ અતિ સંક્ષેપરૂપમાં નહિ હોય તો અતિસક્ષેપ રૂપ આપવું. (૧૭) અપૂર્ણાંકના દાખલામાં જ્યારે એક કરતાં વધારે પદો કાંસમાં આપ્યા હોય ત્યારે હંમેશાં કાંસમાંના પદોનું પહેલાં સાદું રૂપ કરવું. અને કાંસની પહેલાં જે ચિહ્ન હોય તે સાદા રૂપને લગાડવું. (૧૮) એક અપૂર્ણાંકમાંથી બીજું અપૂર્ણાંક બાદ કરવાનુ હોય છે પણ બાદ કરવાના અપૂર્ણાંકની કિંમત વધારે હોય તો ઓછાના અપૂર્ણાંકમાંથી વત્તાનુ અપૂર્ણાંક બાદ કરી જવાબની પહેલાં ઓછાનુ ચિહ્ન મૂકવું. (૧૯) જુદા જુદા અપૂર્ણાંકોના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર એકઠા હોય ત્યારે ગુણાકાર ભાગાકારની રકમો કાંસમાં છે એમ સમજીને પહેલાં તેને સાદું રૂપ આપવું પછીજ સરવાળો બાદબાકી કરવાં. (૨૦) અપૂર્ણાંકો ગુણાકાર ભાગાકારના સંબંધમાં જોડાયલા હોય તો તે જે અનુક્રમમાં હોય તે અનુક્રમે ગુણાકાર ભાગાકાર કરવો. (૨૧) બે વિશેષ સંખ્યાનો ભાગાકાર કરતાં પહેલાં તેમને એક નામમાં આણવી પછી ભાગાકાર

કરવો. (૨૨) વિશેષ સંખ્યાને વિશેષ સંખ્યાથી ભાગી શકાય પણ જવાબ સાદી સંખ્યા આવે જેમકે ૨૫ રૂપીઆ ÷ ૫ રૂપીઆ=જવાબ પાંચ. (૨૩) સાદી સંખ્યાને વિશેષ સંખ્યાથી ભાગી શકાય નહિ પણ વિશેષ સંખ્યાને સાદી સંખ્યાથી ભાગી શકાય અને જવાબ વિશેષ સંખ્યા આવે (૨૪) અપુર્ણાંકના દાખલામાં કૌંસની પહેલાં કાંઈ ચિહ્ન ન આપ્યું હોય તો ગુણ્યાનું ચિહ્ન સમજવું. (૨૫) અપૂર્ણાંકના દાખલામાં જે રકમો કૌંસમાં હોય તેની એક બનાવવી અને જેટલી રકમોની વચ્ચે ના, ×, ÷, એ ચિહ્નો હોય તેટલી રકમની એક રકમ બનાવવી અને ત્યાર પછીજ સરવાળો બાદબાકી કરવાં. (૨૬) અપૂર્ણાંકના દાખલામાં "નો" વાળી રકમને ભાજક સમજવી અને તેટલા માટેજ "નો" વાળી રકમને ઉલટાવવી. (૨૭) અપુર્ણાંકનો દૃઢભાજક કાઢવો હોય તો તેમને સંક્ષેપ રૂપ આપી અંશનો દૃઢભાજક કાઢવો અને તેને અંશમાં લખી છેદનો લઘુતમ કાઢી છેદમાં લખવો. (૨૮) અપૂર્ણાંકનો લઘુતમ સાધારણ ભાજ્ય કાઢવો હોય તો તેને સંક્ષેપરૂપ આપી અંશનો લઘુતમ કાઢવો અને તેને અંશમાં લખી છેદનો દૃઢભાજક કાઢી છેદમાં લખવો. (૨૯) જે રકમને "ને" લાગ્યો હોય તે રકમને બીજી રકમે ભાગવી મતલબ કે "ને" વાળી રકમને ભાજ્ય સમજવી; માટે તેને ઉલટાવવી નહિ. (૩૦) અમુક રકમને કેટલાએ ગુણીએ તો આટલા આવે એમ કહ્યું હોય તો ભાગાકાર કરવો; કારણ ગુણ્ય અને ગુણાકાર આપેલા છે તે ઉપરથી ગુણક શોધી કાઢવાનો છે. (૩૧) કઈ રકમમાંથી આટલા બાદ કરીએ તો આટલા આવે એમ કહ્યું હોય તો સરવાળો કરવો. કારણ કે બાદ્યાંક અને બાદબાકી આપેલા છે તે ઉપરથી અધિકાંક કાઢવાનો છે.

અંકગણિતમાં વપરાતા કાર્યપ્રકાર ચિહ્નોની સમજ.

\+ (વત્તા) જે સંખ્યાની પહેલાં વત્તાનું ચિહ્ન હોય છે, તે સંખ્યા તેની પહેલાંની બીજી કોઈ સંખ્યામાં ઉમેરવાની છે એમ સમજવું. પણ અપૂર્ણાંકોના સરવાળા આદ્યાંકોમાં પહેલી રકમને વત્તાની રકમ સમજવી. જેમકે ૧૫+૧૨=૨૭

— (ઓછા) જે સંખ્યાની પહેલાં ઓછાનું ચિહ્ન હોય, તે સંખ્યા તેની પહેલાંની બીજી કોઈ સંખ્યાથી બાદ કરવાની છે એમ સમજવું. જેમકે ૧૫—૫=૧૦

× (ગુણ્યા) જે બે સંખ્યાની વચ્ચે ગુણ્યાનું ચિહ્ન હોય તે બે સંખ્યાનો ગુણાકાર કરવો. જેમકે ૭×૫=૩૫

÷ (ભાગ્યા) જે સંખ્યાની પહેલાં ભાગ્યાનું ચિહ્ન હોય તે સંખ્યા વડે તેની પહેલાંની સંખ્યાને ભાગવી, મતલબ કે જે સંખ્યાની પહેલાં ભાગ્યાનું ચિહ્ન હોય તે સંખ્યાને ભાજક સમજવી અને તેની પહેલાંની સંખ્યાને ભાજ્ય સમજવી. જેમકે ૧૮÷૯=૨. આમાં ૧૮ એ ભાજ્ય અને ૯ એ ભાજક છે.

ના જે બે રકમની વચ્ચે "ના" હોય તે બે રકમનો ગુણાકાર કરવો, "ના" ના સબંધથી જોડાએલી સંખ્યાઓ એકજ છે, મતલબ કે કૌંસમાં છે, એમ સમજી છુટી પાડવી નહિ જેમકે $\frac{૫}{૬}$ ના $\frac{૪}{૯}$ ના ૪[illegible] ના ૧[illegible]=[illegible]=૧[illegible]

(કૌંસ) $\{\ \ \}$ [કૌસ] કૌંસ પુરો. જે રકમ કૌંસમાં હોય તેને પહેલાં સાદું રૂપ આપવું. પહેલા કૌંસને નાનો, બીજાને વચલો અને ત્રીજાને મોટો કૌંસ કહે છે. પહેલાં નાના કૌંસને સાદું રૂપ આપવું. પછી વચલાને અને પછી મોટા કૌંસને આપવું.

જેમકે $\left\{ \frac{૫}{૮}\times\frac{૩}{૭}+(૧\frac{૨}{૫} \text{ના} \frac{૩}{૮}) \right\}$ $\frac{૭}{૫}\times\frac{૩}{૮}=\frac{૨૧}{૪૦}$, $\frac{૫}{૮}\times\frac{૩}{૭}=\frac{૧૫}{૫૬}$.

$\frac{૧૫}{૫૬}+\frac{૨૧}{૪૦}=\frac{૭૫+૧૪૭}{૨૮૦}=\frac{૨૨૨}{૨૮૦}=\frac{૧૧૧}{૧૪૦}$

=(બરાબર) જે બે રકમની વચ્ચે બરાબરનું ચિહ્ન હોય તે બે રકમ સરખી છે એમ સમજવું. જેમકે ૧રૂા.=૧૬ આના.

બ્રિટિશ હિંદના રાજકીય ભાગ.

હિંદના વાયસરોયની હકુમત નીચેના સઘળા મુલકને બ્રિટિશ હિંદ કહે છે. બ્રિટિશ હિંદમાં ચાર તરેહનાં રાજ્ય છે. (૧) બ્રિટિશ સરકારનો ખાલસા મુલક. (૨) નેપાળ, ભુતાનના સ્વતંત્ર દેશી સંસ્થાનો (૩) ફ્રેંચ ને પોર્ટુગીઝના સ્વતંત્ર સંસ્થાનો (૪) હિંદ માંહેલા દેશી ખંડીઆ રાજ્યો.

બ્રિટિશ હિંદના ખાલસા મુલકના રાજકીય ભાગ

પ્રાંતનું નામ.	મુખ્ય શહેર,	રાજ્ય ચલાવનાર હાકેમ.
૧. મુંબઈ ઇલાકો	મુંબઇ	ગવર્નર
૨. કુર્ગ	મર્કરા	ચીફ કમિશનર
૩. મદ્રાસ ઇલાકો	મદ્રાસ	ગવર્નર
૪. આંદામાન બેટો	પોર્ટબ્લેર	ચીફ કમિશનર

૫. બ્રહ્મદેશ	રંગુન	ગવર્નર
૬. આસામ પ્રાંત	શિલોંગ	ગવર્નર
૭. બંગાળા પ્રાંત	કલકત્તા	ગવર્નર
૮. બહાર ને ઓરિસા	પટણા	ગવર્નર
૯. આગ્રા તથા અયોધ્યાના સંયુક્ત પ્રાંતો	અલ્હાબાદ	ગવર્નર
૧૦. દિલ્હી પ્રાંત	દિલ્હી	ચીફ કમિશનર
૧૧. મધ્ય પ્રાંતો ને વરાડ	નાગપુર	ગવર્નર
૧૨. અજમેર ને મેરવાડા	અજમેર	ચીફ કમિશનર
૧૩. બ્રિટિશ બલુચિસ્તાન	ક્વેટા	ચીફ કમિશનર
૧૪. વાયવ્ય તરફની સરહદનો પ્રાંત	પેશાવર	ચીફ કમિશનર
૧૫. પંજાબ પ્રાંત	લાહોર	ગવર્નર

હિંદ માંહેલા દેશી રાજ્યોમાં નાનાં મોટાં મળી ૮૦૦ દેશી રાજ્યો છે. મોટું દેશી રાજ્ય હૈદ્રાબાદનું છે. દેશી રાજ્યોના મુખ્ય બે વર્ગ થઈ શકે. (૧) વડી સરકારની સીધી હકુમતમાં રહેલાં રાજ્યો. (૨) પ્રાંતિક સરકારની હકુમતમાં રહેલાં રાજ્યો, દરેક વર્ગમાં બે પ્રકારનાં રાજ્યો છે. (૧) પાસે પાસે આવેલાં દેશી રાજ્યોનો જથ્થો (એજન્સિ). (૨) છુટાં છુટાં આવેલાં જુદાં જુદાં રાજ્યો (સંસ્થાનો).

વડી સરકારના તાબામાં રજપુતના, મુખ્ય હિંદુસ્તાન, બલુચિસ્તાન, વાયવ્ય સરહદ અને કાઠિયાવાડ એ પાંચ એજન્સિઓ અને હૈદ્રાબાદ, વડોદરા, કાશ્મીર, મ્હેસુર એ ચાર સંસ્થાનો છે. એ દરેકમાં વડી સરકાર તરફથી એજન્ટ રહે છે, એજન્સિઓના ઉપરીને એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ ને સંસ્થાના ઉપરીને રેસિડંટ કહે છે.

સમાપ્ત